CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૩૭
તા.૧૬-૦૧-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૫
સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૫
તાપમાન
અમદાવાદ ૧૬.૭ | સુરત ૨૦.૬
ગાંધીનગર ૧૬.૦ | નલિયા ૧૩.૦
ચાંદી : ૩૯,૮૦૦ સોનું : ૩૦,૮૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

તોગડીયા ૧૧ કલાક ગૂમ થયા બાદ બેભાન મળ્યા

વિચાર વૈભવ...

મનોવલણ - એટિટ્યૂડ - નું મહત્વ !

આકાશને આંબતા એક વૃક્ષની ટોચ પર આવેલ ગરૂડના માળામાં એક દિવસ બરાબરની તૈયારી ચાલી રહી હતી. એ દિવસ એક ખાસ દિવસ હતો. નાનકડા ગરૂડબાળને હવે પ્રથમ ઉડાન ભરવાનો સમય થઈ ગયો હતો. ગરૂડપિતાએ એની સાથે ખુબ જ વિશ્વાસથી વાત કરી. બધું સમજાવ્યું અને કહ્યું, દીકરા! આજે તારે પ્રથમ વખત ઊડવાનું છે. ઊડવા અંગે તું બધું જ જાણે છે. બસ, આજે એ જ્ઞાન અમલમાં મુકી તારે આકાશને આંબી લેવાનું છે. યાદ રાખજે તું એક ગરૂડબાળ છે. જા! તારી પ્રથમ ઉડાનને અદભુત બનાવી દે!

ગરૂડપિતા પોતાના માળામાં ટટ્ટાર ઊભા રહીને આત્મવિશ્વાસથી ભરપુર અવાજે બોલતા હતા. પરંતુ નાનકડા ગરૂડબાળના મનમાં થોડીક શંકાઓ સળવળતી હતી. પિતાએ એનો વિશ્વાસ વધારતી ઘણી વાતો કરી પણ એના મનમાં ઘેરાયેલાં શંકાનાં વાદળો વીખરાતા નહોતાં. ઘણા બધા સવાલો એના મનમાં તોફાન મચાવી રહ્યા હતા. પિતાને પૂછ્યા વિના મનનું સમાધાન નહીં જ થાય એવું લાગતાં એણે પિતાની નજર સાથે નજર મિલાવીને પૂછ્યું, 'પિતાજી! હું ઊડવા માટે તૈયાર છું, પરંતુ મારા મનમાં થોડાક સવાલો છે. શું હું એ સવાલો તમને પૂછી શકું ખરો?'

'ચોક્કસ પુછી શકે! બોલ! શું પૂછવું છે તારે?' બાપે એક ગરૂડને છાજે એવી અક્કડતા સાથે કહ્યું.

'હું કેટલે દૂર સુધી જઈ શકીશ?' બચ્ચાએ પૂછ્યું.

'તું કેટલે દૂર સુધી જોઈ શકે છે?' બાપે સવાલરૂપે જવાબ આપ્યો.

'હું કેટલે ઊંચે સુધી ઊડી શકીશ?' આગળના પ્રશ્નનો બાપે આપેલ જવાબ બરાબર ન સમજાયો તેમ છતાં બચ્ચાએ બીજો પ્રશ્ન કર્યો.

'તું પૂરી તાકાતથી તારી પાંખો કેટલી પહોળી કરી શકે છે?' બાપે આ વખતે પણ એવો જ જવાબ આપ્યો.

'જો એકધારું ઊડું તો હું કેટલીવાર સુધી સતત ઊડી શકીશ?'

'ક્ષિતિજ કેટલી દૂર હોય છે એ તું જાણે છે? બાપે ફરીથી સામા સવાલરૂપે જ જવાબ આપ્યો. પછી કહ્યું, 'હા! એક વાત તને કહી દઉં કે ક્ષિતિજને એક ટેવ હોય છે, હંમેશા દૂર દૂર રહેવાની!'

બચ્ચાને બરાબર સમજાતું હતું કે નહીં એની તો એને ખુદને પણ ખબર નહોતી પડતી. પરંતુ એના મનમાં એ દિવસે વિચારોનું જે વાવાઝોડું ઊઠ્યું હતું. એ થંભવાનું નામ નહોતું લેતું. એણે ફરી એક વખત મનમાં ચાલી રહેલા વિચારોને પ્રશ્નનું સ્વરૂપ આપ્યું. એણે બાપને પૂછ્યું, 'મારે કેટલાં અને કેવાં સપનાં જોવા જોઈએ?'

'તું કેટલાં અને કેવા સપનાં જોઈ શકે છે?' બાપ પણ એ દિવસે ખરા વિચિત્ર જવાબો આપતો હતો.

'હું ઊડવામાં અને મારાં સપનાંઓ સાકાર કરવામાં કેટલી ખ્યાતિ પ્રાપ્ત કરી શકીશ?' બચ્ચાએ પૂછ્યું.

'તને તારી જાતમાં કેટલો વિશ્વાસ છે?' બાપે એવો જ જવાબ આપ્યો.

હવે ગરૂડબાળ બરાબર અકળાઈ ગયું. એક તો એ પ્રથમ વખત ઊડવાની તૈયારી કરતું હતું એનું ટેન્શન હતું, મનમાં અનેક સવાલો ઊઠી રહ્યા હતા અને બીજી બાજુ એનો બાપ એક પણ સવાલનો સરખો જવાબ નહોતો આપતો. એણે બાપને થોડીક ખીજ સાથે કહ્યું, 'મારા એક પણ સવાલનો તમે સરખો જવાબ કેમ નથી આપતા?'

'નહીં! બિલકુલ નહીં! મેં તારા બધા જ સવાલના બરાબર જવાબ આપ્યા છે!' બાપે કહ્યું.

'ના હો! તમે એક સવાલનો સીધો જવાબ આપ્યો જ નથી. તમે યાદ કરો, મારા દરેક સવાલના જવાબમાં તમે સવાલ જ પૂછ્યો છે. એને બરાબર જવાબ કહેવાય?' બચ્ચાએ રોષ ઠાલવ્યો.

'અરે મારા દીકરા! મારાથી બની શકે એટલા સ્પષ્ટ જવાબો તો મેં આપ્યા છે.' બાપે કહ્યું, 'તારા મનની શંકાનું સમાધાન થાય એવી મેં પૂરી કોશિશ કરી છે. પછી ભલે ને એ પ્રશ્નના જવાબમાં પ્રશ્ન તરીકે કેમ ન હોય?'

'પણ તમે તો માસ્ટર ગરૂડ છો! તમે મારા બધા જ સવાલોના જવાબ આપી જ શકો એમ છે. તમારા જેટલું આ બધી બાબતોનું જ્ઞાન બીજા કોની પાસે હોય! જો તમે પણ મારા આ બધા પ્રશ્નોના સરખા જવાબ નહીં આપો તો બીજું કોણ આપશે?' ગરૂડબાળે કહ્યું.

'તું! તું પોતે એ જવાબ આપી શકશે!' બાપે કહ્યું.

'હું?! હું કેવી રીતે?' બચ્ચાને નવાઈ લાગી.

'કારણ કે બેટા! તમારે કેટલું ઊડવું, કેટલું ઊંચે સુધી પહોંચવું, કેવાં સપનાં જોવાં, શું ધ્યેય પ્રાપ્ત કરવું, એ કઈ રીતે પ્રાપ્ત કરવું એ તમે પોતે જ નક્કી કરી શકો છો. તમારા માટે એ બીજું કોઈ નક્કી ન જ કરી શકે. દરેક ગરૂડ માટે આ દરેક પ્રશ્નની વ્યાખ્યા અને ઉત્તર બંને સાવ જુવા હોઈ શકે! તમારી તાકાત શી છે, તમારા હૃદયમાં શું પડ્યુ છે અને તમે ક્યાં સુધી આગળ વધી શકો એ તો તમે અને ઈશ્વર બે જ જાણી શકો. એટલે તેં જે સવાલો પૂછ્યા એના જવાબો પણ તું જ આપી શકે. તમારી શકિત તેમજ તમારી મર્યાદા તમારા પોતાના વિચારોથી જ નક્કી થતી હોય છે. તમે જો તમારી જાતને કોઈ મર્યાદામાં ન બાંધી દો તો તમને આગળ વધતા, ઊંચે ઊડતા કે આકાશને આંબતા રોકવાવાળું બીજું કોઈ નથી હોતું!' ગરૂડ બાપે કહ્યું.

'હું... ઉં...!' હવે બચ્ચાને કાંઈક સમજાયું. ઘડીક એ વિચારમાં પડી ગયું. પછી બેચાર ઊંડા શ્વાસ લીધા. બાપની સામે જોઈને બોલ્યું, 'મને હવે બધું સમજાય છે અને સ્પષ્ટ દેખાય છે! બસ, તમારા આશીર્વાદ જોઈએ છે!'

બાપે એના માથા પર પાંખ પસવારી. એણે પણ એ વહાલભર્યા સ્પર્શ સાથે એક ઊંડો શ્વાસ લીધો. પછી કહ્યું, 'મારા આશીર્વાદ તારી સાથે જ હોય દીકરા! હવે તારી પાંખો ફેલાવ, સામે ક્ષિતિજ સામે જો અને જા, આકાશને આંબી લે!'

બાપના અવાજમાં થોડીક ભીનાશ હતી પણ બચ્ચાની પાંખોમાં આખું આકાશ સમાઈ ગયું હતું.

ડૉ.આઈ.કે.વીજળીવાળા

શાહીબાગ કોતરપુર વોટર વર્કસ પાસેથી અર્ધબેભાન હાલતમાં મળી આવ્યા હતા : ચંદ્રમણી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા



અમદાવાદ

છેલ્લા ૧૧ કલાકથી લાપતા વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણ તોગડિયા બેભાન હાલતમાં અમદાવાદ એરપોર્ટ પાસે મળી આવ્યા છે. શાહીબાગની ચંદ્રમણી હોસ્પિટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. 'વિશ્વ હિન્દુ પરિષદ'ના આંતરરાષ્ટ્રીય નેતા પ્રવિણ તોગડિયાની રાજસ્થાન પોલીસે અટકાયત કરી હોવાની અફવા બપોરથી ચાલી રહી હતી. જોકે આ મામલે સોલા પોલીસનું કહેવું છે કે હાલમાં પ્રવિણ તોગડિયાની અટકાયત થઈ નથી. હાલમાં VHPકાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશને પહોંચીને હોબાળો મચાવ્યો હતો. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજસ્થાન પોલીસ દ્વારા રાજસ્થાનના ગંગાનગર જિલ્લામાં ૧૦ વર્ષ પૂર્વે થયેલા એક ખૂન કેસના મામલે સોલા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પ્રવીણ તોગડિયાના તમામ ઓળખ પત્રો પર ૫૦, વૈભવ બંગલો, સોલાનો નિર્દેશ કરેલો છે.

આ મામલે રાજસ્થાન પોલીસ દ્વારા સોલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તેમના ઘરે તાપસ કરી હોવાની નોંધ પણ કરવામાં આવી છે. જો કે, તેમના નિવાસસ્થાનેથી તેઓ મળી ના આવતા "વિશ્વ હિન્દૂ પરિષદ"ના કાર્યાલય ખાતેથી તેમની અટકાયત કરવામાં આવી હોવાનું વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો આક્ષેપ કર્યો હતો. આ કારણે જ તેમણે સોલા પોલીસ મથકનો ઘેરોઘાલીને દેખાવો યોજયા હતા. હાલમાં રાજસ્થાન પોલીસ અમદાવાદનાં સોલા વિસ્તારમાં પ્રવિણ તોગડિયા ઉપર ચાલી રહેલાં ૧૦ વર્ષ જુના ખૂન કેસનાં પુરાવા અંગે મળેલી ટિપ માટે અમદાવાદ આવી હતી. જે બાદ પ્રવિણ તોગડિયાની અટકાયતની અફવા વાયુ વેગે પ્રસરી ગઇ હતી.

૨૦ મી ફેબ્રુઆરી પછી રાજ્ય સરકાર બજેટ રજુ કરશેઃ રૂપાણી

અમદાવાદ

ગુજરાતમાં વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર તેના બજેટની તૈયારીમાં લાગી ગઈ છે. નાણાં વિભાગ તરફથી તડામાર તૈયારીઓ હાથ ધરાઈ રહી છે. આજે રાજકોટ ખાતે આર્મી ડે નિમિતે બાલભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે રાજય સરકારનું બજેટ ૨૦મી ફેબ્રુઆરી પછી રજુ કરવામાં આવશે. બજેટમાં તમભામ વર્ગોને ધ્યાનમાં રાખવામાં આવશે. સામાન્ય પ્રજાની આશાઅપેક્ષાઓ બજેટની રચનામાં ધ્યાનમાં લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે નવી સરકાર દ્વારા તેના પ્રથમ બજેટની રજુઆત કરાશે. મોટેભાગે ૨૦મી ફબ્રુઆરી પછી રાજય સરકાર તનું બજેટ રજુ કરશે.

નેતાન્યાહૂ અને મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં શિખર મંત્રણા

ભારત અને ઇઝરાયેલ વચ્ચે ૭ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરાયા

નવી દિલ્હી

છ દિવસના ભારત પ્રવાસે પહોંચેલા ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાહૂ અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હૈદરાબાદ હાઉસમાં ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી ત્યારબાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજી હતી. બંને દેશો વચ્ચે નવ સમજૂતિ ઉપર હસ્તાકષર કરવામાં આવ્યા છે. આ પહેલા નેતાન્યાહૂ આજે રાષ્ટ્રપિતાની સમાધી ઉપર શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં તેમને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાયબર સુરક્ષાને લઈને ભારત અને ઈઝરાયેલ વચ્ચે સહમતિ સધાઈ હતી. ફિલ્મ નિર્માણ, પેટ્રોલિયમથી લઈને ઈન્વેસ્ટમેન્ટ ઈન્ડિયા ઈન્વેસ્ટ ઈઝરાયેલને લને બંને દેશો વચ્ચે સમજૂતિ થઇ હતી. શૌર ઉર્જાના ક્ષેત્રમાં પણ બંને દેશો વચ્ચે સમજૂતિ થઇ છે. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં કેટલીક લાઈનો ઈઝરાયેલી ભાષામાં કહી હતી. નેતાન્યાહૂને દોસ્ત બીબી કહીને સંબોધન કર્યુ હતું. બંને દેશો વચ્ચે ફિલ્મ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સંરક્ષણ, મૂડીરોકાણને લઈને સહમતિ થઇ હતી.

શિખર મંત્રણા બાદ મોદી-નેતાન્યાહૂએ સંયુક્ત પત્રકાર પરિષદ કરી : રાષ્ટ્રપતિ ભવનમાં ઇઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહૂને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું

થરામાં પતંગની દોરીથી બાઈક ચાલકનું કરૂણ મોત

ઉતરાયણનું પર્વ પરપ્રાંતિય પરિવાર માટે ગોઝારૂ પુરવાર

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં પેટીયુ રળવા આવેલ રાજસ્થાનના પરિવાર નો ૨૫ વર્ષિય બહાદુરભાઈ પોતાના બીજા બે મિત્રો સાથે થરા પોલીસ સ્ટેશન સામેના બ્રિજ ઉપર બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ઉતરાયણનું પર્વ હોવાથી આકાશમાં રંગ બેરંગી પતંગો ચગાવતા પતંગ રસીયાઓ પતંગ ચગાવવા અને પેચ લડાવવા મશગુલ હતા ત્યારે બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલ બાઈક ચાલક બહાદુરને કાળનો કોળીયો બનીને આવેલ પતંગદોરી ગળાના ભાગે ફસાઈ જતાં બાઈક પલટી ખાઈ ગયું હતું જેથી બહાદુરભાઈનું ઘટના સ્થળ ઉપર જ કમકમાટી ભર્યુ મોત થવા પામ્યું હતું. આ સમાચાર વાયુવેગે પ્રસરતાં બહાદુરભાઈના કુટુંબીજનો દોડી આવ્યા હતા. અને લાશને પી.એમ.માટે થરા રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. આમ પતંગની દોરી એક બહાનું બની હતી. અને બાઈક સ્લીપ ખાતાં બહાદુરનું મોત થતાં ઉતરાયણનો તહેવાર રાજસ્થાની પરિવાર માટે ગોઝારો સાબિત થયો હતો.

પતિનું અકસ્માતમાં મોત થતા

સુરતમાં તિરૂપતી સાડીના માલીકની પત્નીએ આપઘાત કરી લીધો

સુરત

સુરત ટેક્સટાઈલ માર્કેટમાં જાણીતા એવા તિરૂપતિ સાડીના માલિકનું ટ્રક અડફેટે શુક્રવારે મોત થયા બાદ ચાર જ દિવસમાં તેમની પત્નીએ પોતાના બિલ્ડીંગના પાંચમા માળેથી કુદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાને પગલે બે બાળકો નોધારા બની ગયા છે સાથો સાથ સમગ્ર વેપારી આલમમાં શોકની લાગણી છવાઇ ગઇ છે. મળતી વિગતો અનુસાર, શુક્રવારે રાત્રે પોતાની ક્રેટા કાર વેસુ વીઆઈપી રોડ પર એક ટ્રક ચાલકે શહેરના જાણીતા તિરૂપતિ સાડીના માલિક આનંદ સુરેકાને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટના એટલી ક્રુર હતી કે, વેપારી આનંદ સુરેકાના શરીરના બે ટુકડા થઇ ગયા હતા અને તેમનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ બનાવ બન્યા બાદ ચાર જ દિવસમાં વેપારી આનંદ સુરેકાના ધર્મપત્ની શ્વેતાએ સિટી લાઇટ રોડ પર આવેલા સૂર્યા પેલેસના પાંચમા માળ પર આવેલા બાથરૂમમાંથી જંપલાવી અને આત્મહત્યા કરી લીધી હતી. પાંચમા માળેથી પાર્કિંગમાં પટકાયેલા શ્વેતાબેન સુરેકાનું પણ મોત થયું હતું. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે આનંદ સુરેકાના મોત બાદ તેમના પત્ની શ્વેતાબેન ગુમસુમ રહેતા હતા અને કોઇની સાથે વાતચિત પણ કરતા ન હતા.

દાંતાના રતનપુરમાં પતંગ ચગાવવાની બાબતે જુથ અથડામણ

રૂા. ૫૦૦૦ ની લૂંટ અથડામણમાં ૯ ને ઈજા : ત્રણને પાલનપુર સિવિલ ખસેડાયા

પ્રતિ. દાંતા

દાંતા રતનપુર ગામે પતંગ ચગાવવાની સામાન્ય બાબતે બે જુથો વચ્ચે અથડામણ અને મારામારી થતા ગામમાં સન્નાટો મચી જવા પામેલ છે. ઘર પાસે આવી કેમ પતંગ ચગાવો છે. તેમ કહી અપશબ્દો બોલી અને આબરૂ લેવાનો પ્રયાસ કરી ડાબા હાથે ધોકો મારી ઈજાઓ કરેલ અને બીજા ઈસમો ઉપરાણું લઈ આવી લાકડી, ધોકા, ધારીયું તથા પથ્થરો લઈ આડેધડ મારમારી બદાભાઈ, ભરતભાઈ તથા વિક્રમભાઈને માર મારી માથામા હાથે પગે. પીઠ પાછળ તથા સાથળમાં તેમજ શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત અન્ય ઈસમો દ્વારા ભરતભાઈના ખિસ્સામાંથી રૂ.૫૦૦૦ ની લુંટ કરી ગાડીના કાચ તોડી તથા ઘરના સિમેન્ટના પતરા તોડી નાંખી નુકશાન કર્યાની દાંતા પો.સ્ટે. ફરિયાદ નોધાતા દાંતા

અનુસંધાન પાના નં.૬

ઈજાગ્રસ્તોની યાદી

૧.વિરાભાઈ ધર્મોભાઈ સેનમા ઉ.વ. ૭૦, ૨.સમતિષભાઈ વિરાભાઈ સેનમા ઉ.વ. ૫, ૩. સુમિધાબેન કાળાભાઈ સેનમા ઉ.વ.૨૦, ૪.સુર્યાબેન વિરાભાઈ સેનમા ઉ.વ.૩૦, ૫.વાલાભાઈ ધર્મોભાઈ સેનમા ઉ.વ.૩૪, ૬.અળખીબેન બદાભાઈ સેનમા ઉ.વ. ૫૦, ૭.ભરતભાઈ બદાભાઈ સેનમા ઉ.વ.૨૨, ૮.વિક્રમભાઈ બદાભાઈ સેનમા ઉ.વ.૨૬, ૯. બદાભાઈ ઉમાભાઈ સેનમા ઉ.વ.૫૦

છાપી હાઈ-વે ઉપર બે કાર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

સુરેશ અગ્રવાલ

અકસ્માતમાં યુવકના અકાળે મોતથી ગમગનીઃઈકો કારનો ચલક ફરાર

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના છાપી નજીક મહેદીપુરાના પાટીયા પાસે રવિવાર બપોરે બે કારો વચ્ચે અકસ્માત સજાર્યો હતો. જેમાં કાર ચાલક સહીત બે જણાંને ગંભીર ઈજાઓ પહોંચી હતી દરમ્યાન સારવાર અર્થે લઈ જતાં સમયે કાર ચાલક યુવકનું માર્ગમાં મૃત્યુ થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર અમદાવાદ હાઈ-વે ઉપર આવેલ છાપી નજીક હાઈ-વે ઉપર પાલનપુર તરફથી આવતી મારૂતિઝેન અને સામેથી આવતી મારૂતિ ઈકો કાર સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂતિ ઝેનમાં બેઠેલા મહંમદ જુનેદ સુલીયા ઉ.વ.૧૯ (રહે. ચંગવાડા) તેમજ (તા.વડગામ) બન્નેને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે પાલનપુર તરફ લઈ જવાયા હતાં જો કે માર્ગમાં

અનુસંધાન પાના નં.૬

ગંગાસાગરના પાટિયા પાસે અકસ્માતમાં૧નું મોતઃ૩ ઘાયલ

પાલનપુરના યુવકનું માર્ગ અકસ્માતમાં મોત

સંજય જોષી

પાલનપુર

અમીરગઢ તાલુકાના ગંગાસાગર ના પાટીયા પાસે કાર ને નડેલા અકસ્માતમાં પાલનપુરના યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે ૩ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાલનપુર શહેરના ખારાવાસમાં રહેતા અને ભાજપના કાર્યકર અજીતસિંહ ઉત્તમસિંહ બોડાણા (ઉ.વ. ૪૫) અને કાર ચાલક રાજેન્દ્રસિંહ ચંદનસિંહ ચૌહાણ ગત સાંજે અમીરગઢ તાલુકાના ગંગાસાગરના પાટીયા પાસે કાર નં. જીજે. ૦૮. એઈ. ૬૭૧૮ લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાર ડિવાઈડર ઉપર ચઢી પલટી ખાઇ ગઇ હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં અજીતસિંહનું મોત નિપજ્યું હતુ. જ્યારે (૧) ચાલક ૩૦ વર્ષીય રાજેન્દ્રસિંહ ચૌહાણ રહે. પોલીસ હેડ ક્વાટર્સ, પાલનપુર (૨)રાકેશભાઈ ચેહરાભાઈ દેસાઈ ઉ.૪૨, રહે. સોનબાગ, પાલનપુર અને (૩) ધીરજ કાનજીભાઈ ઠાકોર ઉ.૩૮, રહે. ભાગળ (પીપળી) તા. પાલનપુરને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાયા હતા. યુવકનો મૃતદેહ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થઇ ગયા હતા.

પાલનપુરમાં પતંગ ચગાવવાની તકરારમાં હત્યાઃ મુખ્ય સૂત્રધાર ફરાર

ગુપ્તી વડે હુમલો થતા ૨૦ વર્ષીય યુવકની હત્યાઃ૨ આરોપી ઝડપાયા

પાલનપુર

પાલનપુરમાં પતંગ ચગાવવા જેવી નજીવી બાબત માં યુવક ની ગુપ્તિ ના ઘા મરાઈ હત્યા કરાતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે બે આરોપી ની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય સૂત્રધાર હજુ ફરાર છે.

પાલનપુરના બાવરી ડેરા ખાતે ગઈકાલે પતંગ ચગાવવાની તકરાર હત્યામા પરિણમી હતી. ગઈકાલે ઉત્તરાયણના દિવસે બાવરી ડેરા માં બે યુવકો પતંગ ચગાવી રહ્યા હતા. જોકે, પતંગ ની સામાન્ય બાબત ની તકરાર મા ગઈકાલે સાંજે બાવરી ડેરા ના પાંચ જેટલા ઈસમોએ અચાનક જબરસિંહ નામના યુવક પર ગુપ્તિ ના તીક્સન હથિયારથી ઘા કરતા યુવક ને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બાવરી ડેરામાં યુવક ની હત્યાને પગલે ડી.વાય.એસ.પી એ.આર. જનકાન્ત સહિત પશ્ચિમ પોલીસ નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને પોલીસે ગણતરી ના કલાકો માં હત્યા મા સંડોવાયેલા બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય સૂત્રધાર ફરાર હોઈ પોલીસે ફરાર આરોપી

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૫

તિથિદર્શન

પોષ વદ-૧૪ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ :અમાવસ મંગળવાર અમાવસની વૃદ્ધિ નક્ષત્ર:પૂર્વષાઢા રાત્રે ૭.૨૨ પછી ઉત્તરષાઢા યોગ :વ્યાઘાત કરણ :ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) રાત્રે ૨.૦૭ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

કરોતિ નિર્મલાધારસ્તુચ્છ સ્યાપિ મહર્ધતામ્ અંબુનો બિંદુસ્લ્યો અપિ શુકતૌ મુક્તા ફલં ભવેત

'વરસાદ જલ બિંદુ- ટીપું, સાવ નાનું અને તુચ્છ હોવા છતાં જો સાગરની છીપમાં પડે તો કીમતી મોતી બની જાય છે એ જ રીતે જે કોઈ નિર્મલ, સ્વચ્છ પદાર્થ- વ્યક્તિગત - સજ્જનનો સાથ- સંગમ- સમાગમ- સત્સંગ પામે તો દુર્જન પણ સજ્જન થઈ જાય પણ કીમતી થઈ જાય છે.'

ધનવાન અને મોટા કુળમાં જન્મ હોય પણ બાળક પટાવાળા- કામવાળા અને ઘરની સફાઈ- દેખરેખ રાખતા નાના કર્મચારી જેવા નીચા કુળના માણસ પાસે જ ઉછર્યું હોય તો બોલી અને ટેવો તેની જ અસરવાળી આવશે કારણ કે, મા- બાપનો પોતાની પ્રવૃત્તિ કે ધંધામાં પડ્યા હોય, પાછળ બાળકનું ધ્યાન આવાં લોકો પોતાની રીતે જ રાખતાં હોય છે, પરિણામે એમની જ બધી જ અસર બાળક પર આવવાની...

વાલિયા લૂંટારાને નારદજીનો ઘડીભર સત્સંગ થયો તો એમાંથી ઋષિ વાલ્મીકિ થઈ ગયા. સામાન્ય મેઘબિંદુ સમુદ્રછીપમાં પડે તો સાચું મોતી થઈ જાય! સત્સંગનો આ પ્રભાવ છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)પ્રવાસમાં હાનિ થાય. કાર્યબોજ હળવો બને.

વૃષભ : (બ.વ.ઉ.) જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.

મિથુન : (ક.છ.ઘ.)નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય. લાભની તક મળે.

કર્ક : (ડ.હ.) રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.

સિંહ : (મ.ટ.)મનની મુરાદ બર ન આવે. માનસિક અસ્વસ્થતા રહે.

કન્યા : (પ.ઠ.ણ.) યશ, માન, કીર્તિમાં વધારો થાય. ગૃહવિવાદ નિવારી શકશો.

તુલા : (ર.ત.) સ્નેહિજનથી મતભેદ રહે, જમીનને લગતા કાર્યોમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક : (ન.ય.) પડવા-વાગવાથી સંભાળવું. ભાગીદારીથી આર્થિક લાભ થાય.

ધન : (ભ.ફ.ધ.) ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

મકર : (ખ.જ.)મનની મૂંઝવણ દૂર થાય. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે.

કુંભ : (ગ.શ.સ.) કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે. કાર્યબોજ હળવો બને.

મીન : (દ.ચ.જ.થ.)ભાઇ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિક્ષણના તપોધન, શૈક્ષણિક સદાચારના ઉદાહરણ એવા મહાન શિક્ષણશાસ્ત્રી ડો. મનુભાઈ પ્રા.વૈદ્યની આજે જન્મતિથિ છે અને પુણ્યતિથિ છે. એમનો જન્મ ૧૬-૧-૧૯૦૫ ના રોજ સૌરાષ્ટ્રમાં જેતપુર ગામે થયો હતો.

પ્રથમ શુકલતીર્થની ગુરૂકુળ સંસ્થા અને પાછળથી એ જ સંસ્થા મુંબઈ ઘાટકોપરમાં ખસેડાઈ ત્યારે ત્યાં એમણે આજીવન સેવા આપી. મુંબઈ-મહારાષ્ટ્ર-ગુજરાત અને ભારતમાં સારા શિક્ષક, શિક્ષણના તત્વજ્ઞાનના નિષ્ણાત તરીકે મનુભાઈને 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકેનો રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત થયો હતો.

આ મહાન શિક્ષણશાસ્ત્રીનું ૧૬-૧-૧૯૬૬ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ..... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૧૬.૦૧.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૭૦૭ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

તા. ૧૫.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૪૫ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૯૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૦૭ પોઈન્ટ થી ૧૦૬૮૬ પોઈન્ટ, ૧૦૬૮૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૬૮૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૧૫.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૦૪૫ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૧૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૨૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૯૩૦ પોઈન્ટ થી ૨૫૯૧૯ પોઈન્ટ, ૨૫૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૮૪) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૬૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૯૭ થી રૂ.૧૭૦૯ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૪૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૧૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક રૂ.૧૪૪૭ થી રૂ.૧૪૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૪૯) :- રૂ.૯૩૦ નો પ્રથમ તેમજ રૂ.૯૨૩ ના બીજા સપોર્ટથી રીફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૬૩ થી રૂ.૯૭૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૯૧૬) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૩૩ થી રૂ.૯૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૯૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા સ્ટીલ (૭૮૨) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૬૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૯૩ થી રૂ.૮૦૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ડો.huœe (૨૪૩૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૪૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૪૧૭ થી રૂ.૨૪૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૪૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ઇન્ફોસિસ (૧૦૭૯) :- રૂ.૧૦૯૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૯૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૫૭ થી રૂ.૧૦૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૯૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

ગ્લેનમાર્ક ફાર્મા (૬૨૪) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૩૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૦૯ થી રૂ.૫૯૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

ટેક મહેન્દ્રા (૫૪૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૬૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૦ થી રૂ.૫૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

હિન્દ પેટ્રો (૪૨૪) :- રૂ.૪૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક PSU ઓઈલ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૧૮ થી રૂ.૪૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

દીઓદરમાં કોગ્રેસની જીલ્લા પંચાયતની ચુંટણીઓ માટે બેઠક યોજાઈ

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગુજરાત રાજયમાં બનાસકાંઠા જીલ્લા તથા ખેડા જીલ્લામાં જીલ્લા તથા તાલુકા પંચાયતની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ચુંટણીમાં બહાર પડાયેલ સીમાંકન બાબતે કોર્ટમાં અપીલો થયેલ છે. જેનો નિવડો આવ્યા બાદ ચુંટણીઓ જાહેર થવાની શક્યતા છે. જે અંતર્ગત આજરોજ દીઓદર આરામગુહ ખાતે કોંગ્રેસના કાર્યકરો, આગેવાનોની એક બેઠક યોજાયેલ.

બનાસકાંઠા જીલ્લા પંચાયતમાં આવતી દીઓદર, રૈયા, રાંટીલા, અને કોતરવાડા જીલ્લા પંચાયતની ચાર સીટો તથા દીઓદર તાલુકાની ૨૨ સીટો માટે કોંગ્રેસના ઉમદવારોની પસંદગી માટે આજે ફોર્મ ભરવામાં આવેલ. છેલ્લી ચુંટણીઓ કોંગ્રેસનો જીલ્લામાં સર્જાયેલ માહોલ આજે કોંગ્રેસ માંથી ચુંટણીમાં ઝંપલાવવા ટોળે ટોળાં ઉમટી પડેલ.

દીઓદર ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયાની ઉપસ્થિતિમાં અને દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ ના અધ્યક્ષ સ્થાને આજે ચુંટણી લડવા માગતા ઉમેદવારોએ તેમના દાવા રજુ કરેલ. કોંગ્રેસ પક્ષ આ ચુંટણીમાં જીલ્લા પંચાયતની ચારેય સીટો ઉપર કોંગ્રેસના મોટા ગજાના નેતાઓને ઉતારવાના મુડમાં જણાય છે. સાથે તાલુકા પંચાયત કબ્જે કરવા પણ ઉમેદવારોની પસંદગીમાં ભગીરથ પ્રયાસો આરંભ્યા છે.

આ પ્રસંગે યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ ભરતસિંહજી વાઘેલા, તા.સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ, જી.પી.સી.સી.ના સદસ્ય પ્રવિણસિંહજી વાઘેલા, પૂર્વ પ્રમુખ ભારતીબેન ચૌધરી, જબ્બરસિંહ વાઘેલા, કનુભાઈ પઢીયાર, સંવંતીભાઈ ઠક્કર, મગનજી પરમાર, કાળાભાઈ પટેલ, વાઘાભાઈ જોષી, મફતસિંહજી વાઘેલા, ડાયાભાઈ પટેલ, રાજુભાઈ દેસાઈ, રાજાભાઈ પટેલ, ઉમેદભાઈ પટેલ, ભુપતભાઈ સોની, દાઉદભાઈ મેમણ, ભરતભાઈ ઠાકોર, મુકેશભાઈ ઠાકોર, રાહુલભાઈ રાઠોડ, બળદેવભાઈ બારોટ, સહીતના કોંગ્રસના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેલ.

જે.ડી અજબાણી સર્વોદય પ્રા.શાળામાં શ્રી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી

ડીસા

શ્રી જે.ડી અજાબાણી સર્વોદય પ્રા.શાળા ડીસામાં તારીખ- ૧૨/૧/૨૦૧૮ ને શુક્રવારના રોજ શ્રી સ્વામી વિવેકાનંદની ૧૫૫ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સ્વામી વિવેકાનંદના ઉમદા ગુણો, એકાગ્રતા, સત્ય, નીડરતા બાળકોમાં વિકસે તે હેતુસર 'બાળકોના પ્રિય સ્વામી વિવેકાનંદ' વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની ૧૫ જેટલી પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો હતો. તમામ બાળકોએ પોતાની આગવી શૈલીમાં સ્વામીજીના પ્રસંગો રજૂ કર્યા હતા. ભગિની સમાજ બનાસકાંઠા ડીસાના અધ્યક્ષ શારદાબેન દિનેશભાઈ પટેલના સહયોગથી આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તૃતીય ક્રમે નૂતન ભારતી પ્રા.શાળા ડીસામાં અભ્યાસ કરતા ભટ્ટ પ્રણવ મુકુન્દભાઈ, દ્વિતિય ક્રમે આદર્શ પ્રા.શાળા ડીસામાં અભ્યાસ કરતા ઠક્કર પાવન રાજેશકુમાર અને પ્રથમ ક્રમે જે.ડી. અજબાણી સર્વોદય પ્રા.શા ડીસામા અભ્યાસ કરતી મિસ્ત્રી કિંજલ મનિષભાઈ રહ્યા હતા. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા મહેશભાઈ ભટ્ટ, કાન્તિભાઈ પટેલ અને શાંતિભાઈ પુરોહિતે ભજવી હતી. શાળના આચર્ય કિશોરભાઈ ત્રિવેદીએ આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત ભરતભાઈ કાંકરેચી, રાજુભાઈ સાંખલા, કિરણભાઈ દેસાઈએ કર્યું હતું. વિજેતા સ્પર્ધકોને ડૉ.દિનેશભાઈ પટેલ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીનલબેન ત્રિવેદીએ કર્યું હતું તેમજ આભારવિધિ અનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

ડીસા સહિત જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી

ડીસા

અબાલ વૃધ્ધ સહિત યુવાનોનો પ્રિય એવા ઉત્તરાયણ પર્વની જિલ્લાભરમાં આનંદ, ઉત્સાહ અને મોજમસ્તી સાથે ઉજવણી કરવામાં આવી હતી. ૧૪ મી જાન્યુઆરીનો સૂર્યોદય થતાની સાથે જ પતંગ રસિયાએ ધાબા અને અગાશી પર ચડી મોડી સાંજ સુધી પતંગ ચગાવી હતી. સવારે પવન ઓછો હોવાથી પતંગરસીકો માટે પતંગ ચગાવવાની થોડીક મુશ્કેલીઓ પણ પડી પણ બપોર બાદ પવન સારી હોવાથી પતંગ રસિકો ખુશ થઈ ગયા હતા. મ્યુઝીકની મસ્તી સંગે સામેવાળાના પતંગ કાપવાનો આનંદ સાથે 'એ કાપ્યો' જેવી ચિચિયારીઓ સાંભળવા મળી હતી. વળી આ વર્ષે ઉત્તરાયણ અને રવિવારનો દિવસ આવતા ઉત્તરાયણની મજા જાણે કે બેવડાઈ ગઈ હતી. ખાણી- પીણીની સાથે બાળકો યુવાનો યુવતીઓ ઉપરાંત મોટેરાઓએ પણ ધાબા પર આખો દિવસ ગાળ્યો હતો. ફિલ્મી અને નોન ફિલ્મી ગીતોના સથવારે ઉત્તરાયણનું પર્વ મોજમસ્તી સાથે ઉજવાયુ હતું. તો બીજી તરફ દાન- પુણ્ય માટે પણ લોકો ઉત્તરાયણના પર્વ એ આગળ આવ્યા હતા. ઠેરઠેર પશુઓને ઘાસચારો તેમજ જરૂરિયાતમંદોને યથાશક્તિ અન્ન - વસ્ત્ર અને ઘાસચારાનું પણ દાન કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું.

ડીસા સહિત જિલ્લાભરમાં ઉત્તરાયણના પર્વને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પતંગ ચગાવવાની સાથે સાથે લોકોએ દાન- પુણ્ય અને સેવાકીય કાર્યોમાં પણ હાથ લંબાવ્યો હતો. પતંગોથી ઘાયલ થયેલ પક્ષીઓ માટે પણ અનેક સંસ્થાઓ કામે લાગી ગઈ હતી. પણ લોકોની જાગૃતતાથી દર વર્ષ કરતાં અનેક બનાવો ઓછા થયાના સમાચારો મળી રહ્યા છે. ઉત્તરાયણના દિવસે કુટુંબીજનો સાથે ઘરના ધાબા પર જઈ પતંગ ચગાવતા ફોટાઓ પણ સોસીયલ મીડિયામાં મુકવાનો નવો ટ્રેન્ડ જોવા મળ્યો હતો.

ફિલ્મી અને નોન ફિલ્મી સાથે ગુજરાતી ગીતોની ધુમ

ઉત્તરાયણ પર્વમાં પતંગ સાથે મ્યુઝિક પણ હવે પર્યાય બની ગયુ છે. પતંગરસિકોએ ધાબા અને અગાશી પર મ્યુઝીક સિસ્ટમો ગોઠવી દીધી હતી. જેમાં આ વખતે ફિલ્મી અને નોન- ફિલ્મી ગીતોની સાથે સાથે 'ના બોલો તો કંઈ નહીં...' 'રાણા શેરમા...' જેવા ગુજરાતી ગીતોએ ધૂમ મચાવી હતી.મેમરીકાર્ડ સીડી અને ડીવીડીમાં મનપસંદ ગીતો ભરાવી પતંગ ઉડાડવાની મોજ માણી હતી. ઉત્તરાયણમાં ચાર ચાર બંગડીવાળી... ઉપરાંત રાણા શેરમા... ઉડી પતંગ... જેવા ગીતોની ધુમ જોવા મળી હતી. ઉપરાંત હિન્દી ફિલ્મોના જુના- નવા ડીજેના ગીતોનો સુર પુરાવી અનોખી રીતે મજા માણી હતી.

ભાખરી પાસે અકસ્માતમાં વજેગઢના પિતાપુત્રને ગંભીર ઇજા

પ્રતિ. થરાદ

થરાદ તાલુકાના વજેગઢ ગામના પ્રધાનજી વાંકજી ઠાકોર ઉ.વ.૩૬ તેમના પાંચ વર્ષના પુત્ર કરણ સાથે સોમવારના સાંજના સુમારે મોટરસાયકલ પર આવી રહ્યા હતા.જેમને વાવ તાલુકાના ભાખરી પાસે કોઇ વાહને ટક્કર મારતાં તેઓ નીચે પટકાતાં બંન્નેને ગંભીર ઈજાઓ થવા પામી હતી.જેમને ૧૦૮માં સારવાર માટે થરાદની સરકારી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયા હતા.જેમને જીપડાલાએ ટક્કર મારી હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

ભાભરની દુકાનમાં આગ ભભુક્તા દોડધામ

વનરાજસિંહ રાઠોડ

ફર્નીચર અને શાકભાજી બળીને ખાખ

તા પ્રતિ. ભાભર

ભાભર હાઈવે રોડ ઉપર આવેલ સલૂનની એક દુકાનમાં ઉત્તરાયણની વહેલી સવારે આગ લાગવાથી ફર્નીચર અને શાકભાજી સળગીને ખાક થતાં નુકશાન થવા પામ્યુ છે. જાણવા મળતી વિગત મુજબ ભાભર રાધનપુર હાઈવે ઉપર આવેલ માળી પાર્લરની બાજુની અરજણભાઈ નાયીની હેર કટીંગની દુકાનમાં ઉત્તરાણની વહેલી સવારે સોર્ટ સર્કીટથી આગ લાગી હતી.

સવારે દુકાનમાંથી ધુમાડો નીકળતા લોકો દોડી આવીને શટર ખોલીને પાણીનો મારો ચલાવ્યે હતો. અને પાલીકાના ફાયર ફાઈટરને જાણ કરતા તરત આવીને આગ બુજાવી હતી. જેના કારણે આજુ-બાજુની દુકાનોમાં નુકશાન ટળ્યું હતું. પરંતુ દુકાનનું ફર્નીચર અને તેમા રાખેલા શાકભાજી બળી જતાં દુકાન માલિકને મોટું નુકશાન થવા પામ્યુ છે.

દીઓદરમાં બલ્ડ ડોનેશન કેમ્પ

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

લાયંન્સ કલબ દીઓદર દ્વારા મહાદેવ મંદીર હોલમાં બ્લડ ડોનેશન કેમ્પ તા.૧૪ના રોજ યોજવામાં આવેલ. આ બલ્ડ ડોનેશન કેમ્પ તા.૧૪ના રોજ યોજવામાં આવેલ. આ બલ્ડ કેમ્પમાં ૧૦૦ જેટલી બલ્ડની ડોનેશન રક્તદાતાઓ દ્વારા કરવામાં આવેલ. આ કેમ્પનો સહયોગ માળી રાજુભાઈ ઉદાભાઈ પરીવારે આપેલ. આ પ્રસંગે લાયંન્સ કલબ દીઓદરના પ્રમુખ પી.ડી.જોષી, પ્રદીપ શાહ, સહીત લાયંન્સના મિત્રો તથા દાતા પરિવાર ઉપસ્થિત રહેલ. શીબીરનું ઉદઘાટન વી.કે. વાઘેલા હાઈસ્કુલના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા તથા આચાર્ય ભાટીભાઈ આદિના હસ્તે કરવામાં આવેલ.

ભા.વિ.પ ડીસા શાખા દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવાઈ

ડીસા

જે દેશ પોતાના ઈતિહાસને કે મહાપુરુષોને યાદ કરીને તેમના જીવનમાંથી કશુંક શીખવાનો પ્રયત્ન કરે છે.તે દેશ જ પ્રગતિ કરી શકે છે.

ભારત વિકાસ પરિષદ, ડીસા શાખા દ્વારા રાષ્ટ્રના મહાપુરુષ સ્વામી વિવેકાનંદની ૧૫૫ મી જન્મ જયંતિ પ્રસંગે સરદાર બાગની સામે આવેલી સ્વામીજીની પ્રતિમાને માલ્યાર્પણ કરીને તેમના જીવન વિશે માહિતી આપી. આ પ્રસંગે શાખાના મહામંત્રી જયેશભાઈ દેસાઈ, પૂર્વ પ્રમુખ પરેશભાઈ જીવરાણી, રમેશભાઈ શાહ, લલીતભાઈ સોની, પારસભાઈ ત્રિવેદી, કાન્તિભાઈ દોશી, કિર્તિભાઈ ખંડેલવાલ મહેશચંદ્ર ભટ્ટ, ચંદુભાઈ એ.ટી.ડી વ્રજેશભાઈ સોની વગેર કાર્યકરોએ ઉપસ્થિત રહીને વિવેકાનંદના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લીધો.

ચીમનગઢ પ્રા.શાળામાં ૧ દિવસીય એસ.એમ.સી. તાલીમ

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાની ચીમનઢ પ્રા.શાળામાં એસ.એમ. સીના ૪ ચાર સભ્યો અને ૨ બે તજજ્ઞની તાલીમ યોજાઈ ગયેલ આ તાલીમમાં આરટીઈ ૨૦૦૯, વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા, સ્પેશીયલ ટ્રેનીંગ, સિજનેબલ હોસ્ટેલ, સ્થાંળતર, શાળા સ્વચ્છતા, કસ્તુરબા ગાંધી વિદ્યાલય, અધ્યયન નિષ્પતિઓ અને એસ.પી.ડી નો સંદેશ વગેરેની ચર્ચા કરેલ આ તાલીમમાં એસ.એમ.સી. ના સભ્યોમાં શંકુલેન વાઘાભાઈ ચૌધરી, ગીતાબેન સુરેશભાઈ ચૌધરી કમલેશભાઈ બારૂપાલ, વિમુબેન ઠાકોર, રમેશભાઈ દેસાલ (તજજ્ઞ) તથા શાળાના આચાર્ય બળવંત ઠાકોર હાજર રહેલ.

દુઃખદ નિધન

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાના આસેડા ગામના વતની અને 'રખેવાળ' ના પત્રકાર પ્રજાપતિ ભરતભાઈ ચહેરાભાઈનું ગત ઉત્તરાયણના પાવન દિવસે લાંબી બિમારી બાદ નિધન થયું છે. જેથી ગામમાં શોકની લાગણી છવાઈ છે. સ્વ.નું બેસણું તા. ૧૭/૧/૨૦૧૮ ના રોજ રાખેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

હિન્દવાણી રાજપુત સમાજનું ગૌરવ

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકા ના ચાળવા ગામના વતની અને હિન્દવાણી રાજપૂત સમાજ ના તેજસ્વી તારલા રાજપુત ભરતભાઈ કરશનભાઈ એ મેડિકલ ક્ષેત્રે (MBBS) લેવલે લેવાતી MCI ની પરીક્ષા માં પ્રથમ પ્રયત્ને પાસ કરી જલવંત સિદ્ધિ મેળવી છે

લાખણી તાલુકા ના લવાણા ગામે આવેલ માનવનિકેતન ટ્રસ્ટ અને હિન્દવાણી રાજપુત કેળવણી મંડળ ના મંત્રી કરશનભાઈ અગરાભાઈ રાજપુત (ચાળવા) ના પુત્ર અને હિન્દવાણી રાજપુત સમાજ ના તેજસ્વી તારલા એવા રાજપૂત (વાઘેલા) ભરતસિંહ કરશનભાઈ એ મેડિકલ ક્ષેત્ર ના MBBS જેવા કોર્સ માં પ્રવેશ મેળવી સ્ક્રૈં ની પરીક્ષા માં ૩૦૦ માંથી ૧૯૮ માર્કસ મેળવી જલવંત સિદ્ધિ હાંસલ કરી છે જોકે ભરતસિંહ રાજપુત સમગ્ર હિન્દવાણી રાજપુત સમાજ પરગણા માંથી અને માનવનિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી વિધામંદિર શાળા માંથી પાસ થઈને MBBS ની ડીગ્રી મેળવી રાજપૂત સમાજ નું ગૌરવ વધાર્યુ છે MBBS ની પરીક્ષા માં સિદ્ધિ હાંસલ કરનાર આ વિધાર્થી ને હિન્દવાણી રાજપૂત સમાજ કેળવણી મંડળ ના પ્રમુખ ડો.યુ.કે.રાજપુત સહિત વિદ્યામંદિર શાળા પરિવાર તરફથી બિરદાવામાં આવ્યો હતો.

મુડેઠા વડલાપુરા ગામેથી દેશી દારૂ ગાળવાનો વોશ ઝડપાયો

પ્રતિનિધિ મુડેઠા

જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એચ.ચૌધરી દિયોદર વિભાગ તથા સર્કલ પો.ઈન્સ. શિહોરીના માર્ગદર્શન હેઠળ ભીલડી પો.સ.ઈ. એસ.વી. આહીર સ્ટાફના માણસો સાથે ભીલડી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મુડેઠા વડલાપુરા ગામમાં ગમનજી વદનજી રાઠોડને ત્યાં રેઈડ કરતાં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૧૦૦ કિ.રૂા. ૪૦૦/- નો મળી આવેલ. આથી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

થરા જીવદયા સેવા સમિતિ થરા દ્વારા ઘાયલ પશુ-પક્ષી બચાવો સારવાર કેન્દ્ર

તાલુકા પ્રતિનિધિ થરા

ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીઓનો જીવ બચાવવા ૧૪મી જાન્યુઆરી ના રોજ સવારે ગોકુળ નગર સોસાયટી ના નાકે જીવદયા સેવા સમિતિ થરા દ્વારા કાંકરેજ ધારાસભ્ય કર્તીસિંહ વાઘેલાના હસ્તે રીબીન કાપી કેમ્પને ખુલ્લો મુક્યો હતો.આ કેમ્પમાં કુતરા માટે રોટલી, ગાય માટે ઘાસ અને પાણીના કુંડા, કુતરા માટે ચાટ, પક્ષીઓ માટે માળા, પક્ષીઓ માટે પાણીના કુંડા વગેરે સેવાકીય કાર્યો કેમ્પમાં કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં વેટરનરી ડોક્ટર અને પશુધન નિરીક્ષક મનોજ.સી.સાધુ દ્વારા આ કેમ્પમાં સેવા પુરી પાડવામાં આવી હતી આ કાર્યકર્મમાં કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ પી.વાઘેલા, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ડિરેક્ટર આચરતલાલ સી. ઠક્કર, વરિષ્ઠ પત્રકાર યશપાલસિંહ ટી.વાઘેલા, વહેપારી અગ્રણી મહાદેવભાઈ ઠક્કર, વસંતભાઈ ખત્રી, નિરંજનભાઈ ઠક્કર, રાજુ ઠક્કર - લાટી, ગણપતગીરી ગૌસ્વામી, વસંતલાલ ઠક્કર, વિજયભાઈ ઠક્કર - ટેસ્ટી, રમેશભાઈ દરજી, જે.વી.માસ્ટર, સોમાભાઈ પંચાલ, શક્તિસિઁહ ઝાલા, માનસુંગભાઈ પટેલ, અશોકભાઈ મામતોરા, ઝેણુભા વાઘેલા તેમજ ભાજપના તમામ હોદેદારો, પદાધિકારીઓ, કાર્યકરો અને જીવદયા સેવા સમિતી થરાના તમામ કાર્યકર્તા મિત્રો અને તાલુકાના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જીવદયા સેવા સમિતી થરામાં એલ.આઈ. મનોજભાઈ સાધુ, હરિભાઈ જોષી, શરદભાઈ સાંપરીયા, ધીરજભાઈ પંચાલ, દશરથજી ઠાકોર, રાધે સોની, પિન્ટુ પ્રજાપતિ, શૈલેષભાઈ સુથાર, દિલીપભાઈ જોષી, કિશનભાઈ જોષી, અશ્વિનભાઈ પંચાલ, પ્રસાદભાઈ રાવળ, ભરતભાઈ રોઠોડ, નિર્મળસિંહ વાઘેલા, સંજયભાઈ દેસાઈ, દેવેન્દ્રસિંહ વાઘેલા, જતીનભાઈ પ્રજાપતિ, સુનિલભાઈ પ્રજાપતિ, ગુલાબભાઈ રાઠોડ વિગેરે દિવસભર ઉમદા સેવા આપી હતી.

ધાનેરામાં ઉતરાયણના દિવસે કાપ્યો કાપ્યોનો નાદ ગુજ્યો

એન.કે.મોદી

તાલુકા પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા સહેરમાં વહેલી સવારથી લોકો ધાબા ઉપર ચડી ગયા હતા અને ડી.જે.ની ગુંજ સાથી કાપ્યો કાપ્યોની ચીચીયારીઓ સંભળાઇ હતી પરંતુ બપોરના સમયે પવનદેવે વિરામ લઇ લેતા પતંગ રસિકોમાં થોડી નિરાશા જોવા મળી હતી. પરંતુ સાંજના સમયે ફરી પવન આવતાં મોડી સાંજ સુધી લોકોએ પતંગ ચ્જડાવવાની મોજ માળી હતી. ત્યારે બીજી તરફ પૂણ્ય કરવા વાળાઓ પણ ગાયોને ઘાસચારો તેમજ કુતરાઓને લાડવા ખવડાવવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા. ધાનેર તાલુકાના થાવર, સરાલ તેમજ જીવાણા ગામના યુવાનોએ પતંગ ચડાવવાથી દુર રહીને ફાળો ઉઘરાવી રખડતી ગાયો માટે વાડાઓ બનાવી તેમના માટે ઘાસચારાની વ્યવસ્થા માટે માકે લાગેલા જોવા મળ્યા હતા.

થરાદની પ્રાંત કચેરીના માર્ગે ગટર ઉભરાતાં ચોમાસામાં ભરાયેલા પાણની યાદ તાજી થઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરના હાર્દસમા જાહેર માર્ગ પર ભુગર્ભ ગટરલાઇનનું પાણી ભરાઇને તળાવની જેમ ભરાતાં ગત ચોમાસામાં આ માર્ગે ભરાયેલા પાણીની યાદ ભરશિયાળે તાજી થવા પામી હતી.ગંદા પાણીની બદબુના કારણે તથા પાણીમાં ચાલવાના કારણે રાહદારીઓને ભારે ત્રાસદાયક સ્થિતનો સામનો કરવો પડી રહ્યો હતો.નોંધનીયછેકે આ મુદ્દે તાજેતરમાં જ પ્રાંતને આવેદનપત્ર પણ અપાયું હતું.

થરાદ નગરના સમગ્ર વિસ્તારોમાં તાજેતરમાં જ કરોડો રુપીયાના ખર્ચથી ભુગર્ભ ગટરલાઇન બનાવવામાં આવી ત્યારથી જ તેમાં ગેરરીતીઓની બદબુ આવતી હતી,પણ હવે ઠેર ઠેર છાસવારે ઉભરાતા ગંદા પાણી સ્વરૂપે કામગીરીમાં થયેલી ગેરરીતીઓ બહાર આવી રહી છે.જેનો ઢાંકપીછોડો કરવા માટે પાલિકા દ્રારા આ પાણીને નગરના ટેલિફોન એક્સચેંજ પાસેના પિપળીયા તળાવમાં નાંખવામાં આવી રહ્યુંછે.જોકે પાલિકાના આ પગલાનો પાલિકાના સદસ્યો સહિત આજુબાજુના રહીશોમાં પણ વિરોધ ઉઠવા પામતાં તાજેતરમાં તળાવમાં પાણીનો નિકાલ બંધ કરવા પ્રાંતઅધિકારીને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.તેમ છતાં પણ કોઇ પગલાં નહી ભરાતાં શનિવારે આ પાણી તળાવમાં જવાની સાથે પ્રાંતકચેરીના જાહેર માર્ગ પર તળાવની જેમ એકઠું થતાં એક તબક્કે તાજેતરના પુરમાં આ માર્ગે ભરાયેલા પાણીની યાદ આવી હતી.

અનુસંધાન પાના નં.૬

દાંતા - અંબાજી રોડ ઉપર લુંટના ઈરાદે વાહનો ઉપર પથ્થરમારો

અજાણ્યા શખ્સોએ બે ગાડીઓના કાચ તોડયા

પ્રતિનિધિ દાંતા

દાંતા - અંબાજી રોડ ઉપર હરિવાવના ધારા ઉપર ઉતરાયણની સમી સાંજે કોઈ અજાણ્યો ઈસમોએ લુંટ કરવાના ઈરાદે રોડ ઉપરથી પસાર થતા વાહનો ઉપર પથ્થર મારો કરતાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

દાંતા - અંબાજી હાઈવે ઉપર હરિવાવ ઘાટા નજીક ઉતરાયણની સાંજે કોઈ અજાણ્યા શખ્સોએ અંબાજીથી દાંતા તરફ જતી સ્વીફ્ટ કાર નં.જીજે.૦૧.એચ.આર.૯૦૦૯ તેમજ સ્કોર્પીયો ગાડી નં.જીજે.૧૨.સી.પી.૧૧૧૪ ઉપર પથ્થર મારો કરી સ્વીફ્ટ કારનો આગળનો કાચ તોડી બોનેટ અને બમ્પરને ગોબા પાડ્યા હતા તથા સ્કોર્પીયો ગાડીની હેડ લાઈટ અને બોનેટ ઉપર પથ્થર મારી બંને ગાડીઓને અંદાજે રૂા.૪૪૦૦૦ નું નુકશાન પહોંચાડ્યુ હતું. આ અંગે દાંતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યો શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

મોટી ઘરનાળના ખેડુતોનો ખેતરે જવાનો રસ્તો બંધ

ખેડુત પ્રતિનિધિઓએ રેલ્વેના જનરલ મેનેજરને આવેદનપત્ર આપ્યું

પ્રતિનિધિ ભીલડી

ભીલડીથી સમદડી જતી રેલ્વે લાઈન ઉપર ડીસા તાલુકાના મોટી ઘરનાળ ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપર રેલ્વે તંત્ર દ્વારા અંડર ગ્રાઉન્ડ નાળુ બનાવાયું છે. પરંતુ નાળા પાસેનો ગેટ નં. ૧૬૭ બંધ કરી દેવાતા ગામના ૨૫૦ થી ૩૦૦ ખેડુતોને ખેતરમાં જવાનો રસ્તો બંધ થઈ ગયો છે. તેથી ઉશ્કેરાયેલા ખેડુતોએ સોમવારે ભીલડીથી જોધપુરના ઈન્સપેક્શન માટે આવતા રેલ્વેના જનરલ મેનેજર એસ.કે.સિંઘને આવેદનપત્ર આપવાનું નક્કી કર્યુ હતું. પરંતુ કર્મચારીઓએ તેમની પાસે વધુ સમય ન હોઈ બે ખેડુત પ્રતિનિધિ મોકલવાનું જણાવ્યું હતું. તેથી ખેડુત અગ્રણી રણછોડભાઈ મિસ્ત્રી અને રાણાભાઈ દેસાઈએ તેમને ભીલડી રેલ્વે મથકે રસ્તા મુદ્દે આવેદનપત્ર આપ્યું હતું. જેના અનુસંધાને જનરલ મેનેજર સિંઘે ખેડુતોનો પ્રશ્ન હલ કરવાની ખાત્રી આપી હતી. પરંતુ રસ્તો ટૂંક સમયમાં ચાલુ નહીં કરાય તો ખેડુતોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી હતી.

થરાદમાંથી વિદેશી દારૂના ૨૦૮૮ બોટલના જથ્થા સાથે બે ઝડપાયા

ગાંધીનગર મોનીટરીંગ સેલની થરાદ તાલુકામાંથી જથ્થો પકડવામાં મોટી સફળતા

પ્રતિનિધિ થરાદ

ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ શુક્રવારે ગુજરાતમાં પ્રોહીબેશન પ્રવૃતી અટકાવવાના બનાસકાંઠાના પેટ્રોલિંગમાં હતી.દરમ્યાન રાજસ્થાનથી સાંચોર તરફથી એક સફેદ કલરની નંબર વગરની મારૂતીકારમાં વાયા મિયાલ પીલુડા ગામના માર્ગેથી થરાદ આવનાર હોવાની હોવાની ખાનગી બાતમી મળી હતી.આથી પોલીસે થરાદ પીલુડા હાઈવે પર વૉચ ગોઠવી હતી.દરમ્યાન ઉપરોક્ત સ્વીફટકાર આવતાં તેને અટકાવી તપાસ કરતાં શંકાસીલ મુદ્દામાલ હોવાનું જણાતાં તેમાં બેઠેલા બે શખસ વશરામભાઈ સેધાભાઈ રબારી રહે.મલુપુર તા.થરાદ તથા પ્રવિણભાઈ રાવતાજી બારોટ રહે.વજેગઢ તા.થરાદ સાથે થરાદ પોલીસમથકમાં લઈ આવ્યા હતા.

જેમાંથી ૪૫ પેટીમાં રહેલો ૨૦૮૮ બોટલ કિમત રૂપીયા ૨,૦૮,૮૦૦નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે બે લાખની ગાડી તથા ૪૫૦૦ના મોબાઈલ ફોન મળીને કુલ રૂપીયા ૪,૧૩,૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ બંન્ને ને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.જેમની પ્રાથમિક પુછપરછમાં તેમણે આ જથ્થો સાંચોર (રાજસ્થાન) પાસે આવેલા

અનુસંધાન પાના નં.૬

કાંકરેજ તાલુકામાં કરણીસેનાએ સરકારના નિર્ણયને વધાવ્યો

વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે રાજપૂત કરણીસેનાએ શિહોરી બસ સ્ટેન્ડથી બનાસકોમ્પ્લેક્ષ સુધી રેલી યોજી હતી અને જયમાં પદ્માવતી,,જય રાજપૂતાના, નારા લગાવી ફિલ્મ પદમાવત ઉપર સરકાર દ્વારા પ્રતિબંધ અપાયો તેની ખુશી વ્યક્ત કરી સરકાર તેજ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો રેલી પૂર્ણ કર્યા બાદ કરણી સેનાના યુવાનો મામલતદાર કચેરી પહોંચ્યા હતા. અને નાયબ મામલતદાર બી.એમ.જોષીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને મામલતદારે આવેદનપત્ર સરકાર સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી. કાંકરેજના શિહોરી ખાતે રાષ્ટ્રીય કરણીસેના અને કાંકરેજ તાલુકાની કરણીસેનાના યુવાનોએ રેલી યોજીને મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાની ખુશીનો સંદેશો ગુજરાત સરકારને પહોંચાડવા વિનંતી કરી હતી. જો કે આવનાર ૨૬ જાન્યુઆરીના દિવસે ફિલ્મ પદમાવતનું ઘુમર ગીત ન વગાડવા તેમજ તેના ઉપર ડાન્સ ન કરવા બાબતે પણ રજુઆત અગાઉ કરવામાં આવી હતી. ત્યારે ગીત વગાડવા બાબતે હજી સુમી કોઈ નિર્ણય લેવાશે કે કેમ ? તે તો આવનાર સમય બતાવશે.

ચંદ્રગ્રહણ હોવાથી મહાસુદ પૂનમ તા.૩૧ના રોજ

અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

પાલનપુર

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે કે તા.૩૧/૦૧/૧૮ બુધવારને મહાસુદ પૂનમના રોજ ચંદ્રગ્રહણ હોવાથી ધાર્મિક નિયમો મુજબ અંબાજી માતા મંદિર, અંબાજીમાં આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે.

આરતી સવારે- ૬.૦૦ થી ૬.૩૦ રાજભોગ સવારે-૭.૩૦ થી ૮.૦૦, બંધ મંદિરમાં જાળીમાંથી દર્શનનો સમય સવારે-૮.૦૦ થી સાંજે ૫.૦૦, દર્શન બંધ સાંજે-૫.૦૦ થી ૯.૦૦, તા.૧/૨/૧૮ થી આરતી દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે.

ડીસા તાલુકામાં બે ગામ વચ્ચેનો કોઝવે તુટી જતા ગ્રામજનોમાં રોષ

ભરત સુંદેશા

ડીસા

ડીસા પાસેના બે ગામડાઓ ને જોડતો કોઝવે તૂટી પડતા ગ્રામજનો માં રોષ ફેલાયો છે.જોકે આ કોઝવે તૂટટ૪ ગામ માં દૂધ નું ટેન્કર નહિ આવે અને જેના કારણે દશ હજાર લીટર દૂધ બગડી રહ્યું છે જોકે એક વર્ષ આગાઉ બનેલ કોઝવે તૂટતા કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવાની માંગ સાથે આંદોલન ની ચીમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠા ના ડીસા તાલુકા મોરથલ ગોળીયા અને ચંદાજી ગોળીયા જે બનાસનદી અને સીપૂ નદી ની વચ્ચે આવેલા ગામો છે બન્ને ગામ માં અવરજવર માટે એક વર્ષ અગાઉ લાખો ના ખર્ચે કોઝવે બનાવવામાં આવ્યું હતું જોકે આ કોઝવે બની રહ્યું હતું ત્યારે ગેરનીતિ થતી હોવાની રજુઆત ગામના સરપંચ દ્વારા કરવામાં આવી હતી. પરંતુ સરપંચની રજુઆતને ધ્યાને

અનુસંધાન પાના નં.૬

રાજપુરમાં બોરની મોટર બગડી જતા બે દિવસથી પાણીબંધ

શિયાળામાં પાણી માટે મહીલાઓની રઝળપાટ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના રાજપુર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી પીવાના પાણી બોરની મોટર બગડી જતા ભર શિયાળે મહિલાઓને બેડા ઉપાડીને કુવા ઉપરથી પાણી લેવા રઝળપાટ કરવાનો વારો આવ્યો છે.

છેલ્લા ત્રણ મહિનામાં બે વખત બોરની મોટર બગડી જતા પીવાના પાણી માટે ભર શિયાળે મહિલાઓને દૂર કુવા પર પીવાનું પાણી લેવા માથે બેડા ઉપાડીને જવુ પડે છે. જેથી ભારે હેરાનગતી વેઠવી પડે છે. ડીસા ન.પા.ના પ્રમુખ પ્રવિણભાઈ માળી તાત્કાલીક બોરની મોટર બદલીને નવીન નંખાવી કાયમી સમસ્યાનો નિકાલ લાવે તેવી જાગૃત નાગરિકોની માંગણી છે. અમુક સમયે રાત્રીના વધારાનું પાણી છોડવામાં આવતુ હોવાથી મોટર 'લોડ' નડતો હોવાથી વારંવાર બગડી જતી હોવાની રાડ ઉઠવા પામી છે. ત્યારે તાત્કાલીક નવીન મોટર નાખી પાલિકા પ્રજાને પડતી તકલીફ દુર કરે તેવી જનમાંગ છે. ન.પા. દ્વારા પાણી વેરો ઉઘરાવામાં આવે છે તો પાણીની સુવિધા કેમ પૂરી પડાતી નથી. તેવો સુર મહીલાઓમાં ઉઠવા પામ્યો છે. ત્યારે પાલિકાના સત્તાધીશો આ મુદ્દે સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

ડીસામાં મેરેથોન દોડનું આયોજન

ડીસા

અખિલ વિદ્યાર્થી પરિષદ દ્વારા દર વર્ષે ૧૨ મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ યુવા દિવસ તરીકે ઉજવાય છે. જે અંતર્ગત ડીસાની તમામ શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાનો ભાવ જાગે તે હેતુથી તા.૧૭/૧/૨૦૧૮ ના રોજ સવારે ૮ કલાકે હાઈવે ઉપરથી દિપક હોટલથી નૂતન કોલ્ડ સ્ટોરેજ સુધીની 'રન ફોર નેશન મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં જોડાવવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ડીસાના કાર્યરત મંત્રી રાહુલ ઠક્કર દ્વારા અનુરોધ કરાયો છે.

મગરવાડામાં સ્વામી વિવેકાનંદની સાત ફુટ ઉંચી પ્રતિમાનું નિર્માણ

ત્રણ યુવા સામાજીક કાર્યકરોની દેશના સંત અને સપૂતને અનોખી અંજલિ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

તાજેતરમાં સ્વામી વિવેકાનંદની ૧૫૫ મી જન્મ જયંતી નિમિતે ભાજપ અને કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. વિશ્વમાં ભારતીય સંસ્કૃતિને ગૌરવાન્તિત કરનાર અને દેશના યુવાનોના પ્રેરણાસ્ત્રો સ્વામી વિવેકાનંદજીની વડગામ તાલુકાના મગરવાડા ખાતે પ્રતિમાનું નિર્માણ ગામના ત્રણ યુવા કાર્યકરો દ્વારા કરાયું છે.

પૂર્વ સરપંચ ફલજીભાઈ સરદારભાઈ ઉપલાણા, અશોકભાઈ રાજસંગભાઈ ભટોળ અને સુરેશભાઈ કામરાજભાઈ ઉપલાણા દ્વારા રૂા.૧૫ લાખના સ્વખર્ચે મચરવાડા પ્રા.શાળાની બાજુમાં સ્વામી વિવેકાનંદજી પ્રતિમાનું નિર્માણ કર્યુ છે જેમાં પરમપૂજ્ય ભાઈ મહારાજ બાગની નામકરણ વિધી કરી લોકાર્પણ કરવાના પણ ચક્રો ગતિમાન કરાયા છે. વડગામ તાલુકામાં સૌ પ્રથમ વખત સાતફુટ ઉંચી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાનું કાર્ય વર્ષ ૨૦૧૩-૧૪માં કરાયુ હોવાનું ફલજીભાઈ ઉપલાણાએ જણાવ્યું હતું. જે વિશાળ પ્રતિમા પંથકમાં આકર્ષણ નું કેન્દ્ર બની છે.

તળાજા-પાલીતાણા પદયાત્રિક સંઘની અપૂર્વ સફળતા સાથે પૂર્ણાહુતી

વસંત બારોટ

સુરત

શ્રી તાલધ્વજગીરી તળાજાથી શ્રી સિધ્ધગીરી પાલીતાણાનો ૧૨૦૦ + ૮૦૦ પદયાત્રી અને કાર્યકર્તાઓનો વિરાટ સંઘ દીક્ષા દાનેશ્વરી અને યાત્રિક સંઘના નીશ્રાદાતા પ.પુ.શ્રી આચાર્ય ભગવંત ગુણરત્નસુરીશ્વજી મ.સા. અને પ્રખર વ્યાખ્યાનકાર સંઘ માર્ગદર્શક પ.પુ.આચાર્ય શ્રી રશ્મીરત્નસુરીશ્વરજી મ.સા. ઠાણા ૩૦ અને ગુરૂણી મૈયા સાધ્વીજી શ્રી પુણ્યરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫૦ ની મંગલ નીશ્રામાં બાલી (રાજસ્થાન નિવાસી હાલ ભાયખલા મુંબઈ) શ્રી કન્યાબેન પોખરજજી પૃથ્વીરાજજી સંઘવી પરિવાર સંચલિત સંઘ વાજતે ગાજતે તીર્થ ભૂમિ પાલીતાણા આવી પહોંચતા શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી, શ્રી સુણતર ભવન ચેરીટેબલ ટ્રસ્ટ, ચેન્નાઈ, ભુરીબા યાત્રિક ભવન, જડાવી ભવન, બાલાશ્રમ તરફથી ચતુંવિધ સંઘનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું પેઢી પાસેથી તળેટી સુધી વરઘોડાના દર્શન સર્વ ધર્મપ્રિય જનતા એ કર્યા હતા તળેટીમાં વિરાટ ધર્મ સભામાં આદિનાથ દાદા નું ચૈત્યવંદન અને જય જય શ્રી આદિનાથ ના નારાઓ સાથે હર્ષ ઉલ્લાસની છોળો ઉડી હતી.

દરેક ગામોમાં સંઘવી પરિવાર તરફથી દેરાસરજીમાં કીટ, મંદિર, ભેટ, પશુંઓંને ચારો અનુકંપા અને જીવદયા થા સાધર્મિ ભક્તિના મંગલ કાર્યો ઉદારતાથી થયા હતા, ભાવનગર એસ.પી.પ્રવીણસિંહજી માલ પદયાત્રિક સંઘ ના દર્શને પધરતાં સંઘવી પ્રકાશચંદ્રજી અને ચંદ્રાબેન હિતેશભાઈ, વિનયભાઈ વિગેરેના હસ્તે સ્વાગત અને બહુમાન કરવામાં આવ્યું હતું દરરોજ બપોરના શાળાના વિદ્યાર્થીઓ માટે નરેન્દ્રભાઈ કામદારના પ્રયત્નોથી પૂજ્યશ્રીના ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રવચનો યોજાયેલ બાળકોને પ્રભાવના અપાયેલ, વિશાળ વ્યાખ્યાન સભામાં આ. ગુણરત્નસુરીજી, રશ્મીરત્નસુરીજી,

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુર
પો.બો.નં.૨૦, બનાસડેરી, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં : (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ફેકસ નં : (૦૨૭૪૨) ૨૫૨૭૨૩

બટાકાના આંતરિક પરિવહન માટે ટ્રેકટર ભાડેથી જોઈએ છે

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. બનાસડેરી, પાલનપુરને સંઘ મારફત કરાયેલ બટાકાના વાવેતરવાળા ખેડૂતોના ફાર્મ પરથી સંઘે નક્કી કરેલ કોલ્ડ સ્ટોરેજ સુધી બટાકા પરીવહન માટે ટ્રેકટર ભાડેથી જોઈએ છે.

બટાકાના પાકની લણણીના સમયે બટાકા પરિવહન માટે ટ્રેકટર ભાડેથી જોઈએ છે. નક્કી કરેલ શરતોને આધીન ટ્રેકટરના માલિકો ટેન્ડર ભરી શકશે.

ટ્રેકટરના માલિકોએ તા. ૨૫.૦૧.૨૦૧૮ના બપોરના ૧૧-૦૦ કલાક સુધી સંઘના બટાકા પ્રોજેક્ટમાંથી ટેન્ડર કોપી રૂા. ૧૦૦/- જમા કરાવી મેળવી લેવાની રહેશે. ટેન્ડર કોપીમાં પોતાની દર કટ્ટા દીઠ ભાડાની ઓફર ભરી ટેન્ડર ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુરના નામનો ડી.ડી. સાથે તા. ૨૫.૦૧.૨૦૧૮ના રોજ ૧૫-૩૦ કલાક સુધી સંઘમાં બટાકા પ્રોજેકટમાં જમા કરવાના રહેશે.

ટેન્ડર કોપી સંઘ વેબ સાઈટ www.banasdairy.coop પરથી ડાઉનલોડ કરી શકાશે. સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ કોપી સાથે ટેન્ડર ડિપોઝીટ ઉપરાંત ટેન્ડર ફીના રૂા. ૧૦૦/- નો ડી.ડી સામેલ કરવાનો રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રી

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુર
પો.બો.નં.૨૦, બનાસડેરી, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં : (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ફેકસ નં : (૦૨૭૪૨) ૨૫૨૭૨૩

બટાકા પરિવહન માટે વાહન ભાડેથી જોઈએ છે

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. બનાસડેરી,પાલનપુરને સંઘે નક્કી કરેલ કોલ્ડ સ્ટોરેજથી હાઈ-ફન ફૂડ્ઝ, ગણેશપુરા (જિ.મહેસાણા) સુધી બટાકા પરિવહન માટે વાહન ભાડેથી જોઈએ છે.

બટાકા પરિવહન માટે વાહન તા. ૦૧/૦૩/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં ભાડેથી જોઈએ છે. નક્કી કરેલ શરતોને આધીન વાહનોના માલિકો ટેન્ડર ભરી શકશે.

વાહનોના માલિકોએ તા. ૨૪/૦૧/૨૦૧૮ ના બપોરના ૧૧-૦૦ કલાક સુધી સંઘના બટાકા પ્રોજેક્ટમાંથી ટેન્કર કોપી રૂા. ૧૦૦/- જમા કરાવી મેળવી લેવાની રહેશે. ટેન્ડર કોપીમાં પોતાની દર/ મેટ્રિક ટન ભાડાની ઓફર ભરી ટેન્ડર ડિપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુરના નામનો ડી.ડી. સાથે તા. ૨૪/૦૧/૨૦૧૮ ના રોજ ૧૫-૩૦ કલાક સુધી સંઘમાં બટાકા પ્રોજેકટમાં જમા કરવાના રહેશે.

ટેન્ડર કોપી સંઘ વેબ સાઈડ www.banasdairy.coop પરથી ડાઉનલોડ કરી શકાશે. સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ કોપી સાથે ટેન્ડર ડિપોઝીટ ઉપરાંત ટેન્ડર ફીના રૂા. ૧૦૦/- નો ડી.ડી. સામેલ કરવાનો રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રી

તંત્રી સ્થાનેથી ...

આ સંસાર જ યુદ્ધક્ષેત્ર છે. તેમાં લડ્યા વિના હિંમત હારી હથિયાર હેઠા મૂકી દઈ જીવવાનો શો લાભ ? તેમાં તો સંઘર્ષનો હિંમત હાર્યા વિના સામનો કરવો જોઈએ.

ઉનાળામાં સિંચાઈ માટે નર્મદાના પાણીનો ગંભીર બનનારો પ્રશ્ન

મધ્યપ્રદેશમાં ખુબ ઓછા વરસાદના કારણે નર્મદાસ્ત્રાવ વિસ્તાર સ્થિત વિવિધ બંધના છેલ્લા ૧૫ વર્ષની સરખામણીએ ૪૫ ટકા જ પાણીનો ઓછો સંગ્રહ થયો છે. ખેડુતોને સિંચાઈ માટે તા. ૧૫ મી માર્ચ સુધીમાં સિંચાઈનું પાણી પુરૂ પાડવામાં આવશે. નર્મદા નિગમે એવી સત્તાવાર જાહેરાત કરી છે કે ખેડુતોએ ઉનાળુ વાવેતર ન કરવું અથવા તો પોતાની પાસે જો પાણીનો પુરવઠો હોય તો જ વાવેતર કર્યું.

ઉપરોક્ત મુદ્દે નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે કહ્યું હતું કે, ગત ઉનાળાની સિઝનમાં પણ સિંચાઈ માટે ખેડુતોને પાણી આપવામાં આવ્યું ન હતું અને આ વખતે ઓછા પાણીના કારણે પાણીની સ્થિતિ ગંભીર બનવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

રાજ્યમાં ઉનાળાની સિઝનમાં જ નર્મદાના પાણીની કેવી રીતે અછત વર્તાય છે. તે બાબતે સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ. આમ તો નર્મદાનું પાણી સિંચાઈ અને કેટલાક રાજ્યોમાં પીવા માટે પણ વપરાય છે.

કૃષિક્ષેત્રે ગુજરાત ભલે સફળ રહ્યું હોય પરંતુ નર્મદાના પાણીના પ્રશ્ને ખેડુતોને મુશ્કેલી પડ્યા વિના રહેશે નહિં. નર્મદા સિવાય અન્ય ડેમોમાં કેટલા ટકા પાણી છે. તે બાબતે સરકારે સમીક્ષા કરવી જોઈએ. ખેડુતોને લાભ થાય તે માટે સિંચાઈના પાણીની ગમે ત્યાંથી વ્યવસ્થા કરવી જોઈએ.

સરકાર ઉનાળામાં પીવાના પાણીને પ્રાધાન્ય આપતી હોવાથી ઉનાળામાં સિંચાઈ માટે પાણી આપી શકાય નહિં તેવું સરકારનું કહેવું છે.

સરદાર સરોવર બંધના પાણીનો ઉપયોગ નર્મદા કમાન્ડ વિસ્તારમાં ચોમાસુ, શિયાળુ પાક માટે નર્મદાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. આ વર્ષે નર્મદા સ્ત્રાવ ક્ષેત્રના બંધના પાણીનો સંગ્રહ ૪૫ ટકા ઓછો હોવાને કારણે નવી દિલ્હી ખાતે નર્મદા કંન્ટ્રોલ ઓથોરીટીની ગત ૧૦ જાન્યુઆરીએ મીટીંગ મળી હતી.

વર્તમાન સંજોગોમાં ઉનાળુ વાવેતરનો પ્રશ્ન અતિગંભીર બન્યો છે. સાથે સાથે ઘાસચારાના પ્રશ્ન અંગે પણ સરકારે જ વિચારવું પડે તેમ છે. જો સરકાર દ્વારા વ્યાજબી ભાવે ઘાસચારા ડેમો શરૂ કરવામાં આવે તો જે લોકો પશુપાલનનો વ્યવસાય કરે છે તેઓને તેમના પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

જો અન્ય ડેમોમાંથી ઉનાળામાં ખેડુત આલમને સિંચાઈ માટે પાણી આપવામાં આવે તો જે ઉત્પાદન થવાનું છે તેમાં વધારો થઈ શકશે. અનાજ ઉત્પાદનની સાથે સાથે શાકભાજી પણ થઈ શકશે. માત્ર મધ્યપ્રદેશમાં ઓછો વરસાદ પડ્યો. તેથી સમગ્ર રાજ્યમાં સિંચાઈના પાણીની મુશ્કેલી સર્જાશે એ એક બહાનું માની શકાય.

હાલમાં ખેતી મોંઘી થઈ છે. બિજવારો અને ખાતરના ભાવ આસમાને ગયા છે. ત્યારે આ બાબતે સરકારે વિચારવું જોઈએ. ઉનાળામાં જે કૃષિ ઉત્પાદન થાય છે. તેમાં વધુ ઉત્પાદન થાય તે અંગે સરકારે ખેડુતોને સહયોગ આપવો જોઈએ.

વાસ્તવમાં નર્મદા ડેમમાં નર્મદાનું પાણી કેટલા ટકા છે તે બાબતે સરકારે વહેલી તકે સમીક્ષા કરવી જોઈએ. ખેડુતો ઉનાળુ ખેતી બંધ કરશે તો તેઓ પોતાના પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવી શકશે? આ બાબતે સરકાર દ્વારા મદદરૂપ થવાની કોઈ ઘોષણા કરી નથી. હકીકતમાં સરકારે ખેડુતોને તમામ પ્રકારની મદદ કરવી જોઈએ. માત્ર મધ્યપ્રદેશનો પ્રશ્ન આગળ કરીને સરકાર ઉનાળુ ખેતી ન કરવાની વાત જણાવે છે. તે સમજી શકાય તેમ નથી.

ખરાબ સ્વપ્ન રોજના પુરુષાર્થ પર માઠી અસર કરે છે : અભ્યાસ

સામાન્ય રીતે ભયાનક સ્વપ્નથી વ્યક્તિ રાત્રિના સમયે ભડકી ઉઠે છે. જેનાથી ઉંઘમાં ખલેલ પહોંચે છે. એક વખત ઉંઘમાંથી ઉઠ્યા બાદ ફરી ઉંઘ આવતા વાર લાગે છે, પરંતુ ખરાબ સ્વપ્નની અસર દિવસભર દિમાગ પર આંશિક રીતે રહેતી હોય છે, જેને કારણે સ્ટ્રેસમાં વધોર થાય છે, નીરસતા ઉપજે છે. તાજેતરમાં થયેલા એક સર્વેમાં આ વાત પુરવાર થઈ છે. દરેક સ્વપ્નની અસર રોજના પુરુષાર્થ પર પડે છે. દિનચર્યામાં થયેલા બનાવોથી રાત્રિની ઉંઘમાં સ્વપ્ન અસરકર્તા બને છે તેમ અચાનક આવેલાં ખરાબ સપનાની અસર બીજા દિવસ પર અને વ્યક્તિના દિમાગ પર થાય છે.

સામાન્ય રીતે અધૂરી ઉંઘ, દિવસમાં થયેલો મૂડઓફ, કોઈ અધૂરું કામ તેમજ કોઈ ગેરસમજ રાત્રિ દરમિયાન વ્યક્તિ પર ઊંડી અસર કરે છે. દિવસભર તણાવમાં રહેતી વ્યક્તિ આ પ્રકારના સપનાંથી વધુ એકલતામાં સરી પડે છે. ખરાબ સપનાને કારણે વ્યક્તિ દિવસ દરમિયાન કરવા પડતા શ્રમ માટે એટલી ઝડપથી સક્રિય થતી નથી. બે તબક્કામાં થયેલા એક અભ્યાસમાં ૨૦૦ લોકોને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જેમાં તેમને વારંવાર આવતા સ્વપ્ન અંગે થતી અસર નોંધવામાં આવી હતી, જ્યારે બીજા તબક્કામાં વ્યક્તિને આવતાં સપનાઓની ડ્રીમ-ડાયરી બનાવવામાં આવી હતી. જેમાંથી પુરવાર થયું હતું કે, સ્વપ્નનો સીધો સંબંધ બીજા દિવસે વ્યક્તિની લાગણી અને દિનચર્યા પર પડે છે

આત્મચિંતન

શિક્ષણ ગુણવત્તાપૂર્ણ બનાવવું જરૂરી છે.

આપણો દેશ શિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર રહ્યો છે. આ ભૂમિમાં જ્ઞાનનો પ્રાદર્ભાવ થયો અને ધીરે ધીરે તેનો વિસ્તાર સમસ્ત વિશ્વમાં થતો ગયો. અહીંથી સમસ્ત વિશ્વને જ્ઞાનનો પ્રકાશ મળ્યો પરંતુ આવી જ્ઞાનની ભૂમિમાં શિક્ષણ અને સાક્ષરતાનું સ્તર આજે એટલું નબળું થઈ ગયું કે તેને ચિંતાજનક કહી શકાય. શિક્ષણ જીવનનો ઉદ્રેશ્ય છે, જેનાથી જીવનનો વ્યાવહારિક પક્ષ મજબૂત થાય છે તથા વિદ્યાર્થી તેના આંતરિક ગુણોનું અભિવર્ધન કરવામાં આવે છે. આજની સ્થિતિમાં આપણા દેશમાં વિદ્યાનું દર્શન તો દુર્લભ થઈ ગયું છે અને શિક્ષણ તો જોવા મળે છે પરંતુ દુર્બળ અને દીન-હીન અવસ્થામાં શિક્ષણમાં રચનાત્મકતા, મૌલિકતા અને સર્જનાત્મક કુશળતાના ગુણો તો જાણે તિરોહિત થતાં જાય છે. ઉચિત અભ્યાસક્રમ જેમાં વિદ્યાર્થીઓના બહારના અને આનંતરિક જીવન પ્રત્યે જાગરૂકતા સમાયેલી હોય તથા તેમના ગુણોના અભિવર્ધન માટે ઉચિત સમાયોજના હોય-તેનો પણ પ્રારંભ કરવા માટે યોગ્ય પ્રયાસોની આવશ્યકતા છે. ઉચિત પ્રશિક્ષણની વ્યવસ્થા, ધંધાદારી માનકી અને સમુચિત પર્યવેક્ષણ સાથે સ્થાનિક નિયંત્રણમાં સંતુલન લાવવા માટે સતત સામુદાયિક સહયોગની આવશ્યકતા છે. શિક્ષણ વ્યવસ્થા એવી હોવી જોઈએ જ્યાંથી નીકળનાર વિદ્યાર્થી પોતાના જીવન પ્રત્યે જાગૃત થાય તથા થાય તથા પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે જવાબદારીનો અનુભવ કરી શકે. આવી શિક્ષણ વ્યવસ્થા જ આપણી આ જ્ઞાનમયી ભૂમિને ફરી ઉર્વર બનાવી શકે છે, જ્યાં પ્રતિભાશાળી વિદ્વાન, કલાકાર અને રાષ્ટ્રભક્ત ઉત્પન્ન થઈ શકે છે.

- ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ધાર્મિક વૈવિધ્ય એ ભગવાનની જ ઈચ્છા છે

દેશના નવયુવાનો હંમેશા એજ પ્રશ્ન કરે છે કે,જો ભગવાન એક જ છે તો પછી આટલા બધા પંથો- સંપ્રદાયો કેમ છે? આ સવાલ વારંવાર ધાર્મિક ગુરુઓને પૂછવામાં આવે છે.

કુરાન મુજબ આપણને બધાને એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા માટે એક ધાર્મિક સમુદાયનું સર્જન કર્યું,પરંતુ એમની ઈચ્છા એ નહોતી કે, એ આપણી એ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને પારખે.અગર ભગવાને એવું ઈચ્છ્યું હોત તો એણે આપણને એક માણસ ન બનાવ્યા હોત.પરંતુ એમની યોજના એ છે કે એ આપણને પારખે અને જુએ કે જેણે આપને જીવન આપ્યું છે,એના પ્રત્યે આપણે કેવો દ્રષ્ટિકોણ અપનાવીએ છીએ ? કારણ કે, એણે આપણને એક જાતિના રૂપમાં પૂરી ખુશીઓથી ભર્યા છે.તમારો હેતુ એ પરમાત્માને રાજી કરવાનો હોવો જોઈએ કે, જે આપને એ તમામ બાબતોની સત્યતા દર્શાવશે જેમાં કોઇ વિવાદ હશે. (કુરાન ૫:૪૮). એનો અર્થ એ છેકે ધાર્મિક વૈવિધ્ય એ ભગવાનની મરજી જ છે, પરંતુ સદીઓ સુધી એક જ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા વાળા લોકોએ એકબીજાના ધર્મને નકાર્યા અને ટીકા કરી,ઉલ્ટાનું કેટલાક લોકોએ તો બળજબરીથી બીજાઓનું ધર્મ પરિવર્તન કરાવ્યું અને નહિ માનવાવાળાને પોતાના ધર્મમાંથી કાઢી પણ મૂક્યા. એક ઈશ્વરને માનવાવાળા એક જ ભગવાનની પ્રાર્થના કરે છે તથા આ એક ઈશ્વરીય ધર્મને માનવા વાળા તમામ પયગંબરો પણ એકજ ખુદાથી પ્રભાવિત છે. પ્રશ્ન એ થાય છે કે, આ પ્રકારની ધાર્મિક અસહિષ્ણુંતા ક્યાંથી આવી? અને આપણે એને અબ્રાહમી ધર્મોથી કઈ રીતે જુદા પાડી શકીએ ? યુનાની દર્શનશાસ્ત્ર અનુસાર સત્ય એ કદી ન બદલાવાવાળુ અપરિવર્તનીય અને સાર્વભૌમિક છે. આ બાબતે પવિત્ર ધર્મગ્રંથોના વિદ્વાનોને મધ્યકાલિન યુગમાં હંમેશાં પ્રભાવિત કર્યા.જેમનું માનવું હતું કે મોટા ભાગના ધર્મ-ગ્રંથો શૂન્ય પર આધારીત રમત છે અર્થાત્ વધારે સત્યતા આ ગ્રંથોમાં સમાયેલી છે, નહિકે એની વ્યાખ્યા કરવાવાળા વિદ્વાનોમાં. જોકે, વિભિન્ન ધર્મ –ગ્રંથોને એક બીજાના પૂરક માનવાને બદલે એકબીજાના વિરોધી માને છે.અને અન્ય ધર્મોના ધર્મગ્રંથોને ખોટા સાબિત કરે છે.

અગર આ અલગ અલગ સંપ્રદાયોવાળા જગતમાં જો ધર્મનો ઉપયોગ શાંતિ ના હેતુસર કરવો હશે તો લોકોએ શૂન્ય આધારીત વિચારધારાને નકારવી પડશે અને વૈવિધ્ય સભર શિક્ષણ જે વિભિન્ન ધર્મગ્રંથોમાં શરૂઆતથી જ વિદ્યમાન છે, એનો વિકાસ કરવો પડશે.

કુરાન અનુસાર : પ્રત્યેક સમુદાય માટે અમે પ્રાર્થનાની તમામ પ્રક્રિયાને જાહેર કરેલ છે જેને એમણે માનવાની હોય છે.અર્થાત એને આપે કોઈ પણ વિવાદમાં પડવા દેવાની નથી,પરંતુ પોતાના લોકોને એ જણાવવું પડશે કે પરીક્ષાના દિવસે ખુદા પોતે નિર્ણય લેશે કે, કોણ એકબીજાના વિચારોથી સહમતિ નથી રાખતું. આ પ્રકારે અનેક અન્ય બાબતો પણ છે કે મતભેદ એ પરમાત્માની જ ઈચ્છા છે, અને એ આપણી પરીક્ષા લે છે. સારા અને નરસા વચ્ચે પસંદગી કરવાનુ દરેક વિશ્વાસુ અને અવિશ્વાસુ ઈચ્છે છે, જેમ એક બાજુ આસ્તિક ઈશ્વરની દરેક વાતમાં વિશ્વાસ રાખે છે, પરંતુ જો આપણે દયા, કરુણા અને શાંતિ ને આંકવી છે તો આપણે એને વ્યાપક દ્રષ્ટિકોણથી જોવાનું રહેશે, નહિ કે સાપેક્ષિત સંદર્ભમાં. દા,ત,એ માનવું કે પ્રકાશ તરંગોમાં યાત્રા કરે છે,સાચું છે. એ પણ સત્ય છે કે પ્રકાશ ફોટોન નામના અગણિત કણોથી બનેલો છે,પરંતુ એનાથી પણ અધિક સત્ય એ છે કે પ્રકાશ એ તરંગ અને કણો બન્ને ય છે, અને કોઈ ખાસ સમયે એ કેવી રીતે દેખાય છે,એ વસ્તુ એ વાત પર આધારીત છે કે એને જોવાવાળો એ સમયે કઈ રીત-પદ્ધતિ નો ઉપયોગ કરે છે ! સત્ય જાણવાનું રહસ્ય એ પરમાત્માની ઈચ્છા છે,તેથી કહી શકાય કે, એ મોમીનોની દયા, કરુણા અને શાંતિચાહના ને હંમેશા ચકાસતો રહે છે. **બી.જીવરાણી**

એસ્સાર ઓઈલ ફિલ્ડ સર્વિસિસને આગામી નાણાકીય વર્ષમાં આવકમાં ૨૦ ટકા ઉછાળાની અપેક્ષા

નવી દિલ્હી

ભારતે ઘરેલુ સ્તરે ક્રૂડનું ઉત્પાદન વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા રિગ્સ હાયર માર્કેટને મજબૂતાઈ મળવાની સંભાવનાઓને જોતાં એસ્સાર ઓઈલફિલ્ડ્સ સર્વિસિસ લિમિટેડ આગામી નાણાકીય વર્ષમાં પોતાની આવકોમાં ૨૦ ટકા ઉછાળાની અપેક્ષા રાખી રહ્યું છે.ઓઈલ અને ગેસ ડ્રિલિંગ માટે ઉપયોગમાં લેવાતી ૧૬ રિગ્સ ધરાવતી કંપની વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં કુલ આવકો વધીને રૂ. ૩૦૦ કરોડ થવાની અપેક્ષા રાખે છે, જે ગત વર્ષે રૂ. ૧૦૫ કરોડ હતી, તેમ સીઈઓ રાજીવ નાયરે જણાવ્યું હતું.આગામી નાણાકીય વર્ષમાં આવક ૨૦ ટકા વધીને રૂ. ૩૬૦ કરોડ થવાનો અંદાજ છે કારણકે વધુ નિકાસકારો કંપનીની રિગ્સને ભાડે રાખી રહ્યાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કંપનીની કુલ ૧૬ રિગ્સમાંથી ૧૫ ઓન-લેન્ડ ડ્રિલિંગ રિગ અને એક સમર્સિબલ રિગ છે. ત્રણ ઓન-લેન્ડ રિગ્સ દુબઈમાં તથા બાકીની ૧૨ રિગ્સમાંથી ઓછામાં ઓછી આઠ રિગ્સને નિકાસકારો ભાડે રાખશે તેવી કંપનીને આશા છે, તેમ સીઈઓએ જણાવ્યું હતું. નાયરે ઉમેર્યું હતું કે કંપનીની ઓફશોર સેમી-સબમર્સિબલ રિગ એસ્સાર વાઈલ્ડકેટ જાહેરક્ષેત્રની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પો (ઓએનજીસી) સાથે મે ૨૦૧૭થી ત્રણ વર્ષના કોન્ટ્રાક ઉપર કાર્યરત છે.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં આયાત ઉપરની નિર્ભરતા ૧૦ ટકા ઘટાડવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ વધુ ઓઈલ અને ગેસની શોધ અને ઉત્પાદન માટે આગળ આવી છે.હાલમાં ભારત પોતાની ઓઈલની જરૂરિયાતોના ૮૦ ટકાથી વધુ આયાત કરે છે.

ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (ઓઆઈએલ) અને મર્કેટર પેટ્રોલિયમ સાથે કોન્ટ્રાક દ્વારા ત્રણ રિગ્સ કાર્યરત છે અને આગામી નાણાકીય વર્ષ માટે વધુ પાંચ વર્ષ માટે તે ઉપયોગમાં લેવાય તેવી શક્યતા છે.આ ઉપરાંત વધુ કોન્ટ્રાક્સ અંગે વાટાઘાટો ચાલી રહી છે અને દેશના અપસ્ટ્રીમ સેક્ટરમાં સુધારાથી કંપનીને લાભ થઈ રહ્યો છે, તેમ તેમણે જણાવ્યું હતું. કોન્ટ્રેક્ટેડ ક્લાયન્ટ્સ માટે ડ્રિલિંગની શરૂઆત કરતા વર્તમાન નાણાકીય વર્ષમાં કંપનીની આવકો ખુબજ સારી રહી છે.

તનિષ્કના હિરાએ સર્વતોમુખી પ્રતિભા ધરાવતા અને મહિલાઓના શ્રેષ્ઠ મિત્ર છે

ડાયમંડ એ મહિલાઓના શ્રેષ્ઠ મિત્ર છે. વર્ષો જૂની આ કહેવત, આજે પણ એટલી જ સાચી છે. મહિલાઓ હંમેશા પોતાના હિરાના આભૂષણ મેળવવા માટે ઈચ્છા ધરાવતી હોય છે અને એક વખત તેની ખરીદી થઈ જાય તો, તે તેના માટે સૌથી કિંમતી મિલ્કત બની જાય છે.મનની આ જ ઊંડી ઈચ્છાને ધ્યાને રાખીને, તનિષ્ક- દેશની સૌથી વધુ વિશ્વસનિય આભૂષણ બ્રાન્ડ જાહેર કરે છે, તેના હિરા જડિત કલેક્શન પર આકર્ષક ઓફર્સ. ગ્રાહકો કોઈપણ તનિષ્કના સ્ટોર્સ પર જઈ શકે છે અને ૨૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. તનિષ્ક ખાતે, શ્રેષ્ઠ હિરાઓને જ કટ કરવામાં આવે છે. અત્યંત કડક ગુણવત્તાની ચકાસણી પછી, ૧૦માંથી ફક્ત ૬ હિરા જ તનિષ્ક હિરા બનવાના માપદંડ પૂરા કરે છે. તનિષ્ક પ્રોડક્ટમાં દરેક હિરા એક આદર્શ કટ ધરાવે છે, જે ખાતરી કરે છે કે, હિરાની ચળકાટ એ એકદમ આદર્શ હોવી જોઈએ.તનિષ્કના હિરાને સર્વતોમુખી અને શાશ્વત બનવા માટેના અગણીત કારણો છે. તમે એવી મહિલા છો કે, જે કામના સ્થળ પર અત્યંત નાના આભૂષણ પહેરવા ઈચ્છો છો કે એક એવા પુરુષ છો, જે તમારી નાના સંકેતથી તમારા જીવનમાં રહેલી મહિલાને પ્રોત્સાહિત કરવા ઈચ્છો છો, તો આજે જ હિરાના આભૂષણના એક સંપૂર્ણ યોગ્ય પીસની પસંદગી કરો અને તમારા નવા વર્ષની સુંદર તથા ચળકતી શરૂઆત કરો.

રાની મુખર્જી અમદાવાદ પોંહચી હતી , તેણે પતંગ મોહ્ત્સ ની મુલાકાત લીધી હતી

વિકાસ ના અર્થ તંત્રમાં જી.ડી.પી. નું પંકચર ! ફુગાવાનું દબાણ અને ક્રૂડ ઓઈલ ના ઊંચા ભાવોને કારણે આર્થિક સ્થિતિ ડામાડોળ

જી.એસ. ટી., નોટબંધી વિગેરે દ્વારા અર્થતંત્ર સુધારવાના પ્રયાસો યોગ્ય હતા અને તેને છાવરવાના તમામ પ્રયત્નો મોદી સરકારના નિષ્ફળ ગયા છે. ગુલબાંગો મારી ગુલાબી ચિત્ર બતાવવાના બધાજ ઉપાયો જમીનદોસ્ત થયા છે.આખરે સરકારે સ્વીકાર્યું કે મંદી ની પરિસ્થિતી છે. ખરીદ શક્તિ વધી નથી. ક્રૂડ ઓઈલ ના ઊંચા ભાવ અને જી.એસ.ટી. ની વસૂલાતમાં ઘટ ને કારણે ફેબ્રુઆરી માં રજૂ થનાર બજેટ ને આખરીઓપ આપવામાં તકલીફ પડી રહી છે.

ક્રૂડ ઓઈલના ઊંચા જતાં ભાવ આર્થિક ક્ષેત્રે ઉથલપાથલ કરી શકે તેમ છે. સમગ્ર રીતે જોતાં વિકાસને નામે શરૂ કરેલી ગાથા આખરે આર્થિક ક્ષેત્રે સતત ડામાડોળ બનતી ચાલી છે.ખેતી અને મેન્યુફેક્ચરિંગ વિભાગના ખરાબ દેખાવને કારણે ૨૦૧૭-૧૮ માં આર્થિક વિકાસ ઘટીને ૬.૫ ટકાએ રહે તેવી શક્યતા છે. કેન્દ્રિય આંકડા વિભાગ (સી.એસ.ઓ.) ના નિવેદન ઉપરદ્રષ્ટિ કરીએ તો ૨૦૧૪માં નવી મોદી સરકાર આવ્યા પછી જી.ડી.પી. ૭.૫%, ૨૦૧૫-૧૬ માં ૮ %, ૨૦૧૬-૧૭ માં ૭.૧ % હતો અને ૨૦૧૭-૧૮ માં ૬.૫ પહોંચે તેવી શક્યતા છે.એકંદરે, આ ઘટાડાનું મુખ્ય કારણ જી.એસ.ટી. નો અમલ અને નોટબંધી ને કારણે છે. એક અંદાજ તો એવો છે કે ૨૦૧૮ માટે જી.ડી.પી. નો ગ્રોથ ૬.૫ % થી પણ નીચે જઇ શકે તેમ છે.કૃષિ ક્ષેત્રનો ગયે વર્ષે ૪.૯ % હતો તે ઘટી ને ૨.૧ %નો થશે. આવી સ્થિતિ હોય ત્યારે ૨૦૨૨ માં ખેડૂતોની આવક બમણી કેવી રીતે થઈ શકે? આર્થિક વૃદ્ધિની ગતિ નબળી પડી ગઈ છોએવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે કે વિકાસ ની માત્ર વાતો કરવાથી તે થાય નહીં. ખેતી ઉપરાંત બાંધકામ ક્ષેત્ર પણ નીચે જતું જાય છે. મેન્યુફેક્ચરિંગ વિભાગ પણ જે ગયે વર્ષે ૭.૯ % નો હતો તે આ વર્ષે ૪.૬% થી પણ ઘટી શકે તેમ છે. કેગ નો રિપોર્ટ કહે છે કે સરકારે તેના ખર્ચમાં ૬.૬ % નો વધારો કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કર્યો હતો તેને બદલે ૧૪.૯ % વધુ ખર્ચ કરી નાંખ્યો છે. સરકાર આ ચક્રવ્યુહમાં થી બહાર નીકળી શકે તેમ નથી. અધુરામાં પૂરું આ બધા આંકડા પર નજર નાંખીએ તો વિકાસ ની ગુલબંગો ગ્રામ્ય અર્થતંત્ર મરણ પથારીએ છે ત્યારે દેશ વિકાસ ને પંથે છે તેવું કઈ રીતે કહી શકાય? પોકારતી મોદી સરકારની હાલત ગંભીર બની છે અને અભિમન્યુના કોઠા માંથી બહાર નીકળવા ને બદલે સરકારને ગળે ગાળિયો મજબૂત બનતો જાય છે. જી.ડી.પી. ના ૨ ઘટાડા ને કારણે એમ કહી શકાય કે સરકારે હજુ વધુ માળખાકીય સુધારા પણ કરવા પડશે. તેને માટે કૃષિ, મેન્યુફેક્ચરિંગ વિગેરે વિભાગો માં ધ્યાન આપીને તેનેઆકર્ષક બનાવવું પડશે. એ બંને ક્ષેત્રમાં સરકારનો દેખાવ અત્યંત નબળો છે. ઈન્ફ્રાસ્ટ્રકચર ના કામોમાં થોડી ઘણી ચહલ-પહલ દેખાય છે પણ તેવું ખાનગી ક્ષેત્રમાં કાઈ નથી. કોઈ પણ નવા પ્રોજેકટો આવતા નથી.જુલાઈ ૨૦૧૭માં રૂ. ૪૩,૪૯૨ કરોડ ના ખાનગી ક્ષેત્રના ૨૪૬ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ હતી જે છેલ્લા ૧૦ વર્ષમાં સહુથી ઓછી રકમના પ્રોજેકટ છે. વૈશ્વિક મંદીને કારણે પણવિકાસને ફટકો પડ્યો છે.

વિહંગાવલોકન કરતાં જણાય છે કે દેશમાં કોઈ પણ ક્ષેત્રમાં અર્થતંત્ર બેઠુ થતું દેખાતું નથી. નાણાં મંત્રીશ્રીના આધારે કહીએ તો ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે ફુગાવો૪ % ના દરે અંકુશમાં રાખવાનો હતો પરંતુ આજે ૪.૫૦ % ને પણ તે આંબી ગયો છે અને આગામી સમયમાં તે વધી શકે તેવું દ્રષ્ટિગોચર થાય છે. ભ્રામક તથ્યો અને જુઠા આંકડા આપીને પણ અર્થતંત્રની સાચી હકીકતો છુપાવી શકાશે નહીં તે જી.ડી.પી. ના આંકડા દ્વારા કહી શકાય તેમ છે. રોજગારી નું સર્જન થતું નથી, યોજનાઓ અધૂરી પડી છે, ફુગાવો વધી રહ્યો છે,ગ્રામ્ય અર્થતંત્ર મરણ પથારીએ છે ત્યારે દેશ વિકાસ ને પંથે છે તેવું કઈ રીતે કહી શકાય?

લેખક : ગૌતમ ઠાકર

પુરુષો કરતા મહિલાઓમાં કટોકટીમાં સામનો કરવાની ક્ષમતા વધુ હોય છે

હિન્દુ જીવનશૈલીમાં મહિલાને શકિતનું પ્રતીક માનવામાં આવે છે અને હવે સાયન્ટિફિકલી પુરવાઇ થઇ રહ્યું છે કે જીવનમાં જયારે કટોકટી આવે ત્યારે પુરૂષોનો સરખામણીમાં મહિલાઓ એવો વધારે સારી રીતે સામનો કરી શકે છે અને જીવી પણ શકે છે. છેલ્લાં ૨૫૦ વર્ષમાં આવેલા દુષ્કાળ, કુદરતી આફતો અને રોગચાળા વખતે પુરૂષો કરતાં મહિલાઓએ એનો સારી રીતે સામનો કર્યો હતો અને પુરૂષો કરતાં વધારે જીવવામાં તે સફળ રહી હતી એમ સધર્ન ડેન્માર્ક યુનિવર્સિટી અને અમેરિકાની ડ્યુક યુનિવર્સિટીના અભ્યાસમાં જાણવા મળ્યું છે. યુક્રેનમાં ૧૯૩૩માં દુકાળ પડ્યો ત્યારે જન્મેલા બાળકોમાં ૧૦.૮૫ ટકા છોકરીઓ જીવતી રહી હતી, પણ છોકરાઓનું આ પ્રમાણ માત્ર ૭.૩ ટકા હતુ. કુદરતી આફતો અને રોગચાળામાં પણ મહિલાઓ વધારે જીવે છે એ પણ આ અભ્યાસમાં પુરવાર થયું છે.

અંગ્રેજી માધ્યમ દ્વારા આધુનિક શિક્ષણ લેનાર બાળક આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત રહી જાય છે

ગતાંકથી ચાલુ...

(૪) **જ્યોતિષશાસ્ત્ર :** આધુનિક અને અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરનારાઓ જ્યોતિષશાસ્ત્રને તો હંબક અને ખોટું માને છે. અને તેના કારણે જ ભારતની આ અદભૂત પ્રાચીન વિદ્યાથી તેઓ વંચીત રહી જાય છે. તેઓ એ હકીકત ભૂણી જાય છે કે જ્યોતિષની સાથે ખગોળશાસ્ત્ર પણ સંકાળાયેલું છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું પરિભ્રમણ કેવી રીતે થાય છે. તેનો અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકને ખ્યાલ જ નથી. આવતો. આકાશ દર્શન નો આનંદ તેઓ લઈ શકતા નથી. ઋતુઓ અને ચંદ્રગ્રહણ કેવી રીતે થાય છે. એ તેઓ સમજી શકતા નથી નક્ષત્રોનું વિજ્ઞાન તેમના માટે કોયડા જેવું છે. પંચાગ એટલે શું? અને તેના પાંચ અંગો ક્યા છે ? એવું પૂછશો તેમને ચક્કર આવી જશે. મૂહૂર્તનું મહત્વ, ચોઘડીયાનું મહત્વ તેઓ કદી સમજી શકશે. નહી. ગ્રહોના સૂક્ષ્મ ગણિતમાં તેમને ગતાગમ નહી પડે. આ બધુ નુકસાન આધુનિક અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોને થાય છે.

(૫) **સત્સંગ :** ભારત એ સંતો, મહંતો અને ઋષિમુનિઓની ભૂમિ છે. નવી પેઢીના સંસ્કાર અને સુખાકારી માટે તેઓ ધર્મગુરૂઓ ના સંપર્કમાં આવે અને તેમના પ્રવચનો નિયમિત સાંભળે એ જરૂરી છે. ધર્મગુરૂઓ અંગ્રેજીમાં નહી પરંતુ સ્થાનિક ભાષાઓમાં તેમના પ્રવચનો કરતા હોય છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર બાળકને આ ભાષા જ સમજાતી નથી વળી તેણે જે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેમા અથતિ અંગ્રેજી મિડિયમમાં સાધુ સંતો પ્રત્યે અને ધર્મગુરૂઓ પ્રત્યે તેના દિલમાં ભારોભાટ નફરત પેદા કરવામાં આવી હોય છે. આ કારણે આવું બાળક તેના જીવનનો ઉધ્ધાર કરવાની ક્ષમતા ધરાવતા આધ્યાત્મિક સત્સંગથી તે વંચિત રહી જાય છે. અને ટી.વી. સીનેમા વગેરેના કુસંગના રવાડે ચડી જાય છે. જે બાળક બાળપણથી જ સત્સંગનો પ્રેમી બને છે તેને મિત્રો પણ સારા અને સત્સંગી મળે છે, સાચા અને કલ્યાણકારી મિત્રો મળે છે. સત્સંગ માટે આપણી માતૃભાષાનું જ્ઞાન હોવું અતિ આવશ્યક અને જરૂરી છે. જ્યારે કુસંગ માટે અંગ્રેજીનું જ્ઞાન પર્યાપ્ત છે. અને તેથી જ આપણા એક ભજનમાં ગવાણું છે કે સવારે સત્સંગમાં આજ મને કાનો દેખાય છે. અને એવી જ રીતે રામચરિત માનસમાં સંત તુલસીદાસે પણ સત્સંગનો મહીમા દર્શાવતા લખ્યું છે કે બિજુ સત્સંગ વિવેક ન હોઈ, રામ કૃપા બિનું સુલભ નહોઈ આવુ સુદર મજાનું જ્ઞાન આપણને આપણી માતૃભાષા કે રાષ્ટ્રભાષા હિન્દીમાં જ મળી શકે અંગ્રેજી મિડિયમમાં ભણતા બાળકોને આપણા ભારતીય ધર્મ સંસ્કૃતિના સત્સંગનો વારસો ક્યાંથી મળી શકે ? કેટલું મોટું નુકશાન ?

(૬) **કળા વારસો :** ભારતીય ભાષાઓનો સંબંધ આર્યદેશના ભવ્ય કળાવારસા સાથે જોડાયેલો છે. અંગ્રેજી માધ્યમમાં ભણનાર બાળક આ ભારતીય સંસ્કૃતિની કળાઓ પ્રત્યે નફરત ધરાવતો થઈ જાય છે.આજે ગુજરાતી, મરાઠી, અને બંગાળી જેવી ભાષાઓમાં ઉત્કૃષ્ટ નાટકો ભજવા રહ્યાં છે. અંગ્રેજી માધ્યમમાં ભણનાર બાળકોને આવા નાટકોમાં ભાગ્યે જ રસ પડે છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકની હાલત મૂળમાંથી ઉખડી ગયેલાં વૃક્ષ જેવી છે. ગુજરાતી ભાષામાં ભવાઈ, રામલીલા, સંગીતનાટક, નૃત્યનાટિકા, અંકાંકી વિગેરે અનેક કળાઓની અભિવ્યક્તિ થાય છે. કાવ્યપઠન, ગીતાગાન, વકતૃત્વ, ઉખાણાઓ, વ્યંગ, ડાયરો, લગ્નગીતો, રાસગરબા, જૈન સ્તવનો, પ્રાર્થનાગીતો, ગઝલ, ભજન,સંતવાણી વિગેરે જેવી લોકકળાઓમાં આપણી ભારતીય પ્રાચીન સંસ્કૃતિનો જ્ઞાનનો અમૂલ્ય વારસો સચવાઈને પડેલો છે આ બધી કળાઓ આપણા બાળકોમાં છૂપાએલી સુષુપ્ત શક્તિઓ ને બહાર લાવી શકે છે. પરંતુ અંગ્રેજી મિડિયમમાં ભણતુ બાળક તેનો લાભ કે આનંદ મેળવી શકતુ નથી કારણ કે તેની આપણા ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલા લોક સંગીત કે ગીતોથી કંટાળો આવે છે અને અંગ્રેજી સંગીત તેને વધારે ગમે છે. પશ્ચાત્ય સંસ્કૃતિનું સંગીત આવા બાળાકોને વધારે ગમે છે. પરદેશી અને અંગ્રેજી સંસ્કૃતિ તેને વધારે વહાલી લાગે છે આપણી ભારતીય સંસ્કૃતિના કળા વારસાથી તે વંચિત રહી જાય છે.

(૭) **તીર્થયાત્રા :** પ્રાચીન કાળથી આપણી સંસ્કૃતિમાં તીર્થયાત્રાનું ભારે મહત્વ રહેલું છે.આધુનિક શિક્ષણ અને તેમાં પણ અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળક માટે તીર્થયાત્રામાં અને ટુરમાં કોઈ જ ફર્ક રહેતો નથી. ભારત ભરમાં જે પવિત્ર તીર્થો ફેલાયેલા છે તે અંગ્રેજી ભણેલા બાળક માટે માત્ર હવા ખાવાના સ્થળો બની રહે છે, કારણ કે તેના મનમાં આપણા દેશમાં થઈ ગયેલા આધ્યાત્મિક પુરૂષો માટે કોઈ જ ભક્તિભાવ કે પુજ્ય ભાવ હોતો નથી. તેના માટે આ બધાં પવિત્ર અને દર્શનીય સ્થળોનથી પણફોટો પાડવા માટેના અને વિડિયો શુટીંગ કરવા માટેનાં પ્રદર્શનીય સ્થળો જ છે.અહીંયા જે પૂજા, આરતી, ભજન, સંતવાણી સ્તવન, અનુષ્ઠાન, મંત્રજાપ વિગેરે જે કંઈ ધાર્મિક કાર્યક્રમો ચાલતાં સાત્વિક અનંદ તેઓ આનંદ તેઓ માણી શકતા નથી.

(૮) **પ્રાચીન વિદ્યાઓ :** ભારતવર્ષમાં અનેક પ્રાચીન વિદ્યાઓ હતી અને આજે પણ અસ્તિત્વમાં છે. આ બધી જ વિદ્યાઓ પ્રત્યે સદ્ભાવ પેદા થાય અને તે ભણી શકાય તે માટે બધી જ વિદ્યાઓ પ્રત્યે સદ્ભાવ પેદા થાય અને તે ભણી શકાય તે માટે સંસ્કૃત અથવા આપણી માતૃભાષાનું જ્ઞાન અનિવાર્ય છે. આવી વિદ્યાઓમાં વાસ્તુશાસ્ત્ર મંત્રશાસ્ત્ર, યોગ વિદ્યા, સ્વપ્નશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર, અશ્વશાસ્ત્ર, વૃક્ષાયુર્વેદ, પ્રાચીન ઈજનેરી વિદ, પ્રાચીન ગણીતશાસ્ત્ર, સ્થાપત્યવિદ્યા, શિલ્પશાસ્ત્ર, મૂર્તિકળા, પશુવિદ્યા, આહારશાસ્ત્ર, નૃત્યશાસ્ત્ર, ક્રિયાકાંડ વિગેરેનો સમાવેશ થાય છે. આજે ધાર્મિક વિધિવિધાન જાણનારા પંડિતોની મોટી ખેંચ છે. વાસ્તુશાસ્ત્ર જાણકારોની ભારે ડીમાન્ડ છે. મંત્રશાસ્ત્રના નિષ્ણાતો ધાર્યા પરિણામો હાંસલ કરી શકે છે. યોગીઓની જગતને ખૂબ જ જરૂર છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર બાળક માટે આ બધી જ વિદ્યાઓનો અભ્યાસ પહોચ બહારની વસ્તુઓ છે. અંગ્રેજી માધ્યમ માટે આજે મા-બાપોમાં જે મોહ જોવા મળે છે તે વિચારપૂર્વકનો અને ગણતરી પૂર્વકનો નહી પરંતુ આંધળો મોહ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે અંગ્રેજી માધ્યમમાં ભણનાર બાળક કોઈપણ રીતે માતૃભાષામાં ભણેલા બાળક કરતાં ચઢીયાતું નથી હોતુ તે માન્યતા ભૂલ ભરેલી છે પરંતુ આપણા ભારતવાસીઓના એટલા બદ્કિસ્મત છે કે આજે પણ સી.એ.ડૉકટર, એન્જીનીયર, હાઈકોર્ટ તથા સર્વોચ્ચ ન્યાયા લયના વકીલ થવા માટે ફરજીયાત અંગ્રેજી માધ્યમમાં, ભણવું પડે છે કારણ કે ઉપરોક્ત હોદ્દાઓનો વહીવટ, ભણતર તથા લખાણો આજેપણ અંગ્રેજી મીડીયમમાં જ ચાલતા હોવાના કારણે આપણે એ ખાતામાં જવું હોય તો ના છૂટકે પણ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો પડે છે. કારણ કે કેન્દ્ર સરકારના તમામ ખાતઓમાં ઓફીશીયલ વહીવટ અંગ્રેજી મીડીયમમાં જ ચાલે છે જેવા કે રાષ્ટ્રીકૃત બેન્કમાં કલાર્કની નોકરી જોઈતી હોય તો અંગ્રેજી આવડવું જરૂર છે. યુ.પી.એસ.સી. (યુનીયન પબ્લીક સર્વીસ કમીશન) ની પરીક્ષા પાસ કરીને આઈ.પી. એસ કે આઈ.એ.એસ થવુ હોય તો અંગ્રેજી આવડવું જરૂરી છે આમ ગુજરાતી માધ્યમમાં ભણતા બાળકને અંગ્રેજી શીખવવો જરૂરી થઈ પડ્યું છે પરંતુ એનો અર્થ એવો ન કરી શકાય કે અંગ્રેજી આવડતું હોય તે જ હોંશીયાર અને અંગ્રેજી ના આવડતું હોય તે બધા ઠોઠ આવી માન્યતા ખોટી છે.

અત્યારની વર્તમાન સમયની માંગ અનુસાર નોકરીઓ મેળવવા માટે કે.સી.એ. ડૉક્ટર, ઈજનેર કે ઉત્તમ વકીલ થવા માટે અંગ્રેજી માધ્યમમાં ભણવું જરૂરી થઈ પડ્યુ હોવાના કારણે ચોક્કસ અંગ્રેજી મીડીયમમાં ભણવું જ જોઈએ પણ તેની સાથે સાથે એ વાતની મૂળ જ કાળજી રાખવી જોઈએ. કે અંગ્રેજી માધ્યમ દ્વારા આધુનિક શિક્ષણ મેળવનાર બાળક આપણા ભારત દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત રહી ના જાય તે બાબતનું ધ્યાન રાખવું ખુબ જ જરૂરી છે અંગ્રેજી માધ્યમના શિક્ષણની સાથે સાથે આપણી માતૃભાષાનું તથા આપણી માતૃભાષાનું તથા આપણી રાષ્ટ્રભાષાનું શિક્ષણ લેવું તે મૂળભૂત અને પાયાની જરૂરીયાત છે કે જેના માધ્યમથી આપણી ભવ્ય સંસ્કૃત વારસો આપણે જાળવી શકીએ અને આપણે બધા વંચીત ના થઈ જઈએ.

જીતેન્દ્ર કે.દેસાઈ
મુ.પો.વરા, તા.કાંકરેજ
જી.બનાસકાંઠા

માલધારી સમાજના પત્રકારોની મીટીંગ યોજાઈ

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

દાનવીર રત્ન શ્રી બાબુભાઈ દેસાઈ ના શ્રી દ્વારકેશ ફાર્મ ખાતે પ્રથમ વખત માલધારી સમાજ ના તમામ મેગેઝીનના પત્રકારો-તંત્રી, સહતંત્રી,લેખક અને સોશ્યલ મીડિયાની મિટિંગ યોજાઈ. શ્રી વાળીનાથ મંદિર પુન ર્નિમાણ નિમિત્તે બાબુભાઈ દેસાઈ (મક્તુપુર) દ્વારા માલધારી સમાજના તમામ સોશ્યલ મીડિયા અને પત્રકાર મિત્રો સાથે મિટિંગ નુ આયોજન કર્યુ હતુ. આ મિટિંગમાં બાબુભાઈ દેસાઈ એ જણાવ્યુ હતું કે તારીખઃ૪-૨-૧૮ થી ૧૧-૨-૧૮ સુધી શ્રીમદ્ ભાગવત કથા ની સાથોસાથ ડાયરા નું પણ ભવ્ય આયોજન અમદાવાદ ખાતે રાખેલ છે.માલધારી સમાજ માં પેહલી વખત ભાગવત કથા નું આયોજન કરવામાં આવશે.ઠંડી ના મોસમ તાપણી કરતા કરતા માલધારી સમાજ ના તમામ પત્રકારો સાથે બાબુભાઈ એ માલધારી સમાજ ના હિત માટેની ચર્ચા-વિચારણાઓ સાથે કલમ નો ઉપયોગ કરી સમાજ ને વાચા આપવાનું માર્ગદર્શન આપીયુ હતું.ત્યારબાદ તમામ પત્રકારો સાથે બાબુભાઈ અને તેમના પરિવાર સૌએ સમૂહભોજન નો આનંદ માણિયો હતો.ત્યારબાદ સૌ સાથે છુટા પડ્યા હતા.

આ મિટિંગમાં બાબુભાઈના દીકરા આનંદભાઈ દેસાઈ, રાજુભાઈ દેસાઈ (માલધારી વોઇસ-માસિક), જગદીશભાઈ ભરવાડ (યુવા ક્રાંતિકારી લેખક), અક્ષયભાઈ ભરવાડ (ગોપાલક સંદેશ-સાપ્તાહિક), સાહરભાઈ રબારી, જોટાણા (માલધારી સંદેશ-માસિક), સુરેશભાઈ રબારી, પાલજ (વિહોતર વોઇસ-માસિક), કાનજીભાઈ રબારી હેડુવા (સોશ્યલ મીડિયા), મહેશભાઈ પાલજ (વિહોતર વોઇસ), આકાશભાઈ દેસાઈ (દેસાઈ ગ્રાફિક્સ) શ્યામભાઈ દેસાઈ (રાધનપુર), સમીરભાઈ ભગત (ગોપાલ સંદેશ-માસિક), ચિરાગભાઈ પાલજ,

ઉજાસ શેખપુર (ગાંધીનગર), રામભાઈ દેસાઈ, લાલાભાઈ દેસાઈ, લક્ષ્મણભાઈ દેસાઈ(વસ્ત્રાપુર) જેવા તમામ નામી અનામી મેગિઝિનો ના તંત્રીશ્રી-સહતંત્રી તેમજ પત્રકારો એ ખાસ હાજરી આપી હતી.

પાંથાવાડાની તિરૂપતી બાલાજી હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો

દિનેશ ત્રિવેદી

આદર્શ ગામ પાંથાવાડા ખાતે આવેલ શ્રી પુનમચંદ દેવરાજ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલીત શ્રી તિરૂપતી બાલાજી હોસ્પિટલમાં રક્તદાન કેમ્પનું આયોજન શ્રી તિરૂપતી બાલાજી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ અને આઈ.ટી.આઈ.દ્વારા શુક્રવારે યુગ પુરુષ શ્રી સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ (યુવાદીન) નિમિતે કરવામાં આવ્યું હતું.જેમાં ૭૫ બોટલ જેટલું રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ,આદર્શ ગામના અગ્રણી રમેશભાઈ ઘાડિયા,કોલેજના નિયામક અરવિંદભાઈ ત્રિવેદી, સરપંચ હંસાજી ગોવલાણી,સુરેન્દ્રસિંહ દેવડા સહિત ગ્રામજનો કોલેજના વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંતરવાડા પ્રાથમિક વિદ્યાલયમાં આનંદ મેળો યોજાયો

પાલનપુર લો કોલેજના વિધાર્થીઓએ કુરિવાજો દૂર કરવા નાટક રજૂ કર્યું

પાલનપુર

દાંતીવાડા તાલુકાના સાંતરવાડા ગામે આવેલ સરકારી પ્રાથમિક વિદ્યાલયમાં શુક્રવારે ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલન પુર લો કોલેજના વિધાર્થીઓએ સમાજ માંથી કુરિવાજો દુર કરવા માટે શીખ આપતું નાટક રજૂ કર્યું હતું. આજુ બાજુના ગામની શાળાઓ પણ મેળાનો લાવો લેવા આવી પહોંચ્યા હતા.

તાલુકાના આદર્શ ગામ પાંથાવાડાની નજીક આવેલા નાનકડા ગામ સાંતરવાડામાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ગ્રામજનોના સહયોગથી એક આનંદ મેળાનું આયોજન યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિતે શુક્રવારે શાળાના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. જેમા પ્રયોગ શાળા, રમત ગમત અને ખાણી પીણીના સ્ટોલ વિધાર્થીઓ દ્વારા લગાવવામાં આવ્યા હતા. ઊંટ સવારી સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા.

જેમાં પાલનપુર વિદ્યામંદિર ટ્રસ્ટની લો કોલેજના વિધાર્થીઓએ સમાજ માંથી કુરિવાજો દૂર કરવા માટે ભ્રુણ હત્યા અને દહેજ પ્રથા નાબુદી માટે નાટક રજૂ કરી સમાજને નવી દિશા બતાવી હતી. જયારે પ્રાથમિક શાળાના બાળકોએ મિત્રતાનો ભાવ રજૂ કરતું કૃષ્ણ સુદામા મિલન અભિનય કરી લોકોને મંત્ર મુગ્દ્ધ કરી દીધા હતા. મેળાને માણવા આજુ બાજુની શાળાઓ પણ આવી પહોંચી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ સનચાલન ઘનશ્યામભાઈ પ્રજાપતીએ કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણા અધિકારી ભરતભાઈ ચૌધરી, બી.આર.સી. જીગરભાઈ જોશી, લો કોલેજના પ્રિન્સિપાલ, તાલુકા મહિલા મોરચાના પ્રમુખ ફાલ્ગુનીબેન ત્રિવેદી, તાલુકા સંઘના મહિપાલસિંહ દેવડા સહિત ગ્રામજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરામાં યુવા પત્રકાર એશોશીયેશન દ્વારા એડાલની પ્રાથમિક શાળામાં પતંગોત્સવ યોજાયો

બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તો આપી આખો દિવસ બાળકો સાથે ઉતરાયણ નું પર્વ મનાવ્યું

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં યુવા પત્રકાર એશોશીયેશન ધ્વરા ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી એડાલ ગામની પ્રાથમિક શાળામાં બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તો આપી આખો દિવસ બાળકો સાથે ઉતરાયણનું પર્વ મનાવ્યું હતુ ત્યારે શાળા પરિવાર તેમજ ગામના સરપંચે પણ આ કામગીરી બિરદાવી હતી. ધાનેરામાં યુવા પત્રકાર એશોશીયેશન ધ્વરા ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી એડાલ ગામની પ્રાથમિક શાળામાં માં ગયા હતા અને ત્યાં ધોરણ ૧ થી ૮ માં અભયાસ કરતા બાળકો ને ઉતરાયણ પર્વ ની માહિતી આપી હતી અને બાળકોને પતંગ દોરા આપી બાળકો સાથે ઉતરાયણનું પર્વ મનાવ્યું હતું અને બાળકોને પતંગ દોરીની સાથે સાથે નાસ્તામાં જલેબી તેમજ ગાંઠિયા આપ્યા હતા બાળકો સાથે ઉતરાયણ પર્વ માનવતા બાળકોમાં પણ ભારે ખુશી ની લાગણી જોવા મળી હતી અને શાળા પરિવાર તેમજ સી આર સી રાકેશભાઈ મોદી અને બી આર સી ઈશ્વરભાઈ ગલચર યુવા પત્રકાર ટીમે કરેલી કામગીરીને બિરદાવી હતી તેમનોઈ આભાર માન્યો હતો યુવા પત્રકાર ટિમ ધ્વરા શાળાની મુલાકત લેતા પહેલા મનમાં અનેક સવાલ ઉઠ્યા હતા પરંતુ ત્યાં જઈ જોયું તો શાળાની સફાઈ બાળકોને આપેલા સંસ્કાર શિક્ષકોની કામગીરી ખુબજ સારી જોવા મળી હતી અને બાળકો ને તેમજ શિક્ષકોને મળી ખુબ આનંદની લાગણી અનુભવી હતી પતંગોત્સવ કાર્યક્રમમાં ધાનેરા બીઆરસી ઈશ્વરભાઈ ગલચર સીઆરસી રાકેશભાઈ મોદી શાળાનો શિક્ષક ગણ ગામના સરપંચ તેમજ મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાજપુર પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના રાજપુર પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની શાળાના સ્ટાફ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વામી વિવેકાનંદના ફોટાને પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રાર્થનાની શરૂઆત કરી હતી. આ પ્રસંગે શિક્ષકો દ્વારા સ્વામી વિવેકાનંદના જીવનની ઝરમરની વાતો કરી સૌ બાળકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને તેમના ગુણો જીવનમાં અપનાવી સાદગીવાળુ જીવન જીવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગો પર વ્યક્તવ્ય આપ્યુ હતું. આ પ્રસંગનું સફળ સંચાલન શાળાના શિક્ષક ચિરાગભાઈ સોની દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગેન સફળ બનાવવા શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા તથા નરેન્દ્રભાઈ ઠક્કર, મંગળસિંહ, નવીનભાઈ મંગળગીરી, મહેશભાઈ વગેરે હાજર રહ્યા હતા.

અંબાજી ખાતે કોમર્સ કોલેજમાં સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતીનો પર્વ ઉજવણી

અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિર ટ્રસ્ટ સંચાલીત કોમર્સ કોલેજ માં સ્વામી વિવેકાનંદજી ની જન્મ જયંતી નો પર્વ અંબાજી નાં સામાજીક અગ્રણી મહેન્દ્ર અગ્રવાલ નાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ કાર્યક્રમ ને દિપપ્રગટાવી ખુલ્લુ મુકાયુ હતુ. આ કાર્યક્રમ દરમીયાન

શ્રી અંબાજી કોમર્સ કોલેજ અંબાજી માં અભ્યાસ કરતી વિધ્યાર્થીની (૧) વેગડા મિત્તલ (૨) શર્મા રોશની જેઓએ ઉત્તર ગુજરાત યુનિર્વસીટી પાટણ ની બી.કોમ સેમ-૩ માં કોસ્ટ 'એકાઉન્ટીંગ વિષય માં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી કોલેજ નું ગૌરવ વધારેલ છે. તે બદલ આજ રોજ સન્માનીત કરવામાં આવેલ છે.

કોમર્સ કોલેજ મા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી જેમાં વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી. નીચે મુજબનાં વિદ્યાર્થીઓ વિજેતાં થયાં.

નિબંધ સ્પર્ધાઃ- (૧)શર્મા રોશની એસ. (૨)વેગડા મિત્તલ કે. (૩)જોષી નિરાલી.એન.

-ચિત્ર સ્પર્ધાઃ-(૧)દરજી કવિતા એલ. (૨)માલવી મનિષ જી. (૩)જોષી પ્રિયંક અને દેશાઈ મોતીરામ. વક્તૃત્વ સ્પર્ધાઃ-(૧)દેશાઈ રાજ.બી (૨)અગ્રવાલ દ્રષ્ટી (૩)જોષી દિનેશ અને ગઢવી ફાલ્ગુની.

-ક્વીઝ સ્પર્ધાઃ-(૧)ગઢવી આરતી (૨)અંજલી અગ્રવાલ (૩)પરમાર નિશા (૪)ઘટાડ મંજુલા આ કાર્યક્રમ ને સફળ બનાવવાં અંબાજી કોમર્સ કોલેજ નાં પ્રિન્સીપાલ ડૉ.હસમુખભાઈ પટેલ, અધ્યાપકઃ- દિપકભાઈ દરજી, સુમીતભાઈ જોષી, જયદિપભાઈ પંડ્યા,દિલિપભાઈ પંડ્યા

તેમજ લાઈબ્રેરીયનઃ- બિપિનભાઈ પટેલ ઉપસ્થીત રહી કાર્યક્રમને સફળ બનાવવાનાં પ્રયાસો કરાયાં હતા.અને કોલેજનાં પહેલાં બીજા અને ત્રીજા વર્ષનાં વિધ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અખીલ ભારતીય વિધ્યાર્થી પરીષદ દ્વારા કરાયુ હતુ. અને ઈનામ અને પ્રમાણપત્રો પણ અખીલ ભારતીય વિધ્યાર્થી પરીષદ દ્વારા વિતરણ કરાયુ હતુ.

ધાનેરા ભારત વિકાસ પરિસદ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ભારત વિકાસ પરિસદ ધાનેરા શાખા દ્વારા પણ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન શાહ રામચંદ સ્વરાજ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું.ભારત વિકાસ પરિસદ ધાનેરા શાખા દ્વારા સમાજ ઉપયોગી વિવિધ સેવાકીય કર્યો કરવામાં આવે છે ત્યારે આજે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિતે ધાનેરામાં અગ્રવાલ ત્રણ રસ્તા પર આવેલી સ્વામીજીની પ્રતિમાને ફૂલ હાર પહેરાવવમાં આવ્યા હતા અને તે સાથે શાહ રામચંદ સ્વરાજ હોસ્પિટલમાં રક્ત ડેન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના પ્રમુખ ડો. લાખાભાઈ પ્રજાપતિ ,સંસ્થાના ઉત્તર પ્રાંતના પ્રમુખ અરવિંદભાઈ તુવર સહીત ધાનેરા શાખાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાન કરવામાં આવ્યું હતું.

ધાનેરામાં કે.આર.આંજણા કોલેજ ખાતે વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં આજે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે કે.આર.આંજણા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો હતો.

૧૨ મી જાન્યુઆરી ના દિવસને સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ તરીકે મનાવવામાં આવે છે આજના દિવસે મહાન વિભૂતિ અને સમગ્ર વિશ્વ માં ભારત દેશનું નામ ઉજાગર કરનારા સ્વામીજી બહુ ઓછું જીવ્યા પણ ખુબ આદર્સ પૂર્ણ જીવ્યા જે આદર્ષોને આજે પણ વિસ્વ યાદ કરે છે ત્યારે આજે ધાનેરા ખાતે કે આર. આંજણા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમા વિવેકાનંદજીની જન્મ જયંતિ પ્રસંગે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના પ્રમુખ, મંત્રી સહીત ટ્રસ્ટીઓ તેમજ કોલેજના આચાર્ય લાલાભાઈ દ્વારા સ્વામીજીની પ્રતિમાને ફૂલ હાર પહેરાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્વામી વિવેકાનંદજીના ઉચ્ચ આદર્શો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો તે બાદ રક્તદાન કેમ્પની સરૂઆત કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સ પૂર્વક રક્તદાન કરવામાં આવ્યું હતુંઈ જેમાં ભણસાલી હોસ્પિટલ ડીસાના ડોક્ટર્સ અને સ્ટાફ દ્વારા રક્ત દાન કેમ્પમાં સારી સેવા આપી હતી.

સીસરાણા મા. ઉ.મા. શાળામાં પતંગોત્સવ તથા સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

તા.પ્રતિ. સીસરાણા

સીસરાણા મા.ઉ.મા. શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી રાષ્ટ્રીય યુવાદિન તરીકે કરવામાં આવી હતી. જેનું સંચાલન પી.બી.પટેલે કરેલ હતું. વિવેકાંનંદ જયંતિ તથા પતંગોત્સવ દિનની ઉજવણી શાળાના આચાર્ય પી.બી. ચંડીસાના માર્ગદર્શન તળે કરવામાં આવેલ હતી.

આ નિમિત્તે કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભાગ લેનાર બહેનોમાં પ્રથમ ક્રમે નાઈ હિરલબેન. કે. ઠાકોર તેજલબેન એચ.તથા દ્વિતીય ક્રમે પ્રજાપતિ રિંકલબેન અને.જસાલિયા નિશાબેન આવેલ હતા. સ્પર્ધકોને પ્રવૃત્તિ કન્વીનર નિલેશભાઈ વી.પટેલ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. પતંગોત્સવમાં સોલંકી આયુષકુમાર એસ.ને સંસ્થાના પ્રમુદ વિરસંગભાઈ પટેલના હસ્તે ઈનામ આપવામાં આવેલ.સમગ્ર કાર્યક્રમમાં તમામ સ્ટાફે ઉત્સાહપૂર્વક સહયોગ આપેલ હતો.

થરા ખાતે પૂ. જલારામબાપાનો ભજન - સતસંગનો કાર્યક્રમ યોજાયો

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગર ખાતે પરાગ પેટ્રોલ પંપની પાછળના વિસ્તારમાં ન્યુઝ પેપર એજન્ટ જગદીશભાઈ દવેના ઘરે થરા જલારામ બાપા ભક્ત મંડળ દ્વારા ભજન સતસંગનો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં કાંકરેજ તાલુકાના નવોદિત ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા ઉપસ્થિત રહેતા. તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રહલાદભાઈ ઠક્કર, મોહનભાઈ ઠક્કર આસોપાલવ દિપકભાઈ ઠક્કર (અંબુજા), કાંતિભાઈ ઠક્કર તથા મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહી ભજન સતસંગનો લાભ લીધો હતો.

ભરત સુંદેશા

ડીસા ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૬ મી જન્મ જયંતી ઉજવાઈ હતી. આ પ્રસંગે ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા, એસ.ટી.નિગમના ડિરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા, જિલ્લા મહામંત્રી અમરત દવે, શહેર પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, મહામંત્રી ચેતન ત્રિવેદી તેમજ રામપુરા મઠના નિર્માલાપુરીજી સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થત રહ્યા હતા.

ભુતેડી પ્રા.શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

સંજય જોશી

પાલનપુર

પાલનપુર તાલુકાના ભુતેડી ગામે આજે સ્વામી વિવેકાનંદ ની ૧૫૫ મી જન્મ જયંતિ નિમિતે ભુતેડી પ્રાથમિક શાળામાં પ્રેરણા મિત્ર વર્તુળ પાલનપુર દ્વારા ભુતેડી શાળાના બાળકો દ્વારા વ્યસન પર વકૃતસભરધા રાખવામાં અવી હતી જેમાં શાળાના ૧૬ બાળકોએ ભાગ લીધો હતો જેમાં ૧થી ૩ ર્હ પ્રાપ્ત કરનાર વિધાર્થી ઓ ને પ્રેરણા મિત્ર વર્તુળ દ્વારા સ્વામી વિવેકાનંદની ટ્રોફી આપીને સન્માનવામાં આવ્યા હતા તેમજ પ્રેરણા મિત્ર વર્તુળ દ્વારા શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું આકાર્ય ક્રમમાં ગામના સરપંચ રમેશ ભાઈ રાતડા પૂર્વ સરપંચ મહેશ ભાઈ પ્રજાપતિ પ્રેરણા મિત્ર વર્તુળ ના પ્રમુખ ભાવેશ ભાઈ મંત્રી સુરેશ ભાઈ જાની મિત્ર પરિવાર તેમજ શાળાના આચાર્ય મયંક ભાઈ ઉપસ્થિત રહયા હતા આ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક પરેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

જગાણા પ્રા.શાળા ખાતે વિદાય અને સત્કાર સમારંભ યોજાયો

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ઉત્તમ સેવા આપતા પથુભાઈ માળીની વહીવટી કારણોસર બદલી અને જયાબેન મોદી વય નિવૃત થતાં તેમજ નવા આચાર્ય નિમાયેલા દેવરાજભાઈ ચૌધરીના સત્કાર સમારંભ (ભાવદર્શન) ના ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો.

વય નિવૃત જયાબેન મોદીએ તિથિ ભોજન તેમજ શાળાને ૧૧,૦૦૦ રૂ.દાન આપેલ. જ્યારે સ્ટાફ મિત્રોએ શાલ અને મોમેટો આપી તેમનું બહુમાન કર્યું.

પથુભાઈ માળી છેલ્લા પાંચ વર્ષથી આચાર્ય તરીકે શાળામાં સેવાઓ આપતા હતા. તેઓએ શાળાના વિકાસ માટે ૫૦૦૦ રૂ.દાન આપેલ તેઓએ વોલીબોલ. ક્રિકેટ તેમજ રાજયકક્ષાએ નેતૃત્વ પુરૂ પાડેલ તેઓને શાળા પરિવાર તેમજ ગામે શાલ, ફૂલહાર, મોમેન્ટ આપી બહુમાન કર્યું હતું.

આ ઉપરાંત નવા નિમાયેલા આચાર્ય દેવરાજભાઈ ચૌધરીને આવકાર આપી સન્માન કરાયુ હતું. આ વિદાય,

ભાવદર્શન, સત્કારના ત્રિવેણી કાર્યક્રમમાં જગાણાના સરપંચ ભરતભાઈ ચૌધરી, લક્ષ્મીબેન કરેણ, ડે.સરપંચ હરેશભાઈ કરેણ, ભેમજીભાઈ ચૌધરી, કનુભાઈ દવે, મહેન્દ્રભાઈ ત્રિવેદી જેઠાભારથી ગૌસ્વામી, ભાનુભાઈ રાવલ, નાથુભાઈ ધોયા, કરશનભાઈ જરમોલ, વિરસંગભાઈ ચૌધરી, નટુભાઈ નાયક ભૂતપૂર્વ આચાર્યઓ તેમજ અધિકારીઓ હાજર રહ્યા તેમજ ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત્તિ હતા. આ વિદાય અને સત્કાર (ભાવદર્શન) સમારત્તને સફળ બનાવવા પ્રા.શાળાના આચાર્ય અને સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

દાંતાના રતનપુરમાં...

પાના નં .૧ ચાલુ

પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ જુથ અથડામણમાં ૯ ઈસમોને ઈજાઓ થયેલ છે. જેમાં ૬ ઈસમોને દાંતા સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે ત્રણ ઈસમોને વધુ વધુ સારવાર અર્થે ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ ખાતે ખસેડવામાં આવેલ છે.

પાલનપુરમા...

પાના નં .૧ ચાલુ

ની શોધખોળ આદરી હોવાનું ડી.વાય.એસ.પી. એ.આર. જનકાન્તે જણાવ્યું હતું. છ માસ અગાઉ જેના લગ્ન થયા હતા તેવો જબરસિંહ નામનો યુવક એક પતંગ જેવી નજીવી બાબત મા મોત ને ભેટતા પાલનપુર સિવિલમાં પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

છાપી હાઈ-વે...

પાના નં .૧ ચાલુ

કાર ચાલક મહંમદભાઈ ઈલીયાસભાઈ સુલીયાનું કરૂણ મોત નિપજ્યું હતું ફરાર થઈ ગયેલ ઈકો કારના ચાલકને પણ ઈજાઓ થયાનું જાણવા મળે છે. યુવકના મોતથી ચંગવાડા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

થરાદમાંથી વિદેશી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આડેતરના રામભાઈ પુરોહિતે ભરી આપ્યો અને તેને થરાદ તાલુકાના વડગામડાના હિરજી રતનશીભાઈ પટેલને આપવા જતા હોવાનું જણાવ્યું હતું. આ અંગેની મોનીટરીગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરના ભાવીનભાઈ મેરામણભાઈ બાબરીયાની ફરીયાદના આધારે થરાદ પોલીસે બંન્ને શખસો તથા દારૂ ભરાવનાર અને મંગાવનાર સહિત ચારેય સામે ગુનો દાખલ કર્યો હતો.આ બનાવથી બુટલેગરોમાં ખળભળાટ મચવા પામ્યો હતો.

થરાદની પ્રાંત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

શહેરના વિસ્તારમાં ઉભરાયેલી ગટરના કારણે તેમાંથી માથું ફાડી નાખે તેવી તીવ્ર વાસ આવતાં અહીંથી પસાર થતા રાહદારીઓ તથા વાહનચાલકોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યોછે. વળી જાહેરમાર્ગ પર ભરાઈને પડ્યા રહેતા આવા ગંદા પાણીથી રોગચાળો ફેલાવવાની પણ પુરી દહેશત ઉઠવા પામીછે. આ અંગે તંત્રનું અવારનવાર ધ્યાન દોરવા છતાં પણ નક્કર કામગીરી નહી થતાં પ્રજાજનોમાં ભારોભાર રોષની લાગણી ફેલાવા પામી હતી.

તળાજા-પાલીતાણા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

હર્ષરત્નવિજયજી મ.સા., મુનીશ્રીભવ્યરત્નાવિજયજી મ.સા. વગેરે મહાત્માઓએ સારગર્ભિત પ્રવચનો કર્યા હતા તા. ૧૪-૧-૨૦૧૮ દાદા ના દરબારમાં તીર્થમાળ પરીધાનનું ભવ્ય અનુષ્ઠાન ઉજવાયા બાદ મુંબઈ-મહારાષ્ટ્ર ગુજરાત-રાજસ્થાન અને દિલ્હી અને એનઆરઆઈ પરદેશના યાત્રિક ભાઈ-બહેનોએ સમ્પૂર્ણ સંતોષ સાથે સ્વસ્થાને પ્રયાણ કર્યું હતું. નવયુવકો અને મહિલા મંડળના સેવભાવી સ્વયં સેવકો પ્રબળ પુરૂષાર્થ સાથે આ પદયાત્રિક સંઘને સફળતાના ચાર ચાંદ લગાવ્યા હતા.

ડીસા તાલુકામાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

લીધી ન હતી અને એક વર્ષ અગાઉ બનાવેલ આ કોઝવે આજે બપોરે અચાનક તૂટી પડ્યું હતું.આ કોઝવે ની સાઈડ માં પણ મોટી તિરાડ આવિ જવાપામી હતી. જો કે આ કોઝવે તૂટતા ગામમાં દૂધ નું ટેન્કર આવવાનું બંધ થઈ જવા પામ્યું હતું જેથી દશ હજાર લીટર દૂધ ડેરીમાં જતું અટકી જતા ગ્રામજનો ને વ્યાપક નુકસાન વેઠવું પડયું હતું.ગ્રામજનો અને ગામના સરપંચ એ કોઝવે બનાવનાર કોન્ટ્રકટર સામે કાર્યવાહી નો માંગ સાથે ચિધ્યામાર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને તત્કાલ આ કોઝવે ને રીપેર કરવાની માંગ કરી છે.

આ બન્ને ગામને જોડતો ડામર રોડ પણ એક માસ આગાઉ બનાવવામાં આવ્યું હતું જે પણ એક માસ માં તૂટી જવા પામ્યું હતું.જોકે કોઝવે અને રોડના કામ માં વ્યાપક ભષ્ટાચાર થયાના આક્ષેપ સાથે ગ્રામજનો માં રોષ વ્યક્ત કર્યો હતો.

ડીસામાં ઉત્તરાયણની...

પાના નં .૮ ચાલુ

કરી હતી. જેમાં ઉત્તરાયણ દાન પુણ્યનો પર્વ હોઈ લોકોએ દાન ધર્મ કરી ગાયોને ઘાસ તેમજ ગૌશાળાઓમાં દાન આપ્યું હતું.પરંતુ પતંગની મસ્તીમાં કેટલાય નિર્દોષ પક્ષીઓ જાણ ગુમાવવા પડયા હતા.આકાશમાં ઉડી રહેલા પક્ષીઓ પતંગના દોરના કારણે ઘવાતા હોઈ ડીસામાં પક્ષીઓની સારવાર માટે વિવિધ જગ્યાએ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.ડીસામાં વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિ કરતા સેવાભાવી મનુભાઈ આસનાની દ્વારા,અખિલ ભારતીય રાજેદ્ર જૈન તરુણ પરિષદ શાખા દ્વારા , જય જલિયાંણા સેવા કેમ્પ,ડીસા યંગ બોયસ દ્વારા તેમજ અનેક સંસ્થા દ્વારા અનેક રાહત કેમ્પો ઉભા કરવામાં આવ્યા હતા.બે દિવસમાં વિવિધ કેમ્પો પર સતત ઘવાયેલા પક્ષી અંગે હેલ્પલાઈન પર ફોન આવતા હતા જેમાં અંદાજિત ૧૫૦ જેટલા વિવિધ પક્ષઓ ઘવાયા હતા. જેમાંથી ૩૦ જેટલા પક્ષીઓના મોત નિપજ્યા હતા .જ્યારે સારવાર દરમ્યાન સાજા થયેલા પક્ષીઓને ગૌશાળાઓમાં મોકલાયા હતા.

મલાણાના વિવાદિત...

પાના નં .૮ ચાલુ

માણસો હોવાના આક્ષેપ થયા હતા. અને જેને લઈને વહીવટી તંત્ર અને પોલીસ રિસોર્ટ માલિકોને છાવરી રહી હોવાના આક્ષેપ થયા હતા. જ્યારે આગામી દિવસોમા આ રસ્તા મામલે ઉકેલ નહિ આવે તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો બહિષ્કાર કરાશે તેવી ગ્રામજનોએ ચીમકી આપી હોવાનું અવચલભાઈએ જણાવ્યું હતું.

જોકે, ગાય અને ગૌચરને લઈ જંગે ચડેલા ગામ લોકો આ વિવાદિત રસ્તા માટે મરવાની તૈયારી પણ બતાવી રહ્યા છે. છેલ્લા ચાલીસ વર્ષ થી આ ગૌચર માં ચરતી ગાયોને હટાવી ગૌચર પડાવી લેવાના રિસોર્ટ માલિકો સામે ગ્રામજનો કોઈ પણ પ્રકારની લડાઈ લડી લેવા તૈયાર છે.

વિવાદિત રિસોર્ટના વિવાદિત રસ્તાને લઈ મલાણા ગામના ગ્રામજનોએ ચક્કાજામ કર્યો હતો. અગાઉ પણ રિસોર્ટના રસ્તાને મામલે ગ્રામજનો અને રિસોર્ટ માલિકો વચ્ચે ઘર્ષણ થઈ ચૂક્યું છે. ત્યારે રાજકારણીઓની ઓથ હેઠળ ગૌચરમાં બની રહેલા રસ્તાને લઈ જિલ્લા કલેકટર આવીને ખાતરી આપશે પછીજ રસ્તો ખુલ્લો કરીશુંની ચીમકી ઉચ્ચારી હતી.

ધાનેરા રેલવે ...

પાના નં .૮ ચાલુ

રેલવે બાઉન્ડ્રી વિસ્તારમાંથી અવરજવર કરતા રોકવા નહીં અને આ વિસ્તારમાં કાયમી માર્ગ કરી આપો આ રેલવે ફાટક નંબર ૧૩૬ થી ધાનેરાના પૂર્વ તરફના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ જતો હોઈ અસંખ્ય વાહનો રાત દિવસ પ્રસાર થતા હોય છે.

આ બાબતે તા.૨૭/૧૨/૨૦૦૯ ના રોજ જ્યારે મીટરગેજ થી બ્રોડગેજ લાઈન નાખવામાં આવેલ તે દરમ્યાન કલેક્ટર બનાસકાંઠા અને સાંસદ સ્વ. મુકેશભાઈ ગઢવીને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ કરવામાં આવેલ સ્વ.શ્રી મુકેશભાઈ ગઢવીએ તે વખતે કેન્દ્ર સરકારમાં રજૂઆત પણ કરી હતી.વધુમાં આવેદન પત્રમાં જણાવેલ કે આ ફાટક ઉપર રેલ્વે ઓવરબ્રીજ બનાવવામાં આવે અથવા કાયમી ગેટમેન રાખી ગેટ મુકવામાં આવે તેમજ બાજુમાં આવેલ રેલવે ગરનાળાને દુરસ્ત કરી યોગ્ય માર્ગ બનાવવામાં આવે. આ માગણી નહી સ્વિકારવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવુ મૌખિકમાં પણ જણાવેલ.

આ વિષે રેલવે જનરલ મેનેજર એ જણાવેલ કે આ ફાટક રોડ ઓવર બ્રિજ બનાવવા માટે રાજ્ય સરકાર જો ખર્ચમાં ભાગીદાર થાય તો રેલવે દ્વારા ઓવરબ્રિજ બનાવી આપવામાં આવશે.

ધાનેરામાં રેલ્વેની ...

પાના નં .૮ ચાલુ

વરસાદ થાય તો આ ગરનાળાથી ખેતરોનો પાણી ઉચપાલયા તળાવમાં આવતું, પરંતુ ૨૦૧૫ અને ૨૦૧૭માં ધાનેરામાં પૂર આવતાં આ નીચેતી તૂટી ગયું છે અને ત્યાં મોટા મોટા ખાડા પડ્યા છે તેમજ રસ્તો સદંતર બંધ થઈ ગયો છે રેલ્વે સત્તાવાળાઓ ગરનાળાથી નીકળતા આ માર્ગને દુરસ્ત કરતા નથી અને શહેરથી રેલ્વે સ્ટેશન તરફ જતા જે જાહેર માર્ગ જાય છે ત્યાં રસ્તો બંધ કરવાની કામગીરી કરી રહ્યા છે.

ધાનેરામાં બાઇકચોરી...

પાના નં .૮ ચાલુ

ઉઠાંતરી મોટા પ્રમાણમાં થઈ રહી છે જેના કારણે પોલિસની ઉમહ હરામ થઈ જવા પામી છે. જેને લઈને પોલિસવડાએ તમામ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ વધારી દિધુ છે તેમજ આવતા જતા સંકાસ્પદ લોકોની પણ તપાસ કરવા જણાવતા ધાનેરા પી.આઇ.આર.કે.પાઠક તેમજ તેમની ટીમના દિલાવરખાન, ભેમજીભાઇ, પ્રકાશભાઇ, જબ્બરસિહ, હરેશભાઇ તેમજ તેમની ટીમના માણસો નેનાવા ચેકપોસ્ટ ખાતે વાહન ચેક કરી રહ્યા હતા ત્યારે ગુજરાત થી રાજસ્થાન તરફ જતા બાઇક નં-GU-૦૮-AR-૧૨૯૭ ના ચાલકને ઉભો રાખી મોટરસાઇકલ ના કાગણો માંગતા તેણે કાગળો ના આપતા પોલિસે તેની આકરી પુછ્પરછ કરવાની સરુઆત કરતા તે ભાંગી પડ્યો હતો અને તે બાઇક ચોરીનુ હોવાની કબુલાત કરી હતી. જેથી આ ઈસમને ૧૪-૧ડી મુજબ અટક કરી પોલિસ મથકે લાવી સધન પુછપરછ કરતા તેનુ નામ ચેતન ધોલારામ રુપારામ જાતે લુહાર રહે.વાડાભાડલી તા. ભીનમાલ જી. જાલોર (રાજસ્થાન) હોવાનુ જણાવ્યુ હતુ. તેમજ આ ઈસમે ૪ દિવસમાં પાલનપુર સહેર વિસ્તારમાંથી ૪ બાઇકોની ઉઠાંતરી કરી હોવાની પણ કબુલાત કરી હતી.

કોંગ્રેસના ઉમેદવાર...

પાના નં .૮ ચાલુ

છે. ગામની સાથ દરેક સમાજના પ્રસંગોમાં તેમની હાજરી અચુક રહેતી છે. વર્ષોથી કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલ છે અત્યારે ડીસા તાલુકા કોંગ્રેસના મંત્રી તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી રહ્યા છે. તેમનો નાનોભાઈ હેમંતભાઈ દેસાઈ પણ ડીસા તાલુકા એન.એસ.યુ.આઈ. ના પ્રમુખ તરીકે સેવા આપી છે. તેમનો બીજો ભાઈ ભુરાભાઈ દેસાઈ પણ ઓટોમોબાઈલ્સના વ્યવસાયમાં નામના ધરાવે છે.

નેસડાજુના જિલ્લા પંચાયતની બેઠક પર આવતા ગામડાઓમાં દશરથભાઈ દેસાઈનું ભારે પ્રભુત્વ છે. સ્નેહીજનો સંબંધીઓ અને મિત્રોની ખુબ મોટી સંખ્યા આ બેઠકના ગામડાઓમાં રહેલી છે. તેઓ સતત આ વિસ્તારના ગામડાઓમાં કાર્યરત રહેલ છે. જેથી તેમની દાવેદારી પ્રબળ માનવામાં આવી રહી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા જો તેમને જિલ્લા પંચાયતની નેસડાજુના બેઠક પર ટીકીટ ફાળવાય તો તેમની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે નેસડાજુના જિલ્લા પંચાયતની બેઠક સામાન્ય સ્ત્રી માટે ફાળવવામાં આવી છે ત્યારે નેસડાજુના જિલ્લા પંચાયતની બેઠકના સમવિસ્ટ ગામના સ્થાનિક ઉમેદવાર તરીક વડાવળ ગામના ઉત્સાહી દશરથભાઈ ગમાનભાઈ દેસાઈને કોંગ્રેસ પક્ષ ટીકીટ આપે ડતેવી લોક માંગ પણ ઉઠી રહી છે.

ડીસાના ટી.સી.ડી....

પાના નં .૮ ચાલુ

આર.સિંધાલે પોલીસ સ્ટાફ સાથે ઓચોંતી રેડ કરતા ટીમે રેડ કરતાં જુગાર રમતા શખ્સો એ નાસભાગ કરવાની કોશિશ કરી હતી.જોકે પોલીસે જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી લીધા હતા.પોલીસે ઝડપાયેલાઓની અંગઝડતી કરી તેમજ જુગાર સાહિત્ય અને દાવમાં લાગાવેલ રોકડ મળી કુલ ૧૦,૫૮૦ રૂપિયાનો મુદ્દમાલ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગાર ધારા કલમ એક્ટ ૧૨ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ખરોડીયા ગામની....

પાના નં .૮ ચાલુ

લીટર પાણી વેડફાયું હતું જેને લઈ ને પાણી ખેતરો મા ઘુસી જવાની દહેશત સ્થાનિક રહીશ કનુભાઈ અને શામળભાઈએ વ્યક્ત કરી હતી. મીડિયાના અહેવાલ બાદ તંત્ર દોડ્યું અને તાકીદે પાઈપ લાઈન રીપેર કરતા પાણી વેડફાતા બચ્યું હતું. છેલ્લા આઠ દિવસથી પીવાના પાણીની લાઈન લીકેજ હતી. ગ્રામજનોના ધ્યાન દોરવા છતાં સિંચાઈ વિભાગે ધ્યાને લેવાની તસ્દી લીધી ન હતી. ત્યારે ગઈકાલે ધરોઈ ની મેઈન પાણી ની પાઈપ લાઈન માં ભંગાણ થતા હજારો લીટર પાણી વેડફાયું હતું.

ભરત સુંદેશા

ડીસા સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૬ મી જન્મ જયંતી ઉજવવામાં આવી હતી. જેમાં ડીસા તાલુકા કોંગ્રેસ સમીતી, ડીસા શહેર કોંગ્રેસ સમિતિ, જાગૃતી ટ્રસ્ટ બનાસકાંઠા, પ્રકાશભાઈ ભરતીયા, દિપકભાઈ પટેલ, મુકેશભાઈ સોલંકી, જગદીશભાઈ મોદી, વસંતભાઈ ટાંક, કેશુભાઈ પરમાર, દિવ્યાબેન પંચાલ, નયનભાઈ પરમાર, નયનાબેન સોલંકી, જયેશભાઈ પરમાર, જોરાભાઈ જોષી, અશોક રાજપુત, બાબુભાઈ વણકર, કેવળભાઈ પરમાર, અમરત દેસાઈ, અશોક ઠક્કર વિગેરે કોંગ્રેસના કાર્યકરો હાજર રહીને ફુલહારથી ધામધુમથી ઉજવણી કરી હતી.

વડોદરામાં કુરિયર એસો. દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ

મનીષ જોશી

પ્રતિનિધિ વડોદરા

સાહિત્યકાર વજુ કોટકના શૈશવના સ્મરણો પર આધારિત પુસ્તક 'બાળપણના વાનરજોગ' માં વજિયો તેના મામાની ટપાલ પોસ્ટના ડબ્બા 'ટપાલ પેટી' માં પોસ્ટ કરવા જાય છે અને ટપાલ પેટીમાંથી ટપાલ મળ્યાને ત્યાં કઈ રીતે પહોંચે તેનું કુતુહલ થતા વિચારે ચઢે છે.. પરિવર્તન જિંદગીનો નિયમ છે. હવે ટપાલ પેટી ઓછી થતી જાય છે અને કુરિયર સર્વિસ વધતી જાય છે. ત્યારે વડોદરા ખાતે કુરિયર એસોસિએશન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. એમાં ૩૨ ટીમોએ ભાગ લઈ પોતાના કાંડાનું કૌવત બતાવ્યુ હતું. તેમાંથી શક્તિ કાર્ગોની ટીમ વિજેતા બની હતી. તેને કપ આપવામાં આવ્યો હતો. વખતોવખત વિવિધ સ્પર્ધાનું આયોજન થશે. એમ કુરિયર સર્વિસના અગ્રણી કાનજીભાઈ મોકરીયાએ જણાવ્યું હતું.

થરાદના આદેશમંદીરમાં કુતરાં માટે લાડુ બનાવાયા

વિષ્ણુ દવે

થરાદ

થરાદ શહેરના હાઈવે વિસ્તારમાં આદેશમંદીર આવેલું છે.મંડળના પરિવારના સદસ્યો દ્વારા દર વર્ષે ઉત્તરાયણ પ્રસંગે માનવ અને પ્રાણીઓની સેવાના કાર્યો કરવામાં આવેછે.આ વર્ષે પણ મહિલામંડળ દ્વારા ગાય અને કુતરાં માટે લાડુ અને સુખડી બનાવવામાં આવી હતી.આ ઉપરાંત ગાયોને ઘાસચારો અને ગરીબોને કપડાંનું પણ વિતરણ કરવામાં આવેછે તેમ આદેશ મંડળના મહંત જયંતીકાકાએ જણાવ્યું હતું.

વિષ્ણુ દવે

સ્વામી વિવેકાનંદ નિ જન્મ જયંતિ નિમિત્તે ભારત વિકાસ પરિષદ થરાદ દ્વારા સ્વામી વિવેકાનંદ નિ પ્રતિમા ને પુષ્પ માળા કરવામાં આવી તેમજ હોસ્પિટલમાં દર્દી ઓ ને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૯૫૦૦-૩૯૬૦૦**
રૂપુ કાચું	૩૯૫૦૦-૩૯૮૦૦
સોનુ તોલો	૩૦૫૦૦-૩૦૮૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૦૪૦**
પામોલીન	૧૦૨૦
સોયા રીફાઈન	૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી.	૧૬૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.	૧૫૫૦
સીગતેલ ૫ લી.	૫૦૫
તિરૂપતી કપા.	૧૨૪૦
૫ લીટર	૩૯૫
વનસ્પતિ ઘી	૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો	૩૨૦૦
૫ કે. કોપરેલ	૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ	૫૦૫
૧૫ લીટર સનફલાય	**૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૩૦૦
૫ લી.	૫૨૦
૨ લી.	૧૯૮
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૯૫૦
મગદાળ નર્મદા સુપર	૬૦૦૦
નર્મદા મગ મોગર	૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૯૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૭૮૦૦
હેરીટેજ દુબાર	૬૦૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૪૦૦-૩૫૦૦**
ખાંડ એમ.	**૩૬૦૦-૩૭૦૦**
ખાંડએલ.	૩૭૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૧૦૦
જીરાળુ	૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૭૮૦
મેંદો	૭૧૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	પર૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૪૪૦૦
ખાંડ બુરૂ	૪૪૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૯૦૦-૧૧૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૧૬૦-૨૦૦
સુકી ડુંગળી	૬૦૦-૭૦૦
લસણ	૩૦૦-૫૦૦
ધાણા	૨૦૦-૩૦૦
મરચાં	૪૦૦-૬૦૦
લીંબુ	૩૦૦-૫૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૬૦૦-૭૦૦
રીંગણ	૩૦૦-૪૦૦
ટામેટા	૧૪૦-૧૬૦
ભીંડા	૮૦૦-૯૦૦
કોબી	૧૮૦-૨૦૦
વટાણા	૪૦૦-૬૦૦
ટીંડસા	૫૦૦-૬૦૦
ગવાર	૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા	૧૪૦-૨૦૦
સાંગા બટાકા	૧૨૦- ૧૪૦
તુરીયા	૩૦૦-૬૦૦
તુવેર	૬૦૦-૮૦૦

જાવલ પ્રા.શાળામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ગત તા.૧૨/૧/૨૦૧૮ ના રોજ ડીસા તલુકાની જાવલ પ્રા.શાળામાં કુચાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીમ દ્વારા શાળાના બધા જ વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક આરોગ્ય તપાસણી અંગેનો કાર્યક્રમ યોજાયો.

જેમાં બધા જ વિદ્યાર્થીઓની ઉંચાઈ, વજન અને દર્દો ની તપાસ કરાઈ તથા પ્રાથમિક સારવારો અંગે સમજણ આપવામાં આવી કુચાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફગણમાં સ્ત્રી આરોગ્ય કાર્યકર અને પુરૂષ આરોગ્ય કાર્યકરો ઉપસ્થિત રહી વધુ ખામીયુક્ત બાળકોને સંદર્ભકાર્ડ દ્વારા આગળની હોસ્પિટલે સેવા માટે જવા અંગેની કામગીરી કરી હતી.આ કાર્યકમને સફળ બનાવવા શાળાના આચાર્ય ઈશ્વરભાઈ સી.ડાભી તથા તમામ સ્ટાફગણે જરૂરી સહયોગ આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

પાલડી-પરૂં પ્રા.શાળામાં પતગોત્સવની ઉજવણી

નવિન દોશી

પ્રતિ.મીઠી પાલડી

તા.૧૩/૧/૨૦૧૮ ને શનિવારના રોજ પાલી (મીઠી) પાલડી-પરું પ્રા.શાળામાં પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના ૧૦૦ બાળકોને પતંગ-દોરીની વહેચણી કરવામાં આવી તેમજ શાળાના બાજુના મેદાનમાં બાળકોને પતંગ ચગાવી પતંગોત્સવની મજા માણી આ પ્રસંગ નિમિતે શાળાના વડિલ શિક્ષક જગતસિંહ કે.ઝાલા દ્વારા બાળકોને દરવર્ષની જેમ આ વર્ષે પણ ફાફડા-જલેબીનું તિથિભોજન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળા પરિવાર દ્વારા સરસ રીતે કરવમાં આવ્યું.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

હિંમતનગરમાં અકસ્માતમાં બે યુવાનોના મોત

હિંમતનગર

ટ્રકે બાઈકને અડફેટે લેતાં અકસ્માત બે યુવાનોનાં કમકમાટીભર્યા મોત હિંમતનગર શહેરના મોતીપુરા બાયપાસ રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બે યુવાનોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયાં હતા. આ અંગેની વિગત એવી છે કે, રાજસ્થાનનાં અજમેરથી હિંમતનગર ખાડે કડિયાકામ કરવા આવેલા સુરેશ ખાતુજી અસારી અને પપ્પુ લક્ષ્મણભાઈ ડામોર નામના બંને યુવાનો હિંમતનગર બાયપાસ ટોલપ્લાઝા પાસે નવા બની રહેલા બિલ્ડિંગમાં કડિયાકામ કરતા હતા. મોડી સાંજે આ બંને યુવાનો બાઈક પર કોઈ કામસર નીકળ્યા હતા. મોતીપુરા બાયપાસ નજીક બહેરામુંગા શાળા નજીકથી બંને જણા બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળના ભાગેથી સિમેન્ટના પતરાં ભરી આવતા ટ્રકે બાઈકને અડફેટે લઈ જોરદાર ટક્કર મારતાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ઉપરોક્ત બંને યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત થયા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક નાસી છૂટ્યો હતો. પોલીસે ગુનો દાખલ કર્યો છે.

કડી- છત્રાલ રોડ પર બાઈક સ્લીપ ખાતાં ચાલકનું મોત

મહેસાણા

કડી છત્રાલ રોડ પર બાઈક સ્લીપ થતાં ચાલકને શરીરે ગંભીર ઈજાઓ થતાં કડીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જે અંગે કડી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવામાં આવી હતી. જાણવા મળતી વિગતો અનુસાર દેત્રોજના ભાટવાસણ ગામના જીતેન્દ્રજી જયંતિજી ઠાકોર ગત ગુરૂવારે પોતાનું બાઈક લઈ કડી- છત્રાલ રોડ પરથી નિકળેલ ત્યારે જીતેન્દ્ર ઠાકોર બાઈક પરનો કાબુ ગુમાવતા તેઓ જાતે નીચે પટકાયા હતા અને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક કડીની સિવીલમાં ખસેડવામાં આવેલ. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. કડી પોલીસ મથકે જયંતિજી માધાજી ઠાકોરે ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈમાં ખેડૂતોને સમયસર યુરિયા ખાતર ન મળતા હોબાળો

હિંમતનગર

વર્તમાન રવિ સીઝનમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતાં ખેડૂત આલમે ઘઉંનું વાવેતર કર્યું છે. ત્યારે રવિ સિઝન માટે જરૂરી યુરિયા ખાતરનો જથ્થો ન મળતાં ખેડૂતોમાં રોષ વ્યક્ત થયેલ છે. ગત સોમવારે હિમંતનગરના ગાંભોઈ ખાતે ખેડૂતોએ હોબાળો મચાવી દીધો હતો, ખેડબ્રહ્માના તાલુકા સંઘ બહાર ખાતર માટે ખેડૂતોએ વહેલી સવારથી જ લાઈનોમાં ઉભા રહ્યા હતા. તેમ છતાં ખાતર ન મળતાં ખેડૂતોમાં નારાજગી જોવા મળી હતી. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી યુરિયા ખાતરનો જથ્થો સમયસર ન મળતાં ખેડૂતો પરેશાન થયા છે, યુરિયા ખાતરની આવકના અભાવે ખેડૂતોને જરૂરિયાત મુજબનું ખાતર મળતું નથી. જેથી પાકને નુકશાન થવાની ભીતિ સેવાઈ છે. હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે આવેલ જિલ્લા ખરીદ સંઘના કેન્દ્ર બહાર સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી.અરવલ્લી જિલ્લામાં વાવણી ટાણે જ યુરિયાની અછત વર્તાતા ખાતર મેળવવા લોકોની પડાપડી જોવા મળી હતી.

વિવિધ બજાર ભાવ

ડીસા	
એરંડા	૭૮૫-૭૯
રાયડો	૬૪૫-૬૬૩.૫૦
બાજરી	૨૫૦-૨૭૩
મગફળી	૬૫૧-૭૬૧
રાજગરો	૭૭૦-૮૦૫
કપાસ	૧૦૨૩
ગવાર	૭૮૭-૮૨૬

લાખણી	
રાયડો	૬૪૫-૬૫૨
એરંડા	૭૭૫-૭૯૬
ગવાર	૭૫૧-૮૨૫
કપાસ	૯૭૫-૧૦૨૨
બાજરી	૨૪૭-૨૭૩
વરી.	૯૭૫-૧૦૪૧
સવા	૮૮૪-૯૧૦
રાજગરો	૭૫૦

પાલનપુર	
રાયડો	૬૫૦-૬૬૪
એરંડા	૭૮૦-૮૬૧
ઘઉં	૩૨૬-૩૬૩
જુવાર	૭૧૧-૭૮૪
બાજરી	૨૧૬-૨૪૮
મગફળી	૭૦૦-૭૯૨
રાજગરો	૭૦૦-૮૧૨

ભીલડી	
એરંડા	૭૯૬-૮૦૫
ઘઉં	૩૧૯
ગવાર	૭૭૫-૮૧૦
તલ	૧૬૪૧
કપાસ	૯૦૦-૧૦૦૫
બાજરી	૨૩૫-૨૫૦

થરાદ	
રાયડો	૬૫૫-૬૭૯
એરંડા	૭૭૫-૮૦૫
મગ	૮૦૦-૯૦૫
મઠ	૫૪૦-૬૦૫
જીરુ	૩૨૦૦-૩૬૮૧
ગવાર	૮૦૦-૮૩૧
મગફળી	૬૫૦-૭૧૧
અજમો	૧૦૦૦-૧૮૦૦
રજકાબાજરી	૩૫૪-૩૬૫

રાહ	
રાયડો	૬૫૦-૬૬૫
એરંડા	૭૭૫-૭૮૧
રજકાબાજરી	૩૨૫-૩૫૦
ચિકુડી	૮૭૦-૯૧૧

ધાનેરા	
ઘઉં	૩૨૨
બાજરી	૨૪૬-૨૮૭
મગ	૯૧૨
ચોળા	૬૭૧
ગવાર	૭૬૩-૮૧૦
મગફળી	૬૦૦-૭૫૦
રાયડો	૬૫૦-૬૭૨
એરંડા	૭૮૩-૭૯૬
બીજડા	૧૨૯૫
ઈસ.	૧૮૬૧
જીરૂ	૩૪૨૦
તલ	૧૪૦૦-૧૪૭૦
સુવા	૯૨૭
અન્ય	૮૫૬-૧૦૦૦

પાટણ	
એરંડા	૭૫૦-૮૧૬
રાયડો	૬૧૫-૬૫૦
અજમો	૬૦૦-૮૧૨
વરી.	૮૭૦-૧૦૦૦
બંટી	૩૨૬-૩૬૩
જુવાર	૫૬૨-૬૪૬
તલ	૧૫૨૫-૧૫૭૫
ઘઉં	૩૩૮-૩૫૭
મગ	૬૦૦
બાજરી	૨૧૫-૨૪૩
અડદ	૭૦૦-૭૬૮
ગવાર	૭૮૦-૮૨૫
કપાસ	૯૬૦-૧૦૬૫

થરા	
એરંડા	૭૯૬-૮૦૫
રાયડો	૬૪૫-૬૫૫
ગવાર	૭૬૦-૭૮૫
ઘઉં	૩૩૦-૩૪૫
બાજરી	૨૨૫-૨૪૫
મેથી	૫૧૦-૫૫૦

સિદ્ધપુર	
ઘઉં	૩૪૨-૩૫૬
બાજરી	૨૧૮-૨૪૯
જુવાર	૭૬૦-૭૭૪
એરંડા	૭૪૦-૮૦૬
અડદ	૭૮૦-૮૨૧
રાયડો	૬૪૦-૬૫૫
ગવાર	૮૧૫-૮૩૬
ચોળા	૫૨૫
કપાસ	૯૩૨-૧૦૭૩

ખેરાલુમાં અધિકારીઓની આડોડાઈથી ફક્ત એક જ આધાર સેન્ટર ચાલુ

મહેસાણા

ખેરાલુમાં માત્ર એક જ સ્થળે મામલતદાર કચેરીમાં આધારકાર્ડ સેન્ટર ચાલુ રખાયું હોવાથી સેન્ટરના ઓપરેટરની મનમાનીથી સામાન્ય સુધારા માટે ધક્કે ચઢેલા પ્રજાજનોમાં રોષ પ્રસરી રહ્યો છે.

દેશભરમાં બોગસ આધાર કાર્ડ કાઢવાના કિસ્સા પ્રકાશમાં આવતા રાજયપાલે રાજયમાં ખાનગી પ્રિમાઈસીસમાં ખસેડવા આદેશ કર્યો હતો. જે મુજબ સીએચસીની મંજુરી પ્રાપ્ત હોય તેવા ખાનગી પિઆઈસીમાં ચાલતા આધારકાર્ડ સેન્ટરોને સરકારી કચેરીમાં ખસેડવા જોઈતા હતા. પરંતુ જિલ્લાના અધિકારી ઓની મીલીભગતના કારણે એક એજન્સીને આર્થિક ફાયદો કરાવવાના ભાગરૂપે ખેરાલુમાં ફક્ત મામલતદાર કચેરીમાં એક જ આધારકાર્ડ સેન્ટર ચાલુ રખાયું છે. જેમાં સામાન્ય ભૂલો સુધારવા ધક્કે ચડેલા લોકો આધાર વિના નિરાધાર બની ગયા છે.

જ્યારે ખેરાલુ મામલતદાર કચેરીનો સંપર્ક સાધતા સેન્ટરના ઓપરેટર લોકોને ઉંઠાં ભણાવતા નજરે પડ્યા હતા. જેમાં વિઠોબાના એક અરજદારે તેમના આધાર કાર્ડની પ્રિન્ટ મળી નથી. તો પ્રિન્ટની માંગણી કરતાં ઓપરેટરે અમારી પાસે કલર પ્રિન્ટ નથી. તો અન્ય સેન્ટર પરથી કલર પ્રિન્ટ કઢાવી લો તેમ જણાવ્યું હતું. જેથી લોકોમાં રોષ વ્યક્ત થયો હતો.

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે રૂા. ૨૬ લાખના કામોનું ખાતમુહુર્ત કરાયું

ઊંઝા

મહેસાણા જીલ્લાના ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે ગ્રામ પંચાયત, ટુંડાવ અને વાસ્મોના સંયુક્ત ઉપક્રમે રૂ. ૨૬ લાખના ખર્ચે તૈયાર થનાર ઓવરહેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ ટાંકી અને પમ્પીગ સ્ટેશન રૂમનું ખાતમુહુર્ત પટેલ હર્ષદભાઈ વિરાભાઈ (યુ.એસ.એ.) –કાપડીયા પરિવારના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ટુંડાવ ગામના ભામાશા અને આ કામના લોકફાળાના ૧૦ ટકા રકમનું દાન આપનાર શ્રી હર્ષદભાઈ પટેલ (કાપડીયા પરિવાર)એ જણાવ્યું હતું કે, ટુંડાવ ગામમાં ઓવરહેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ ટાંકી અને પમ્પીગ સ્ટેશન રૂમની કામગીરી પૂર્ણ થયેથી ગામમાં દરેક ઘરને સમયસર પાણી મળી રહેશે. જળ એજ જીવન સુત્રને સાર્થક કરી પાણીનો કરકસર ઉપયોગ કરી પાણીનો બગાડ ન કરવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ટુંડાવ કેળવણી મંડળના મંત્રી અને કેળવણીકાર ખોડભાઇ પટેલે આવો સૌ સાથે મળી ટુંડાવ ગામના વિકાસમાં સહભાગી બનવા ચિંતન અને ચિંતા કરવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. ગ્રામજનોના આરોગ્યને હાનિ ન થાય તે માટે સ્વચ્છતા અભિયાન ઉપાડવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે વાસ્મોના જિલ્લા કો-ઓર્ડીનેટર કનુભાઈએવાસ્મો યોજનાની માહિતી આપતાં જણાવ્યું હતું કે, વાસ્મો દ્વારા દરેક ગામમાં વસ્તીના ધોરણે પાણીની જરૂરીયાત મુજબ આયોજન કરી લોકભાગીદારીથી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે. લોકફાળાથી પોતાનાપણાની ભાવના જાગે છે. પાણી સમિતિએ પાણીનુંબજેટ બનાવી જરૂરીયાત મુજબ પાણી આપી પાણીનો કરકસર ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ડૉ. રાજુભાઇ પટેલે જણાવ્યું હતું કે, પાણી એ કુદરતની દેન છે. ટયુબવેલમાંથી જેટલું પાણી ખેંચીએ તેટલું વરસાદી પાણીનું રીચાર્જ કરી સરભર કરવું જોઈએ. પાણીનો બગાડ ન થાય તે માટે કમીટી બનાવી દેખરેખ રાખવી જોઈએ. ભાવિ પેઢીને ખ્યાલમાં રાખી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીએ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કર્યું હતું. સ્વાગત પ્રવચન ભગુભાઇ પટેલે કર્યું હતું. સંચાલન શ્રી પંચાલે કર્યું હતું. આ પ્રસંગે પાણી પુરવઠાના નાયબ કાર્યપાલક ઈજનેર દરજી, વાસ્મોના કિન્નરીબેન પટેલ, સરપંચ શ્રીમતી હંસાબેન પટેલ, ઉપસરપંચશ્રી નટવરભાઈ પટેલ, તાલુકા ડેલીકેટ પ્રહલાદભાઈ પટેલ, કાપડીયા પરિવારના જયંતીભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સદસ્યો, આજુબાજુ ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

રાધનપુર કોલેજમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ સપ્તાહ- યુવાદિનની ઉજવણી

કમલ ચક્રવર્તી

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ,રાધનપુરમાં પ્રિન્સિપાલ ડૉ.સી.એમ. ઠક્કર માર્ગદર્શન હેઠળ ‘સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટર’ના ઉપક્રમે સ્વામી વિવેકાનંદજી ૧૫૭ મી જન્મ જયંતિ નિમિત્તે ૮ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી ૨૦૧૮ (એક સપ્તાહ) દરમ્યાન વ્યાખ્યાનમાળા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ અને કોમર્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા.

જેમાં તા. ૦૮/૦૧/૨૦૧૮ ના રોજ પ્રો.ડૉ.કુંજલબેન બારોટ દ્વારા ‘‘મહાવિભૂતિઃ સ્વામી વિવેકાનંદ’’ તા. ૦૯/૦૧/૨૦૧૮ ના રોજ પ્રો.ફરહાનાબાનુ દિવાન દ્વારા ‘‘સફળતાનો પર્યાયઃ સ્વામી વિવેકાનંદ’’ તેમજ તા. ૧૦/૦૧/૨૦૧૮ ના રોજ પ્રા.સ્નેહલતાબેન ગામીત દ્વારા ‘‘યુવા પેઢી અને સ્વામી વિવેકાનંદ’’ વિષયો ઉપર પ્રેરક અને રસપ્રદ વ્યાખ્યાનો પ્રસ્તુત કર્યા હતા.

જેનો કોલેજના વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં લાભ લીધો હતો. તા. ૧૧/૦૧/૨૦૧૮ ના રોજ નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થીઓ અને નિબંધ સ્પર્ધામાં ૨૧ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. સમગ્ર સપ્તાહની ઉજવણી દરમ્યાન ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ મુલાણી તથા મેનેજિંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા.

જયારે પ્રિન્સિપાલ ડૉ.સી.એમ. ઠક્કરે યુવા પેઢી, ભારત રાષ્ટ્ર અને સ્વામી વિવેકાનંદ સંદર્ભે પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટર સાથો- સાથ આર્ટસ એન્ડ કોમર્સ વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ખુબ જહેમત ઉઠાવી સહકાર આપ્યો હતો.

રાધનપુરમાં ઉત્તરાયણની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર પંથકમાં ઉત્તરાયણની હર્ષોલ્લાષ સાથે ઉજવણી કરવામાં આવી હતી.પતંગ રસિયાઓએ પવનના સુસવાટા વચ્ચે × એ કાયપો છે × ની ચિચિયારીઓ પાડીને વાતાવરણને ખુશનુમા બનાવી દીધું હતું. વહેલી સવારથી જ પતંગરસિયા ધાબા ઉપર ચડી ગયા હતા અને ગીતોની રમઝટ વચ્ચે પતંગ કાપવાની રમઝટ બોલાવી હતી.કેટલાક ધાબા ઉપર સમગ્ર પરિવાર,તો ક્યાંક યુવતીઓએ ભેગા મળીને, તો ક્યાંક પતિ-પત્નીએ પતંગની મોજ માણી હતી.કેટલીક જગ્યાએ અવનવા મહોરાં પહેરીને મનોરંજન મેળવ્યું હતું.

ટુંડાવના મૂર્ધન્ય કેળવણીકાર ખોડભાઈ પટેલનું પ્રશસ્તિ પર્વ ઉજવાયુ

ઊંઝા

આઝાદી પૂર્વે, ઈ.સ.૧૯૪૧ માં જેનો શુભારંભ થયેલો તેવી ટુંડાવ તા. ઊંઝામાં એ.વી.સ્કુલ નામક માધ્યમિક શાળાનો પાયો નંખાયો. જે સમયાંતરે ‘‘શ્રેયસ વિદ્યાલય’’ નામાભિધાન થયેલું. ઊંઝા પંથકમાં ટુંડાવની શ્રેયસ વિદ્યાલય એક સિમાચિહન હાઈસ્કુલ બની રહી. જેમાં આજુબાજુના -૧૨-૧૨ ગામોની જ્ઞાનભૂખ સંતોષી- અનેકાનેક ક્ષેત્રોમાં ઝળહળતા સિતારા- ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, રાજકારણી, સામાજીક સેવકો- શિક્ષણવિદો- હાલમાં પ્રવર્તમાન છે.

ટાંચા સાધનોથી ઉભી કરેલી શાળાને નિભાવવા, આર્થિક સંકટોનો સામનો કરી, યુવાન વયે શાળાને દિર્ઘદ્રષ્ટા આચાર્ય તરીકે ૧૯૫૮ માં એક બાહોશ, દૂરંદેશી, પ્રામાણિક અને ખંતીલા આચાર્ય ખોડભાઈ જે.પટેલ મળ્યા, જેમણે શાળાને પ્રગતિના પંથે ધપાવી, ઉન્નત શિખરે પહોંચાડી અને સમગ્ર મહેસાણા જિલ્લાના નમૂનેદાર શાળામાં ગણના પામી એ લક્ષ્મીદેવી શ્રેયસ વિદ્યાલય અને વી.એમ.ઉચ્ચતર મા.શાળાના શીલ્પી તેમજ પ્રાણતત્વ સ્વરૂપ, કેળવણી મંડળ ટુંડાવના મંત્રી ખોડભાઈ જે.પટેલની ૯૦ વર્ષની જૈફ વયે પણ યુવાન જેટલી સ્ફૂર્તિ ધરાવતા, વતનના પનોતાપુત્રનું ઋણ સ્વીકાર કરવા તેમજ પ્રશસ્તિપર્વ ઉજવવા, પૂ.આચાર્ય ખોડભાઈ સાહેબના ‘જીવન- કવન’ ને વંદન કરવા, વયસ્ક અને પાકટ ઉંમરના તેમના હજારો શિષ્યો- કે જેઓ વિવિધ ક્ષેત્રોમાં પોતાનું સ્થાન ધરાવે છે. તેવા ભૂ.પૂ.વિદ્યાર્થીઓ જે ગુજરાતના દરેક ખૂણામાં સ્થિત છે. તેવા ભાવુક વડીલ વિદ્યાર્થીઓએ ...ભાવાશ્રુ નયને ગુરૂજી ખોડભાઈને ભાવવંદના પ્રગટ કરતો કાર્યક્રમ અતિ ઉત્સાહ સાથે ઉજવાયો.

સૌમ્ય, દિવ્ય અને ભવ્ય સાંસ્કૃતિક પ્રસંગના અધ્યક્ષ તરીકે અમદાવાદ સ્થિત ઉદ્યોગપતિ- દાનવીર, ઉમિયા માતાજી ઉંઝા સંસ્થાના પ્રમુખ અને ટુંડાવ કેળવણી મંડળના પ્રમુખ, પ્રબુધ્ધ સેવાભાવી વડીલ પ્રહલાદભાઈ એ.પટેલે (કામેશ્વરવાળા) કાર્યક્રમ ખુલ્લો મુક્યો. અતિથિ વિશેષ પદે અમેરિકા સ્થિત, શાળાના જ ભૂ.પૂ.વિદ્યાર્થી હર્ષદભાઈ પટેલ (અમેરિકા સ્થિત) ના ધર્મપત્ની હંસાબેન એચ. પટેલ અને જગડુશા ગણાતા દાનવીર હર્ષદભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ડીસા, ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડૉ.અજયભાઈ જોષી, આમંત્રિત મહેમાનો ભા.વિ. પરિષદના પૂર્વ કુલપતિ ડૉ.એમ.એન.પટેલ ખાસ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના શુભારંભે શાળાની વિદ્યાર્થીનીઓએ સુંદર, ભાવવાહી સ્વાગતગીત કરી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધા. પ્રસંગમાં ઉપસ્થિત પૂર્વ વિદ્યાર્થીઓ અને મહાનુભાવોનું સ્વાગત પ્રવચન ઉમળકાભેર ભગુભાઈ પટેલે કર્યુ. એકાદ વર્ષ અગાઉ શાળાને ૭૫ વર્ષ થતાં ઉજવાયેલા અમૃત મહોત્સવની સ્મરણિકા ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું. ઊંઝાના નવનિયુક્ત ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહેલ. શાળાના ભૂ.પૂ.વિદ્યાર્થી અને શિક્ષક તેમજ ‘‘ગોપાલબંધુ’’ માસિકના તંત્રી, સાહિત્યકાર ગોવિંદભાઈ રબારી (અમૂઢ) એ શાળાનો સવિસ્તાર અહેવાલ રજૂ કર્યો તેમજ ગદગદિત કંઠે આચાર્ય ખોડભાઈ સાહેબને ભાવવંદના કરી તેમના સમગ્ર જીવન કવનનો આબેહુબ ચિતાર રજુ કરી, પંથકના શિક્ષણના ઋષિ તરીકે નવાજ્યા. ડીસાના જાણીતા ડૉક્ટર અજયભાઈ જોષીએ પોતાની દિવ્ય, પ્રભાવક અને સૌમ્યવાણીથી ખોડભાઈ સાહેબની ‘‘શિક્ષણયાત્રા’’ ને નવાજી. શિસ્ત, શિક્ષણ અને સંસ્કાર વિષે મનનીય પ્રવચન કરેલ. ધાનેરાના ભા.વિ. પરિષદના અરવિંદભાઈ તુવરે શિસ્ત, શિક્ષણ અને સંસ્કાર વિશે મનનીય પ્રવચન કરેલ. ધાનેરાના ભા.વિ.પરિષદના અરવિંદભાઈ તુવરે ખોડભાઈ સા.ના જીવન કવન વિશે જાણી શિક્ષીત અને દિક્ષીત વ્યક્તિની શિક્ષણ અને સમાજ સેવાને વખાણી.

મહેસાણા જિ.ના પૂર્વ પ્રમુખ ભીખાભાઈ પટેલ (ઉનાવા) એ પોતાના જીવનમાં સંઘર્ષના સમયમાં, ખોડાભાઈ સાહેબ ચાણક્ય બનીને રાહબર બની મહેનતના મંત્રને ચરિતાર્થ કરાવનાર ગુરૂજીને કોટી કોટી પ્રણામ કરી, રીતસરના રડમસ અવાજે દિગ્મૂઢ બની ગયેલ.

શાળાના પુર્વ શિક્ષક, સાહિત્યપ્રેમી ડી.કે.સોનીએ પોતાના ભૂતકાળના સંસ્મરણો વાગોળીને ખોડભાઈ સાહેબના શિક્ષણયજ્ઞના ભૂરી ભૂરી પ્રશંસા કરી વંદના કરેલ. શાળાના પૂ.આચાર્ય સી.સી.પટેલે પોતાના આચાર્ય પદ સમયે ખોડભાઈ સાહેબે આપેલી પ્રેરણા- હૂંફની વિગત રજુ કરી.

ગામના સર્વાંગી વિકાસમાં સહાય સહયોગી હર્ષદભાઈ પટેલ, જયંતિભાઈ વી.પટેલ- પરિવારે અમેરિકાથી ખાસ માદરે વતન ટુંડાવ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સ્પોન્સર કરી, દિલની દિલેરી અને શિક્ષણની સખાવતને સાર્થક કરેલ.

આ પ્રસંગે ભૂ.પૂ. વિદ્યાર્થીઓ ડીસાના જાણીતા તબીબ ડૉ.એમ.સી.પટેલ, નિવૃત એન્જી. વાસુભાઈ પટેલ, નિવૃત એન્જી. તુલસીભાઈ સી.પટેલ, મંગુભાઈ પટેલ, ગોવિંદભાઈ એ. પટેલ, નિવૃત્ત પ્રોફેસર ગણેશભાઈ પટેલ, ગુજ.યુનિ.ના પૂર્વ કુલપતિ એમ.એન. પટેલ, જુનાડીસાથી ગુજ. ગ્રામીણ પત્રકાર સંઘ, ગાંધીનગરના નિયામક રમેશભાઈ બી. મહેતા, પ્રજાપતિ સમાજના તમામ નિવૃત અધિકારીઓ, નિવૃત ઓફિસર નટુભાઈ બારોટ તેમજ આજુબાજુના ગામોના પૂર્વ વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ૮૮ વર્ષની જૈફ વયે પણ ઉપસ્થિત શાળાના પૂર્વાચાર્ય અંબુભાઈ પટેલ (સંડેર) ખાસ ઉપસ્થિત રહેલ. જેમનું સન્માન કરવામાં આવ્યું.

કેળવણી મંડળના પ્રમુખ શેઠ પ્રહલાદભાઈ પટેલે શાળાના ઉત્કર્ષ માટે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખડેપગે સેવા કરવાની તત્પરતા દર્શાવી તો દાનવીર હર્ષદભાઈ પટેલે વતનનું ઋણ ચુકવવા જરૂર પડે હાકલ કરવા વિનંતી કરી.

સમગ્ર પ્રસંગની સફળતા માટે ટુંડાવ ગામના સુજ્ઞ નાગરિકો રમણભાઈ કે.પટેલ, માધુભાઈ એસ.પટેલ, વીસાભાઈ પટેલ, ખેમચંદભાઈ પટેલ(પૂર્વ સરપંચ), કનુભાઈ એમ.પટેલ , ભરતભાઈ કે.પટેલ, જે.વી.પટેલ વિ.એ વગેરેના તનતોડ પ્રયત્નનો શાળાના ઉત્સાહી યુવાન આચાર્ય ડૉ.મૌનિકભાઈ પટેલ અને તેમની ટીમ (શાળા પરિવારે) ખુબ જ ચીવટપૂર્વક આયોજન કરેલ.

વારાહીની બે શાળાઓમાં કરૂણા અભિયાન અંતર્ગત માર્ગદર્શન અપાયું

વારાહી

શ્રી સાર્વજનિક ઉ.મા.શાળા, વારાહી અને શ્રી એસ ડી આચાર્ય પ્રા.શાળામાં કરૂણા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું.

સંદર્ભે મકરસક્રાંતિનો તહેવાર અને તેના કારણે પક્ષીઓને ઘણીવાર જીવ ગુમાવવો પડે તે માટે શ્રી સાર્વજનિક ઉ.મા. શાળા, વારાહી અને શ્રી એસ ડી આચાર્ય પ્રા.શાળા વારાહીમાં વિદ્યાર્થીઓને જાગૃત કરવા શાળાના આચાર્ય પી.આર. પંચાલે વહેલી સવારે અને મોડી સાંજે પતંગ ન ચગાવવા અને સાંજે પાંચ વાગ્યા અને વાગ્યા સુધી પતંગ ઉડાવાનો સમય સાચવવા વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. આ રીતે આચાર્યએ વિદ્યાર્થીઓને પક્ષીઓના જીવ બચાવવા પર ભાર મૂક્યો હતો. શાળાના બાળકોને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા માટે ભારપૂર્વક સમજાવ્યા હતા. આ પ્રસંગે સા.ઉ.મા. શાળાના આચાર્ય પી આર પંચાલ, એસ ડી આચાર્ય પ્રા.શાળાના આચાર્ય દેવીસિંહ આર.પરમાર તથા બાળકો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

રાધનપુરમાં ઉત્તરાયણના દિવસે ઊંધિયા-જલેબીની મોજ

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં રવિવારે ઉત્તરાયણ પ્રસંગે શહેરના મુખ્ય બજારોમાં ઊંધિયા-જલેબીના વેચાણ માટે શામિયાણા ઉભા કરવામાં આવ્યા હતા.વહેલી સવારથી જ ઊંધિયા-જલેબીના ચાહકોએ લાઈન લગાવી દીધી હતી.ઊંધિયું-જલેબીના વિક્રેતા હરેશભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ આ વર્ષે ભાવમાં ખાસ વધારો નહોતો,શહેરમાં ૨૫થી વધુ નાના-મોટા સ્ટોલ લાગ્યા હતા.

ડીસામાં ઉત્તરાયણની મજાએ ૩૦ થી વધુ પક્ષીઓનો ભોગ લીધો

ભરત સુંદેશા

૧૫૦ થી વધુ અબોલ પક્ષીઓ ઘવાયા : જીવદયા કેમ્પોમાં વારંવાર ફોન આવતા રહ્યા

ડીસા

ડીસા શહેરમાં ઉત્તરાયણની મસ્તીએ ૩૦થી વધુ પક્ષીઓનો ભોગ લીધો. ઉત્તરાયણ દરમ્યાન શહેરમાં વિવિધ જીવદયા કેમ્પોમાં સતત ફોન રણકતા રહ્યા જેમાં ૧૫૦થી વધુ પક્ષીઓ ઘવાતા સારવાર આપી બચાવી લેવાયા હતા. છેલ્લા પાંચ વર્ષ થી દર વર્ષે ઉત્તરાયણે પક્ષીઓના મોત અને ઈજા થવાનો આંકડો વધતો રહે છે જે ખુબજ ચિંતાજનક બાબત છે. ડીસામાં નગરજનોએ મકર સંક્રાંતિની મસ્તીભેર ઉજવણી

અનુસંધાન પાના નં.૬

ડીસાના બજારમાંથી વાહનમાંથી મરચું, હળદર અને ચાના પાર્સલ ચોરાયા

તસ્કરો રૂા.૧.૬૦ લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા : દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ

ડીસા

ડીસામાં વેપારથી ધમધમતા મુખ્ય વિસ્તાર રિસલા બજારમાં એક વેપારીના ઉભેલા ડિલિવરી વાહનમાંથી કોઈ તસ્કરો ચા,હળદર અને મરચાના પાર્સલ મળી કુલ રૂ. ૪૦૭ના ટેમ્પામાં ૧.૬૦ લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા હોવાની ફરિયાદ વેપારીએ દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ચોરીની વિગત એવી છે કે, ડીસાના રત્નદીપ સોસાયટી ખાતે રહેતા રમણીકલાલ ચીમનલાલ શાહ ડીસાના મુખ્ય વિસ્તાર ગાંધીચોકમાં કરીયાનાની દુકાન ધરાવે છે અને મરચું, હળદર, ચા,તેમજ કરીયાણાનો વેપાર અન્ય છૂટક વેપારીઓને ડિલિવરી વાહન મારફત કરે છે. દરમ્યાન ગત તા.૨૩ ની સાંજે તેમને ડિલિવરીની ૪૦૭ ટેમ્પો જીજે ૦૮ યુ ૯૯૦૯માં ક્રિયાણાના પાર્સલ, મરચું, હળદર તથા ચા ના દાગીના ભરી રિસલા ચોકમાં ટેમ્પો પાર્ક કર્યો હતો.

જેમાં કોઈ અજાણ્યા શખ્સો આ ટેમ્પાનો પાછળનો દરવાજો તોડી ૨૨ કિલો મરચું,૩૦ કિલો હળદર અને ૨૨ કિલો ચાના પાર્સલ ચોરી ગયા હતા. સવારે ટેમ્પોનો દરવાજો તૂટેલો અને દાગીના ચોરી થતાજ રમણિકલાલ શાહે કુલ રૂા.૧,૬૦,૦૦૦નો મુદ્દામાલ ચોરાયો હોવાની ફરિયાદ ડીસા દક્ષિણ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરા ખાતે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરે મુલાકાત લીધી

(એન.કે.મોદી)

ધાનેરાનો રેલ્વે પુલ તાત્કાલીક બનાવવા માટે ઝડપી કામગીરી શરૂ કરાવો : નથાભાઇ પટેલ

(તા.પ્રતિ.) ધાનેરા

જયપુર વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરે સોમવારે વહેલી સવારે ધાનેરા ની મુલાકાત લેતા ધાનેરાના અગ્રણી નાગરીકો દ્વારા તેમનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમજ ધાનેરા રેલ્વેને લગતા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય મુદ્દો રેલ્વેપુલ તેમજ ખેડુતોના રસ્તા બંધ કરાવી દેવાયા છે તે બાબતે ધાનેરા ધારસભ્ય નથાભાઈ પટેલે રજુઆતો કરી હતી. જેથી આ બાબતે વિચારણા કરવાની ખાત્રી પણ આપી હતી.

ધાનેરા તાલુકામાં રેલ્વે વિભાગના અનેક પ્રશ્નો ને લઈને લોકો હેરાનગતિ ભોગવી રહ્યા છે. ત્યારે જયપુર વેસ્ટર્ન રેલ્વે ના જનરલ મેનેજરે ટી.પી.સિંઘ પોતાના કાફલા સાથે સ્પે.ટ્રેન મારફત ધાનેરા રેલ્વે સ્ટેશન ની મુલાકાતે સોમવારે સવારે આવી પહાંચતા ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ સહિત અનેક લોકોએ હાજર રહીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયારે ધાનેરા બાબતે જનરલ મેનેજરે પુછતા ધારાસભ્ય નથાભાઈ પટેલે જણાવેલ કે ધાનેરામાં મુખ્ય પ્રશ્ન હોય તો તે રેલ્વે પુલ છે અને તે પુલ જલ્દી બને તે જરુરી છે. તેમજ ધાનેરા ના રેલ્વે ની સરહદે આવેલ ખેતરો ના ખેડુતો ને આવવા જવાના રસ્તા બંધ કરાવી દેવાયા છે. તે રસ્તાઓ ખુલ્લા કરવા તેમજ સક્ય હોય તો ખેતરોની સરહદે રેલ્વે દ્વારા રસ્તો બનાવવામાં આવે તો ખેડુતોને રેલ્વે દ્વારા કરવામાં આવતી કનડગત દુર થાય વગેરે રજુઆતો કરવામાં આવતો જનરલ મેનેજરે પણ આ બાબતે ઘટતુ કરવાની ખાતી આપી હતી. જ્યારે ધાનનેરા લાયન્સ કલબના પ્રમુખ અને તેમની ટીમ દ્વારા પણ રેલ્વે ના પ્રશ્નો ની રજુઆત કરી હતી.

ધાનેરા-ફતેપુરા રસ્તામાં ફાટક નં. ૧૩૬ ઉપર પુલ બનાવવા માંગ કરાઇ

ધાનેરા થી ફતેપુરા જવાના રસ્તે આવતી ફાટક નં. ૧૩૬ ઉપરથી રોજના મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. જે હાલમાં ખુલ્લી ફાટક છે. પરંતુ રેલ્વે વિભાગ દ્વારા આવતા સમયમાં આ ફાટકની જગ્યા ઉપર અંડરગ્રાઉંડ રસ્તો બનાવવાનુ પ્રયોજન હોવાથી નગરપાલિકાના પૂર્વપ્રમુખ બળવંતભાઈ બારોટ તેમજ મોટી સંખ્યામાં ખેડુતો અને અન્ય નાગરીકો હાજર રહીને આ અંડરગ્રાઉન્ડની જગ્યાએ પુલ બનાવવામાં આવે જો નાળુ બનાવ્યુ તો નદીનુ પાણી ધાનેરામાં આવવાની પુરી સક્યતાઓ છે. તેમજ અગાઉ ની ફાટક નં ૧૩૪ અને ૧૩૫ જે બંધ કરી દેવામાં આવી છે તે સત્વરે ખુલ્લી કરવામાં આવે તેવી રજુઆતો કરાઈ હતી.

વરનોડા ખાતે બંધ કરેલ રસ્તા ખોલવા ખાસ રજુઆત

ડીસા તાલુકાના વરનોડા ગામે રેલ્વે વિભાગ દ્વારા જે રસ્તાઓ બંધ કરી દેવાયા છે જેના કારણે લોકોને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે તે બાબતે ધારસભ્ય નથાભાઈ પટેલે ખાસ રજુઆત કરી હતી અને જ્યાં જ્યાં જુની ફાટકો બંધ કતેલ છે તેવી ફાટકો ચાલુ કરાવવા માટે લેખીત રજુઆત પણ કરી હતી. આ રજુઆતો ને લઈને જયપુર વેસ્ટર્ન રેલ્વે ના જનરલ મેનેજરે ટી.પી.સિંઘ એ જણાવેલ કે રેલ્વે વિભાગ દ્વારા જે પણ સમસ્યાનુ સમાધાન થતુ હસે તે ચોક્કસ કરવામાં આવશે. રેલ્વે પણ સદાય લોકોની સેવામાં છે અને રહેશે.

પાલનપુરના અંબિકાનગરમાં બે બંધ મકાનોને તસ્કરાએ નિશાન બનાવ્યા

એક મકાનમાં ફોગટ ફેરો : બીજા મકાનમાં સોના - ચાંદીના દાગીના સહિત રોકડ રકમની ચોરી

પાલનપુર

પાલનપુર શહેરના અંબિકાનગર સોસાયટીમાં બે બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો ત્રાટક્યા હતા. જેઓ મકાનમાં પડેલ સોના ચાંદા દાગીના સહીત રોકડ રકમની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. પાલનપુર શહેરના ગોબરીરોડ પર આવેલી અંબિકા નગર સોસાયટીમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં એક મકાનમાં તો તસ્કરોને કઈ હાથ ન લાગતા ફેરો ફોગટ ગયો હતો. જયારે બીજા મકાનમાં પડેલ સોના ચાંદીના દાગીના સહીત રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.

આ અંગેની જાણ મકાન માલીકને થતા પૂર્વ પોલીસ મથકે દોડી આવ્યા હતા. ત્યારે પોલીસ ચોરી થયેલી જગ્યાની તપાસ કરી ડોગ સ્કોડ અને એફ.એસ.એલ.ની ટીમની મદદથી તપાસ હાથ ધરી હતી.

રેલ્વે સત્તાવાળાઓ દ્વારા

ધાનેરા રેલવે ફાટક અંડર ગ્રાઉન્ડ બનાવવાની તજવીજ પ્રત્યે ઉગ્ર વિરોધ

એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

ધાનેરા શહેર પૂર્વ તરફ રેલવે ફાટક નંબર ૧૩૬ અંડર ગ્રાઉન્ડ બનાવવાની રેલવે સત્તાવાળાઓની હિલચાલ પ્રત્યે ધાનેરા શહેરમાં ઉગ્ર વિરોધ ઉઠવા પામેલ છે જો આ સ્થળે અંડરબ્રીજ બનાવવામાં આવે તો ચોમાસામાં ભારે વરસાદથી રેલ નદીમાં પૂર આવે તો આ વિસ્તારમાં મોટી તબાહી સર્જાવાનો ભય છે. ઉત્તર, દક્ષિણ રેલ્વે જનરલ મેનેજર આ વિસ્તારમાં નિરીક્ષણ કરવા આવતા ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ એચ.પટેલ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ બળવત રાવ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહી અહીં અંડર ગ્રાઉન્ડ બ્રીજ ‘નહિ બનાવવા’ આવેદનપત્ર આપવામાં આવેલ તેમજ આવેદનપત્રમાં જણાવવા માં આવેલ કે રેલ્વે પૂર્વ તરફ રહેતા ખેડૂતો અને મજદૂર લોકોને આવવા-જવા માટે તેમજ તેમના વાહનો લઈ જવા માટે

અનુસંધાન પાના નં.૬

પાલનપુરના વેપારીને માર મારી લૂંટી લેવાયો

(સંજય જોષી)

પાલનપુર

પાલનપુરમાં આવેલ વાલ્મિકીપુરા વિસ્તારમાં સ્વામી લીલાશા કુટીયા પર આવતા વેપારીને માર મારી લૂંટી લેવાયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરમાં ગતરોજ વાલ્મીકીપુરા વિસ્તારમાં આવેલ સ્વામી લીલાશા કુટિયામા દર્શન કરવા આવેલા ૩૩ વર્ષીય વેપારી ભરતકુમાર શંકરભાઈ રામચંદાણી પર લૂંટફાટના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હતો. ૧૦ જેટલા ઈસમો દ્વારા વેપારીને ઢોરમાર મારીને દોઢ તોલાની સોનાની ચેન, સોનાની વીંટી અને ૩૫૦૦ રૂપિયાની રોકડ રકમની લૂંટ કરાઈ હતી. પાલનપુર સિંધી સમાજના પ્રમુખ તેમજ સિંધી સમાજના અગ્રણી ઓ જણાવ્યું હતું કે, જો આરોપી ઓને તત્કાલ પકડવામાં નહી આવે તો સિંધી સમાજ ઉગ્ર આંદોલન કરશે

મલાણાના વિવાદિત રિસોર્ટ સામે ગ્રામજનોએ વિરોધ કર્યો

(સંજય જોષી)

ઢોલ વગાડી ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શિત કર્યો

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામના લોકો આજે વિવાદિત રિસોર્ટના રસ્તાને મામલે રોડ પર ઉતરી આવ્યા હતા. ઢોલ સાથે ગ્રામજનોએ ડીસા -ચિત્રાસણી રોડ પર ચક્કાજામ કર્યો હતો. ગૌચરમાં બની રહેલા આ રસ્તાને લઈ છેલ્લા છ માસ થી વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે ગ્રામજનોએ ચક્કાજામ કરતા અફરાતફરી મચી ગઈ હતી.

મલાણા ગામમાં બની રહેલા રિસોર્ટમાં રિસોર્ટના માલિકો દ્વારા ગૌચરનો રસ્તો ઉપયોગમાં લેવાતા ગામ લોકોએ ડીસા-ચિત્રાસણી રોડ પર ચક્કાજામ કર્યો હતો. અનેક વખત તંત્રને રજુઆત કરવા છતાં કોઈ પરિણામ ન આવતા રોષે ભરાયેલા ગામ લોકોએ આજે મલાણા ગામમાં થી રેલી સ્વરૂપે ગૌચરની જગ્યા પર પહોંચી અને ચક્કાજામ કર્યો હતો. જોકે, આ ઘટનાને પગલે મામલતદાર અને પોલીસ અધિકારીઓ સહિતની ટિમો ગ્રામજનોને સમજાવવાના પ્રયાસમા લાગી હતી.

રિસોર્ટમાં રાજકારણીઓની ભાગીદારી હોવાનો ગામ લોકોએ આક્ષેપ કર્યો હતો. અને રિસોર્ટ માલિકો રાજ્યના ડે.સી.એમ. નીતિન પટેલના

અનુસંધાન પાના નં.૬

ડીસામાં કોંગ્રેસ નિરીક્ષકો જિ.પં.અને તા.પં.ચૂંટણીના ઈચ્છુક ઉમેદવારોને સાંભળશે

ડીસા

ડીસામાં હવાઈ પિલ્લર વિશ્રામ ગૃહ ખાતે આવતીકાલે તા.૧૭/૧/૨૦૧૮ ને બુધવારના રોજ બપોરે ૧૨ કલાકે આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કોંગ્રેસમાંથી ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોને કોંગ્રેસના નિરીક્ષકો તથા આગેવાનો ઉપસ્થિત રહી સાંભળશે જે પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ તેમજ કોંગ્રેસના પ્રદેશ નિરીક્ષક વનરાજસિંહ રાઠોડ સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહી તમામને સાંભળી નિર્ણય કરશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ. કોંગ્રેસના તમામ કાર્યકરોને ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોરે અનુરોધ કર્યો છે.

ધાનેરામાં બાઇકચોરી ગેંગનો એક સાગરિત વાહન સાથે જબ્બે કરાયો

(એન.કે.મોદી)

ચાર દિવસમાં પાલનપુર થી ચાર મોટર સાયકલની ચોરી કરી હોવાને કબુલાત કરી

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા પોલિસ નેનાવા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગમાં હતી ત્યારે ગુજરાતથી રાજસ્થાન તરફ જતા તમામ વાહનોના ચેકિંગમાં એક બાઈક સવારને ઉભો રખાવી બાઈકના કાગંઓ માંગતા ગલ્લા તલ્લા કરતા તેની આકરી પુછ્પરછ કરતા તે બાઈક ચોર હોવાનુ જાણવા મળતા અને વધુ તપાસમાં તેણે પાલનપુરથી ચાર બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરી હતી. બનાસકાંઠા જીલ્લામાં મોટર સાઈકલોની

અનુસંધાન પાના નં.૬

આ ઇસમ આંતરરાષ્ટ્રીય બાઇક ચોરી ગેંગનો ઇસમ છે

ધાનેરાના પોલિસ ઈસ્પેક્ટર આર.કે.પાઠકે જણાવેલ કે આ જે ઈસમ ઝડપાયો છે તે આંતરાષ્ટ્રીય બાઈક ચોરીના ગુના આચરતી ગેંગનો ઈસમ છે. તેણે ૪ બાઈકોની ચોરી કર્યાની કબુલાત કરી છે. અને બીજા પણ ચોરી ના ગુના ની કબુલાત કરે તેમ છે. તેમજ આ ગેંગમાં કેટલા લોકો સંડોવાયેલા તે બાબતની પણ અમાંએ તપાસ હાથ ધરી છે. લોકોએ પણ જાગ્રુત રહેવાની જરૂર છે. તમારા વિસ્તારમાં અજાણ્યા લોકો આવે તો તેમને અટકાવો અને પોલિસને જાણ કરો જેથી આવા ગુનાઓનો ઉકેલ આવી શકે.

ધાનેરામાં રેલ્વેની આડોડાઈ, મનસ્વી રીતે જાહેર માર્ગ બંધ કરવાની કામગીરી શરૂ કરી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા શહેર બસ સ્ટેન્ડથી માર્કેટ યાર્ડ થઈને રેલ્વે સ્ટેશન જતા જાહેર માર્ગ ઉપર રેલ્વે સત્તાવાળાઓ દ્વારા બાઉન્ડ્રીના નામે દિવાર ચણાવી રસ્તો બંધ કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જયારે નજીકમાં આવેલ રેલ્વે ગરનાળા નીચેથી જતો માર્ગ બંધ છે તેને દુરસ્ત કરવામાં આવતો નથી, વિગત એવી રીતે છે કે ધાનેરામાં ૧૯૫૬ માં મીટરગેજ રેલ્વે લાઈન નંખાઈ તે અગાઉથી ધાનેરા ગામમાં થી ગ્રામ્ય વિસ્તાર અને ખેતરો તરફ જતાં આ જાહેર માર્ગ હતો આ માર્ગ પાસે રેલ્વે સ્ટેશન અસ્તિત્વમાં આવતા રસ્તો બંધ કરાયો હતો પપરંતુ રેલ્વે સ્ટેશન જવા માટે આ જાહેર માર્ગ યથાવત રહ્યો હતો. અને નજીકમાં રેલ્વે ટ્રેક નીચે એક ઘરનાળુ મૂકવામાં આવેલો જેથી ઢોરઢાંખર બળદ ગાડું અને પશુઓ તથા નાના વાહનો ત્યાંથી અવર-જવર કરતા હતા, ચોમાસામાં વધુ

અનુસંધાન પાના નં.૬

પાલનપુર એસ.ટી.બસ સ્ટેશનમાં યુવકે જાતે જ બ્લેડના ઘા મારતા ચકચાર

(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર એસ.ટી. બસસ્ટેન્ડમાં ગતરોજ એક યુવકે અગમ્ય કારણોસર પોતાની જાતે જ ગળા અને હાથના ભાગે બ્લેડથી ઘા માર્યા હતા. જેને ગંભીર હાલતમાં સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ૩૦ વર્ષીય હરેશભાઈ વશ્રામભાઈ પ્રજાપતિ એ સોમવારે કોઈ અગમ્ય કારણોસર એસ.ટી. બસ સ્ટેશનમાં જઈ પોતાની જાતે જ હાથ અને ગળાના ભાગે બ્લેડથી ઘા માર્યા હતા. જે લોહી-લુહાણ બની જતા લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. જેને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

ખરોડીયા ગામની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ : હજારો લીટર પાણીનો બગાડ

(સંજય જોષી)

પાલનપુર

વડગામ નજીક આવેલા ખરોડીયા ગામની પાણીની પાઇપ લાઈન મા ભંગાણ ને કારણે હજારો લીટર પાણી વેડફાયું હતું.છેલ્લા આઠ દિવસથી પાઈપ લીકેજ હોવા છતાં તસ્દી ન લેનાર તંત્ર આજે મીડિયાના અહેવાલને પગલે દોડતું થયું હતું.

ખરોડીયા નજીક થી પસાર થતી ધરોઈની મેઈન પાઇપ લાઈનમા ભંગાણ થતા હજારો લીટર પાણી વેડફાયુ હતું. અને ખેડૂતોના ખેતરો મા પાણી ઘુસી જવાની દહેશત ઉભી થઇ હતી.

જોકે એક અઠવાડિયા અગાઉ આ પાઈપ લાઈન લીકેજ થતા ગ્રામજનોએ તંત્ર ને જાણ કરી હતી. પરંતુ પાણી વેડફાવવા જેવા અગત્યના પ્રશ્નને લઈ તંત્રએ આંખ આડા કાન કર્યા હતા. દરમિયાન, ગઈકાલે રાત્રે આ પાઈપ લાઈન મા મોટું ભંગાણ થતા હજારો

અનુસંધાન પાના નં.૬

વડગામ પોલીસની કસ્ટડીમાં રહેલ કેદીનું સારવાર દરમિયાન મોત

(પ્રતિ.) વડગામ

બનાસકાંઠાના વડગામ તાલુકા પોલીસની કસ્ટડીમાં રહેલા કેદીનું સારવાર દરમ્યાન મોત થતા મૃતકના મૃતદેહને પેનલ પી એમ માટે અમદાવાદ લઈ જવાયો હતો ચોરી કરવા ગયેલા આ કેદીને અગાઉ મોરિયા ગ્રામજનો દ્વારા માર મરાયો હતો.

વડગામ તાલુકા ના મોરિયા ગામે બે દિવસ અગાઉ રાત્રે લૂંટ અને ચોરીના ઈરાદે આવેલા છ ઈસમોમાંથી એક ગામ લોકોના હાથે ઝડપાઇ ગયો હતો મણિયારા શંકર નામના ઈસમની ધોલાઈ કર્યા બાદ તેને પોલીસને હવાલે કરાયો હતો. જો કે ગઈકાલે પોલીસ કસ્ટડી મા રહેલા આ આરોપીએ દુખાવા ની ફરિયાદ કરતા પોલીસ સારવાર અર્થે વડગામ રેફરલ મા લઈ ગઈ હતી. જ્યાં સારવાર દરમ્યાન આ કેદીનું મોત થતા પોલીસે પેનલ પી.એમ. દ્વારા અમદાવાદ સિવિલ ખાતે લઈ જઈ પી એમ ની તજવીજ હાથ ધરી છે. જ્યારે મોરિયા ગામના ટોળા પર પોલીસે ૩૦૨નો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હોવાનું ડી.વાય.એસ.પી. એ.આર. જનકાન્તએ જણાવ્યું હતું.

ડીસાના ટી.સી.ડી.મેદાન નજીકથી જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

(ભરત સુંદેશા)

પોલીસે રૂા.૧૦૫૮૦નો મુદ્દમાલ જપ્ત કર્યો

ડીસા

ડીસા કોલેજ રોડ પર ટીસીડી ક્રિકેટ મેદાન પાસે ઉત્તરાયણના દિવસે જાહેરમાં જુગાર રમતા પાંચ જુગારીયાઓને દક્ષિણ પોલીસે રેડ કરી રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે કુલ રૂ. ૧૦,૫૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડીસાના ટી.સી.ડી. ફાર્મ મેદાન પાસે આવેલ પાણીની ટાંકી પાસે ઉત્તરાયણના દિવસે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ડીસા દક્ષિણ પોલીસને મળી હતી. જેથી દક્ષિણ પી.આઈ. આર.

અનુસંધાન પાના નં.૬

જુગાર રમતા ઝડપાયેલા શખ્સો

લક્ષ્મીનારાયણ શંકરલાલ રાઠોડ,
રામકેશભાઈ શ્રીરૂપસિંહ કાછી,
પ્રેમનારાયણ રમેશચંદ્ર ખટીક,
કલ્લુખાન સલામતખાન મનસુરી,
વિશાલ વિનોદભાઈ ખટીક

નેસડા જુના જિલ્લા પંચાયતની બેઠક પર

કોંગ્રેસના ઉમેદવાર તરીકે વડાવળના દશરથભાઈ દેસાઈની પ્રબળ દાવેદારી

પ્રતિનિધિ વડાવળ

આગામી મહિનામાં યોજાનાર જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણી ને લઈ તૈયારીઓ થઈ રહી છે. જિલ્લા તાલુકા પંચાયતની બેઠકો પર યોગ્ય ઉમેદવાર મુકવા બંને પક્ષો દ્વારા કવાયત ચાલી રહી છે. આ વર્ષે જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે થનાર છે. જેથી પ્રાપ્ત ટર્મમાં રહેલા અનેક ગામડાઓને નવી સીટોમાં ફેરફાર થયો છે. જેને લઈ ગતટર્મમાં ચૂંટાયેલા અનેક સદસ્યો નવા સિમાકન પ્રમાણે થનાર ચૂંટણીને લઈ ઉમેદવારી કરવાનું ટાળી રહ્યા છે. જેથી આ વખતે જિલ્લા તાલુકા પંચાયતની બેઠકો પર અનેક નવા ચહેરાઓ ઉમેદવારી કરવા આગળ આવી રહ્યા છે. ત્યારે નેસડા જુના જિલ્લા પંચાયતની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે વડાવળ ગામના યુવા, ઉત્સાહી દશરથભાઈ ગમાનભાઈ દેસાઈએ પ્રબળ દાવેદારી કરી છે. શિક્ષિત કુટુંબ અને વેપારી વર્ગમાંથી આવતા દશરથભાઈ દેસાઈ બે કોલ્ડ સ્ટોરેજનું સંચાલન કરી રહ્યા છે. આ ઉપરાંત સામાજીક અને સેવાકીય પ્રવૃતિમાં પણ હંમેશા અગ્રેસર રહે છે ડીસા અને વડાવળ ખાતે યોજાતા ગણપતિ મહોત્સવમાં તેમની ભુમિકા મહત્વની રહે છે. તેથી દાતા તરીકે તેમનું નામ પ્રથમ લેવાય છે. વડાવળ પ્રાથમિક શાળામાં પણ એસ.એમ.સી.ના સભ્ય રહી ખુબ સારી કામગીરી કરી

અનુસંધાન પાના નં.૬